# Islam & Modern Inventions

## ઈસ્લામ અને આધુનિક શોધો

★ અરબી લેખક ★

અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

★ ઉર્દૂ અનુવાદક ★

અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં
બરકાતી મારહરવી (પાક.)

★ ગુજરાતી અનુવાદક ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

★ પ્રકાશક ★

Anjumane Raza-E-Mustafa-Dayadara
C/o. Faizane Raza Manzil
At & Po. : Dayadara, Pin : 392020
Di. : Bharuch (Guj.) India
PH. (02642) 282792, 282911
GRWB/059/BHARUCH/02

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા
GRWB/059/Bharuch/02
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦.
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.
મો. ૯૮૨૪૪૮૬૪૪૩

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૧૧૪ | આવૃત્તિ–૧ | પ્રત : ૪૦૦૦ |
| ૧૧–રબીઉલ આખર | હિ.સ. ૧૪૨૫ | મે–૨૦૦૪ |

કિંમત : રૂા. ૨૫/–

નૂરાની આર્ટ, દયાદરા, ફોન. : (૦૨૬૪૨)
૨૮૨૭૯૨ મો. ૯૮૨૪૪૮૬૪૪૩



★ અનુક્રમણિકા ★


| | |
|---|---|
| પ્રારંભિક વાત (લેખકના બે બોલ) | 005 |
| લેખક વિશે બે વાતો | 008 |
| ધાર્મિક તથા અખ્લાકી ખબરો | 015 |
| તા'લીમી તથા તદરીસી | 016 |
| સંસ્કારિક તથા સામાજિક | 016 |
| સાયન્ટિફિક તથા ટેકનિકલ | 016 |
| વ્યાપારિક તથા આર્થિક | 017 |
| રાજનૈતિક તથા રાષ્ટ્રિય | 017 |
| ડોક્ટરી તથા ઈલાજને લગતી | 018 |
| નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગયબનો ઈલ્મ | 021 |
| કિતાબ લખવાનો સબબ | 024 |
| સમયની શોધો મુજબ સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નાં કથનો | 025 |
| રેલ્વે ટ્રેન, ટ્રામ અને એ પ્રકારની અન્ય ચીજો | 028 |
| એરોપ્લેન અને તેના વિવિધ પ્રકારોનું વર્ણન | 039 |
| જંગી બોમ્બર વિમાનો | 041 |
| બોમ્બવર્ષા | 042 |
| વિસ્ફોટક સુરંગો | 043 |
| એટમ બોમ્બ તથા હાઈડ્રોજન બોમ્બ | 044 |
| ટેલીફોન, ટેલીગ્રાફ, ટેલીવિઝન અને પ્રેસ | 045 |
| સબમરીન તથા મિસાઈલ | 049 |
| ફોટોગ્રાફી અને ટેપ રેકોર્ડર | 049 |
| સરકસ કે જેમાં સિંહ, હાથી વગેરેથી ખેલ થાય છે | 052 |
| તે કૂતરા જે ગુનેહગારને પકડવામાં વપરાય છે | 052 |
| પક્ષીઘર | 053 |
| પેટ્રોલ અને ગેસ | 054 |
| પહાડ તોડીને સડકોની બાંધણી | 059 |
| વીજળી અને તેની રોશની | 061 |
| કૃત્રિમ વરસાદ | 062 |
| ટ્રેકટર તથા ખેતિનાં સાધનો | 067 |
| કેમેરા તથા ફોટોગ્રાફી | 067 |
| મસ્જિદોને તોડીને સડકો વિસ્તારવી | 068 |
| દૂરબીન | 069 |
| ફાઉન્ટન પેન | 072 |
| અર્વાચીન બેંક કારોબાર | 073 |
| ઊંચી આલીશાન ઈમારતો | 075 |
| અસાધ્યા રોગો | 076 |
| લક્વો, મસા તથા હાર્ટ ફેઈલ | 078 |
| નાફર્માની તથા ગુનાહમાં સ્ત્રીઓની અધિક્તા | 079 |
| કારોબારી સંસ્થાઓમાં પુરૂષો સાથે સ્ત્રીઓનો વેપાર | 080 |
| પોલીસ | 081 |
| હાકિમોની અધિક્તા | 082 |
| અમામા છોડીને ઉઘાડા માથે અથવા તુર્કી ટોપીનો રિવાજ | 082 |
| બિભત્સતા તથા બદ્કારી | 083 |
| સ્કાઉટ અને પેન્ટ | 085 |
| દાઢી મૂંડાવવું | 086 |
| દરેક મામલામાં અંગ્રેજોનું અનુકરણ ! | 086 |
| અરબી જોડાઓનો ત્યાગ કરવો | 088 |
| યૂરોપની ભાષાઓ અને અરબની ભાષાઓની વિવિધતા | 089 |
| સ્કૂલ અને કોલેજોની અધિક્તા | 090 |
| અંગ્રેજી બાલ | 093 |
| કત્લે આમ | 095 |
| હડતાલો અને વિરોધ પ્રદર્શનો | 098 |
| ડાર્વિનવાદનો રદિયો | 099 |
| દજ્જાલના ઉલ્લેખથી ગફલત | 099 |
| ધરતીકંપોની અધિક્તા | 100 |
| મુસ્તશ્કેરીન (યૂરોપી ભાષાશાસ્ત્રી અંગ્રેજો)ની ઈસ્લામ દોસ્તી ! | 100 |
| અખ્લાકમાં બગાડ અને ઈમાનમાં કમજોરી | 103 |
| ઈસ્લામ વિરૂધ્ધ પોલીસ કાર્યવાહી | 104 |
| સાચા મિત્રોની ઉણપ | 107 |
| દુઆનું કબૂલ ન થવું | 108 |
| નવી સંસ્કૃતિ | 109 |
| સમયના આલિમોનો ફસાદ (વિખવાદ) | 109 |
| કુર્આન તથા સુન્નતની વિરૂધ્ધ ફૈંસલા | 110 |
| નેઅમતોનો ઉલ્લેખ | 112 |
| અંતમાં થોડોક વધારો | 112 |
| ટાઈપ રાઈટર, ટેલી પ્રિન્ટર અને બોલ પેન | 112 |
| એરકન્ડિશન રેલગાડી તથા બસો | 114 |
| વિગનો ઉપયોગ | 114 |
| ડોલ્ફિન પાછલી | 115 |
| સૂર્ય શક્તિ | 115 |
| આકાશ સાથે વાતો કરતી બિલ્ડિંગો | 115 |

بسم اللہ الرحمن الرحیم

# ★ અનુવાદકના બે બોલ..... ★

**ઈસ્લામ કી ફિતરતમેં કુદરતને લચક દી હૈ**
**જિત્ના હી દબાઓગે ઉત્ના હી યે ઉભરેગા**

ઈસ્લામના વિરોધીઓ ઈસ્લામ વિરૂધ્ધ જાત જાતનો ગલત પ્રચાર કરીને ક્યારેક ઈસ્લામને આતંકવાદ સાથે સાંકળવા મથે છે તો ક્યારેક મુસલમાનોને રૂઢીચુસ્ત કહીને તેમના પ્રતિ તિરસ્કાર ઉભો કરવા પ્રયત્નો કરે છે પણ તેમ છતાંય ઈસ્લામની ખૂબીઓ દિન પ્રતિ દિન આપોઆપ પ્રગટ થતી રહે છે અને ન્યાયપ્રિય લોકો તેના પ્રતિ ઝુકતા જઈ રહ્યા છે.

આજે યૂરોપ અમેરિકા જે વિજ્ઞાન ક્ષેત્રે આગળ હોવા પર ગર્વ લે છે તેને એ વિજ્ઞાનના જ્ઞાનની દૌલત ઈસ્લામ અને મુસલમાનો થકી જ મળી છે. એક સમયે યૂરોપ જૂનવાણી અને રૂઢીચુસ્તતાથી ઘેરાયેલું હતું. તેમના જૂના રિવાજોથી જરા પણ હટીને વાત કરનારાઓને અને વૈજ્ઞાનિક શોધખોળ કરનારાઓને કેદ કરીને મારી નાખવામાં આવતા હતા. ગેલેલિયો જેવા મશહૂર વૈજ્ઞાનિકને ચર્ચના ઠેકેદારો થકી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો અને ત્યાં જ તેણે છેલ્લો □ાસ લીધો.

તે જમાનામાં મુસલમાનોએ રોમ તથા ઈરાન તેમજ હિંદુસ્તાનના રિવાજ પામેલ ઈલ્મો તથા વિદ્યાઓ પર વિવેચનાત્મક દષ્ટિ દોડાવી અને નવા ઈલ્મી સિધ્ધાંતો તથા માન્યતાઓની શોધ કરી અને મનોવૈજ્ઞાનિક તથા ફિલોસોફિલ ચર્ચાઓના સ્થાને ઈલ્મી સંશોધન (રીસર્ચ) તથા પ્રયોગો તેમજ પ્રેક્ટિકલો પર વિશેષ ભાર મૂક્યો જેના કારણે માનવ જગતમાં ઈલ્મ તથા રીસર્ચનું એક વાતાવરણ ખડુ થઈ ગયું. ઈતિહાસ સાક્ષી છે કે મુસલમાનોએ વિજ્ઞાનની મહાન સેવાઓ અંજામ આપી. પણ બાદમાં અરબ તથા મુસ્લિમો પોતાની સંશોધનાત્મક તથા વિદ્યામય ગતિ ભૂલી ગયા અને અનુભવો તથા પ્રયોગોને વિસ્તારવાને બદલે અનુસરણ કરવાવાળી તથા રિવાજ મુજબ ચાલતી વિચારધારાના શિકાર બની ગયા જેના કારણે પાછળ





પડી ગયા અને ઈસ્લામ દુશ્મન તાકતોએ મુસ્લિમોની પ્રગતિનું રાઝ સમજી લઈને ઈલ્મ તથા સંશોધને ક્ષેત્રે આગળ વધીને સર્વ મેદાનો સર કરી લીધાં.

સારાંશ કે વિજ્ઞાન તથા તેની શોધો કંઈ ઈસ્લામ વિરૂધ્ધ નથી બલ્કે એની શરૂઆત મુસ્લિમોએ જે કરી હતી. અને જેમ જેમ વિજ્ઞાન પ્રગતિ કરી અવનવી શોધો બહાર પાડી રહ્યું છે તેમ તેમ ઈસ્લામની હક્કાનિયત ક્રમે ક્રમે અધિક સરળ રીતે જાહેર થઈ રહી છે. એ વિષયને લગતી પ્રસ્તુત કિતાબ વાંચકો સમક્ષ રજુ કરતાં અમે ખુશી અનુભવીએ છીએ કે દરેક ઈમાનવાળા દિલમાં આ કિતાબ વાંચવાથી ઈસ્લામની હક્કાનિયતની આશ્ચર્યમય વાતો વાંચીને એક પ્રકારની ખુશી ઉત્પન્ન થશે તેમજ તેના ઈમાનમાં મજબૂતી પેદા થશે અને ગૈર પણ ઈન્સાફની દષ્ટિથી અભ્યાસ કરશે તો કેટલાયે એવા અભ્યાસીઓ ઈમાન લાવી મુસલમાન બની ગયા તેમ તેમને પણ ઈસ્લામ પ્રતિ આકર્ષણ પેદા થશે.

પ્રસ્તૂત કિતાબ દયાદરાથી પ્રગટ થતા માસિક **''બરકાતે ખ્વાજા''**માં હપ્તાવાર પ્રગટ થતી રહી હવે તેને વાંચકોના લાભ ખાતર કિતાબ સ્વરૂપે પ્રગટ કરીએ છીએ. મૌલા તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આ કોશિશને કબૂલ ફર્માવે અને **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના સહાયકોને બેહતરીન બદલાથી નવાઝે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم.

***-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

یا صاحب الجمال و یا سید البشر
من وجہک المنیر لقد نور القمر
لا یمکن الثناء کما کان حقہ
بعد از خدا بزرگ توئی قصہ مختصر

**(અર્થ)** : અય પૈકરે હુસ્ન ! યકીનન ચૌદહ્વીંકા ચાંદ આપ હી કે નૂરી ચેહરેસે તાબાં (ચમકતા) હૈ (પૂરી ઈન્સાનિયત) આપ કે અવસાફ ઔર કમાલાત બયાન કર પાએ ? યે મુમ્કિન હી નહીં ! મુખ્તસર યે હૈ કે ખુદાકે બાદ આપ હી કી ઝાત બુઝુર્ગ વ બરતર હૈ.

# ★ પ્રારંભિક વાત....★

## (લેખકના બે બોલ)

بسم الله الرحمن الرحيم

**نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ**

તે ૧૫–મે ઈ.સ. ૧૯૭૧ ની એ સુનેહરી સવાર હતી જ્યારે હું એક પીરીયડથી પરવારીને કલાસ રૂમથી બહાર નીકળ્યો. જોયું કે દારુલ ઉલૂમ અમજદિયહ્ના અંદરવાળા દરવાજા પર તલબા (વિદ્યાર્થીઓ)ની એક ભીડ લાગેલી છે. કુતૂહલપૂર્વક હું પણ ત્યાં પહોંચી ગયો. જોયું કે એક અફઘાની વેપારી દર્સે નિઝામીના ઘણા પૂરાણા ઝેરોક્ષ કરેલ નુસ્ખા વેચવાના માટે લઈને આવ્યો હતો, અને ઈલ્મે દીનના મતવાલાઓ એ ઢગલામાંથી પોતાની પસંદગીની કિતાબો શોધી રહ્યા હતા. અલ્હમ્દુલિલ્લાહ ! કે લખનારાના વાલિદે માજિદ (પિતા)ના અંગત કુતુબખાનામાં દર્સે નિઝામીની પણ સર્વ કિતાબો મૌજૂદ છે એટલા માટે મારા ધ્યાનનું કેન્દ્ર તે કિતાબો ન બની શકી. અલ્બત્ત ! કિતાબોને ઉથલ પાથલ કરતાં અચાનક મારી નજર એક નામ પર પડી **"અલ્ મુતાબિકતુલ ઈખ્તેરાઆતિલ અસરિય્યહ લિમા અખબર બિહી સૈયદુલ બરિય્યહ્"** નામ વાંચતાં જ કિતાબનો વિષય દિમાગના પર્દાઓ પર જાહેર થઈ ગયો. તરત જ તે કિતાબને લઈ લીધી. એ તે જ કિતાબ હતી જેનો ઉર્દૂ તર્જુમો તથા નિચોડ "ઈસ્લામી ઔર અસ્રી ઈજાદાત" (ઈસ્લામ અને આધુનિક શોધો)ના નામથી મારા માનનીય વાંચકોની સેવામાં રજુ કરવાનું સદ્ભાગ્ય હાંસલ કરી રહ્યો છું.

અરસાથી મારી એ ઈચ્છા રહી કે આધુનિક શોધો પર એવા લખાણોનો અભ્યાસ કરું જેમાં કુર્આન હદીષથી એના પર પ્રકાશ નાખવામાં આવ્યો હોય. અલ્હમ્દુલ્લિાહ ! કે તમન્ના પૂરી થતી જોવા મળી. ઈ.સ. ૧૯૭૧ વિદ્યાર્થીકાળનું અંતિમ વરસ હતું અને અરબી મદ્રસાઓના લેહાઝથી હજી પૂર્ણતામાં ત્રણ વરસની વાર હતી. તે સમય એવો ન હતો કે





દર્સ સિવાય કોઈ બીજી બાજુ ધ્યાન આપવામાં આવી શકે. પરંતુ લેખન તથા સંપાદનના શોખે મને મજબૂર કર્યો કે જણાવેલ કિતાબ પાછળ કાંઈક મહેનત કરું.

એ કિતાબ જે મિસ્રથી છપાયેલ છે, પાકિસ્તાનમાં કદાચ જ ક્યાંક થોડી ઘણી પહોંચી હશે, જેથી અત્યંત શોધખોળ કરવા છતાં તેના અધિક નુસ્ખા મને પ્રાપ્ત ન થઈ શક્યા. જેથી સૌથી પ્રથમ આ કિતાબ મારા વાલિદે માજિદ મુફતીએ આ'ઝમે સિંધ હઝરત મુફતી હઝરત ખલીલખાન બરકાતી مد ظلہ العالی ની ખિદમતમાં લઈને હાજર થયો અને તર્જુમાની ઈચ્છા પ્રદર્શિત કરી. આપે ખુશીભેર ઈજાઝત આપી અને થોડીક સૂચનાઓ કરી. તે જમાનામાં દારુલ ઉલૂમ અમજદિયા કરાચીમાં હઝરત ઉસ્તાદી મુફતી સૈયદ સુજાઅત અલી સાહબ કાદરી દામત બરકાતુહુમ મુદર્રિસ તથા મુફતી હતી. અહકર (લેખક) પર હઝરતની ખાસ નઝરે ઈનાયત હતી. હઝરત મુફતી સાહબની ખિદમતમાં આ કિતાબને ઉર્દૂ તર્જુમામાં તબદીલ કરવાની ખ્વાહિશનો ઉલ્લેખ કર્યો તો આપ ખૂબ જ ખુશ થયા અને તેને બેહદ દાદ આપી.

કિતાબનો તર્જુમો કરવાનું શરૂ કર્યું તો મેહસૂસ થયું કે આ મહાન જિમ્મેદારી છે જેમાં સંપાદનકર્તાના લખાણની રૂહ બાકી રાખવાની છે અને તર્જુમામાં પણ હુસ્ન પેદા કરવાનું છે. તે વખતે ખબર પડી કે કિતાબ સંપાદિત કરવી મુશ્કેલ નથી પણ મુશ્કેલ એ છે કે કોઈ કિતાબને બીજી ભાષામાં ફેરવવામાં આવે. આધુનિક અરબીથી નાવાકેફ એક તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) શસ્ત્રવિહોણો છે, અને આધુનિક ઉર્દૂની એક મહત્વની કિતાબને ઉર્દૂના પોષાકમાં સજાવવાની કોશિશ કરી રહ્યો છે. ખુદા ખૈર કરે ! એ તે ખયાલ હતો જે દિમાગમાં ખટકયો, પણ તે નેઅમત જ શું જે વિના મહેનતે મળી જાય. ખૈર ! શરૂઆત થઈ ચૂકી હતી, પૂર્ણતાની તૌફીકના માટે બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં દુઆ કરી.

આ કિતાબ હુઝૂર પુરનૂર સૈયદુલ અંબિયા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેશનગોઈઓ (આગાહીઓ) અને **ઈલ્મે ગૈબ** પર આધારિત હતી, જેથી પૂરો વિ□ાસ હતો કે તેની પૂર્ણતામાં યકીનન ! ત્યાંથી રહનુમાઈ મળતી રહેશે. જેથી સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ખાસ કરમ રહ્યો અને તર્જુમો સંપૂર્ણ થઈ ગયો. તર્જુમા દરમિયાન ઘણા એવા સ્થાનો આવ્યાં જેનો ભાવાર્થ તુરત

સમજમાં ન આવતો, કેટલાયે શબ્દો એવા આવ્યા કે તેનો તર્જુમો મશહૂર શબ્દકોષમાં ન મળ્યો, નામવર ઈલ્મવાળાઓને મળ્યો પણ કામયાબી ન મળી. અને મોટા ભાગે એવું થયું કે દિમાગમાં તેના અર્થો તથા ભાવાર્થ ખૂદ બ ખૂદ જાહેર થઈ જતા અને બાદમાં અધિક તેહકીક તથા તલાશ પછી આબેહુબ તે જ અર્થો હોતા. યકીનન ! મારા આકાનો કરમ તથા ખાસ એનાયત હતી જે આ હકીર પર દરબારે રિસાલત મઆબ صلی اللہ تعالیٰ علیہ وسلم થી થઈ રહી હતી.

દરમ્યાનમાં એકદમ વ્યસ્તતાને કારણે તર્જુમાનું કામ કેટ કેટલાયે મહીનાઓ સુધી પેન્ડિંગ રહ્યું, એ દરમ્યાન હઝરત મુફ્તી સુજાઅત અલી સાહબ مدظلہ العالی ના ફર્માન પર આ તર્જુમો હપ્તાવાર 'તર્જુમાને એહલે સુન્નત' કરાચી માસિક અંકમાં પ્રસિદ્ધ કરવાનો શરૂ કર્યો જે ઘણો જ લોકપ્રિય બન્યો. સોળ મહીનાઓ સુધી હપ્તાવાર એ માસિક અંકમાં પ્રસિદ્ધ થતો રહ્યો, એ દરમ્યાન ઘણાય લોકોના પત્રોએ મારી હિંમતને આગળ વધારી અને ઈ.સ. ૧૯૭૪ ના શરૂમાં અહકર તર્જુમાના કામથી ફારિગ થઈ ગયો.

મૂળ કિતાબમાં અરબી લેખકે કુર્આની આયતો તથા હદીષોના હેઠળ કેવળ કિતાબનું જ નામ લખ્યું હતું પણ આ લખનારે અધિક લાભદાયી બનાવવા માટે મોટા ભાગના સ્થળોએ કિતાબોના નામની સાથે પેજ નં. તથા ભાગ નં. લખી આપ્યો છે. તે ઉપરાંત અમુક અમુક કિતાબો ઓછી મળવાથી તથા ન મળવાથી તેમનાં પેજ નંબરો લખવાથી રહી ગયા છે. એના અનુસંધાનમાં કરાચીની કેટલીયે લાયબ્રેરીઓથી સંપર્ક કરવામાં આવ્યો પરંતુ સામાન્યતઃ લાયબ્રેરીઓમાં એ કિતાબો હાજર ન હતી. જો માનનીય વાંચકોને એ કિતાબોની ભાળ મળે તો અહકર (લેખક) ને જરૂર જાણ કરે જેથી આગામી આવૃત્તિમાં એનો ઉમરો કરી દેવામાં આવે.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં દુઆ માટે હાથ ઉઠાવું છું કે તે મને અને તમામ ઈસ્લામી ભાઈઓને અમલની તૌફીક અતા કરે. *(આમીન)*

**અહમદમિયાં બરકાતી**

*૬–ડિસેમ્બર, ઈ.સ. ૧૯૭૯*

*(નાઝિમે તા'લીમાત, દારુલ ઉલૂમ અહસને બરકાત, હૈદ્રાબાદ–સિંધ)*





# ★ લેખક વિશે બે વાતો ★

કોઈ કિતાબના તર્જુમાની સાથે મૂળ લેખકનો ઉલ્લેખ ન કરવો સાહિત્યિક જુર્મ પણ થાય છે અને વાંચકોની સાથે જબરદસ્તી પણ થાય છે. પ્રસ્તુત કિતાબ હઝરત અલ્લામા હાફિઝ સૈયદ અહમદ બિન મુહમ્મદ બિન સિદ્દીક ગમારી હુસૈનીની લખેલી છે. ઈલ્મવાળાઓએ તેમને શૈખે જલીલ તથા ઈમામ મુજતહિદનો લકબ આપ્યો છે. આપની કુન્નિયત અબુલ ફૈઝ છે. પોતાના સમયના જબરદસ્ત આલિમ તથા ફાઝિલ છે. અમુક ઉલમાએ તેમને દીનના મુજદ્દિદોમાં ગણ્યા છે.

અલ્લામા શૈખ અહમદ મુહમ્મદ મૂસા અષરી નકશબંદી આ કિતાબના બારામાં આ પ્રમાણે લખે છે :–

"આ કિતાબ અઝીમુશ્શાન ધાર્મિક ગ્રંથ છે આગલાઓના ઈલ્મો અને મુજદ્દિદાના બહષોનો એક રોશન ચિરાગ છે. આ કિતાબને સમજીને પઢવાથી મો'મિનના ઈમાનને નવી જિંદગી મળશે અને લોકોની શંકાઓ ખત્મ થઈ જશે. જે લોકો વર્તમાનકાળની શોધોને ઈસ્લામમાં તલાશ નથી કરી શકતા તેઓ એને વાંચીને ચોંકી ઉઠશે અને એના ખુલાસાઓથી તેમનાં દિલોને ઈત્મિનાન મળશે."

આ કિતાબના મહત્વનો અંદાજો એ વાત પરથી પણ લગાડવામાં આવી શકે છે કે :–

ડૉ. સ્ટર્ડ શિરકા ચિકોસ્લાવાકિયા એ જેઓ પરાગ યુનિવર્સિટીથી ફિલોસોફીમાં ફારિગ થયા છે.

તેમણે એકવાર સંપાદક સાથે કિતાબના વિષય પર ચર્ચા કરી તો ખૂબ જ પ્રભાવિત થયા અને તેમણે સંપાદકને દરખાસ્ત કરી કે તેઓ આ કિતાબને જલ્દી છપાવે અને તેની સાથે મને પરવાનગી આપે કે હું તેનો અંગ્રેજીમાં અનુવાદ પ્રસિદ્ધ કરું. ડૉ. સાહબે પોતાની રાય આપતાં કહ્યું કે જો આ કિતાબ અંગ્રેજીમાં છપાઈ ગઈ તો ઈસ્લામના માટે વિશેષતઃ પશ્ચિમ યૂરોપમાં ઘણા લોકોને ફાયદો થશે.

અફસોસ ! કે કોશિશ તથા અત્યંત તલાશ કરવા છતાં મૂળ લેખકની અધિક હાલતો જાણવા ન મળી શકી.

પ્રસ્તુત કિતાબ ચોથી આવૃત્તિ છે જે હિ.સ. ૧૩૭૮/ઈ.સ. ૧૯૬૮ માં મિસરથી પ્રસિદ્ધ થઈ છે. લેખકે અન્ય કિતાબો પણ લખી છે...(અહીં નામો રજુ કર્યાં નથી, *–ગુજરાતી અનુવાદક*)

દુઆ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હઝરત લેખકની આ ઈલ્મી ખિદમતોથી મુસલમાનોને ફાયદો બખ્શે અને લેખકના દરજ્જાઓમાં વધારો કરે. *(આમીન)*

**–અબૂ હમ્માદ અહમદ બરકાતી**

*(સભ્ય–પાક. સુન્ની રાઈટર–હૈદ્રાબાદ)*

---

## ★ જાઅલ હક્ક ★

**(ઐતિહાસિક કિતાબ)**

**લેખક : હઝરત અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

કુર્આન, હદીષ, ઉલમાનાં કથનો, અકલી દલીલો, વિરોધીઓના વાંધાઓ અને તેના જવાબો સાથે અહલે સુન્નત વ જમાઅત જે સહાબા, તાબઈન, ઔલિયાથી ચાલ્યો આવે તે જ મસ્લકે આ'લા હઝરતની હક્કાનિયતને દર્શાવતી તથા દેવબંદી, ગૈરમુકલ્લિદ વગેરેના બાતિલ અકીદાઓનું ખંડન કરતી કિતાબ જરૂરથી મંગાવો.

વાંચો ! વંચાવો ! વર્તમાનકાળમાં દુનિયાવી તમામ આફતોથી બચાવવા તમે સતત ઔલાદનું રક્ષણ કરો છો તો આખેરતની આફતોથી ઔલાદને બચાવવા આવી કિતાબો તમારા ઘરમાં વસાવો :–

**જાઅલ્ હક્ક ભાગ–૧ (સ્ટોક નથી)**

**જાઅલ્ હક્ક ભાગ–૨ (૧૫/– રૂા.)**

**જાઅલ્ હક્ક ભાગ–૩ (૨૦/– રૂા.)**

**જાઅલ્ હક્ક ભાગ–૪ (૨૦/– રૂા.)**

**જાઅલ્ હક્ક–ભાગ–૫ (છાપકામ ચાલુ છે)**





# ★ પ્રસ્તાવના..... ★

**અઝ : *પ્રો. ડૉક્ટર મુહમ્મદ મસઊદ અહમદ***

પ્રસ્તુત કિતાબ ખૂબ જ આશ્ચર્યમય તથા બોધદાયક છે એને વાંચીને કાંઈક એવું જણાય છે કે જેમ કે આપણે સૃષ્ટિના પટ પર ઈબ્રતના નિશાન છીએ અથવા કિયામતની મંઝિલના માઈલ સ્ટોન છીએ. અફસોસ !

**કિસ લિયે આયે થે હમ ક્યા કર ચલે !**

ફાઝિલ લેખક અબીલ ફૈઝ અહમદ ઈબ્ને મુહમ્મદ સિદીકી ગમારી હસની مد ظلہ العالی સહીહુલ અકીદા સુન્ની મુસલમાન અને દર્દમંદ ઈન્સાન છે. તેમના અકીદાની પુખ્તગી અને દર્દમંદી તથા દિલોસોઝીનો અંદાજો એ હકીકતો પરથી થાય છે જે આ કિતાબમાં ક્યાંક ક્યાંક લખાણ હેઠળ બયાન કરવામાં આવેલ છે. ફાઝિલ મૌસૂફ સાહિબે તસ્નીફ (લેખન કાયકર્તા) બુઝુર્ગ છે તેમની કિતાબોની સંખ્યા દસથી વિશેષ છે.

પ્રસ્તુત કિતાબનો વિષય ગયબી ચીજોના બારામાં સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાહેરાત તથા આગાહીઓ પર છે. આ લખાણનો સંબંધ જાહેરથી નહીં બાતિન (છુપી ચીજો)થી છે, બુદ્ધિ સાથે નહીં ઈશ્ક સાથે છે, તે ઈશ્ક કે સરાપા હુઝૂર છે, તે ઈશ્ક કે ''છુપો જવાબ'' છે, તે ઈશ્ક કે ''સરાપા યકીન'' છે, તે ઈશ્ક કે ''ઉમ્મુલ કિતાબ'' છે.

ઈન્સાન જેટલો ઉચ્ચ હોય છે નજર પણ તેટલી જ વિશાળ થતી ચાલી જાય. અવકાશમાં સફર કરનારાઓ પર એ રાઝ ખૂલી ચૂક્યું છે. ચાંદ પર લગામ ફેંકનારાઓએ આ દુનિયાને એક તબાકના રૂપમાં અનુભવી. અને મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના એક સાચા આશિકે (ગૌષે આ'ઝમ رضی اللہ عنہ એ) સદીઓ પહેલાં સૃષ્ટિને રાઈના દાણાને જેમ જોઈ.

**નઝર તો ઈલા બિલાદિલ્લાહિ જમ્આ**

**ક ખર્દલતિન્ અલા હુક્મિ ઈત્તેસાલી** *(કસીદએ ગૌષિયા)*

તો પછી એની ઉચ્ચતાઓની શી સ્થિતિ હશે જેને ખૂદ નજર આપવાવાળો બુલંદ કરે. و رفعنا لك ذكرك "અને અમે તમારા માટે તમારું ઝિક્ર બુલંદ કરી આપ્યું." *(ઈન્શિરાહ–૪)* ઝિક્ર ત્યારે જ બુલંદ થાય છે જ્યારે ઈન્સાન ખૂદ બુલંદ હોય છે. અને જ્યારે બુલંદ ન હોય બલ્કે ખૂદ બુલંદ કરવામાં આવે તો પછી જમીન તથા આસ્માનની દરેક ચીજ અને દરેક બનાવ તેની નિગાહોની સમક્ષ નગીનાની જેમ કેમ ચમકવા ન લાગે ? જેવી રીતે ઘરોમાં બેસવાવાળા અવકાશમાં ઉડતા મુસાફરોને જોવામાં નથી આવી શકતા, અને જેવી રીતે જાહિલ તથા અભણ પઢેલા ભણેલા જેવી દ્રષ્ટિ નથી લાવી શકતો. એવી જ રીતે ભણેલા ગણેલા તેમની દ્રષ્ટિ નથી પામી શકતા. જેઓ અલ્લાહના ફયૂઝથી ડાયરેક્ટ ફયૂઝ પામતા રહે છે. પણ અફસોસ ! કે મહરૂમ લોકો ઊલ્ટી સીધી વાતો વડે પોતાની મેહરૂમીનો હાલ છુપાવતા ફરે છે અને એ રીતે પોતાના દિલ તથા દ્રષ્ટિને પણ બેઈજ્જત કરતા રહે છે. જરા વિચારો કે એક સામાન્ય રાજકરણી અને રાજ્ય સત્તાના લીડરની ઈજ્જત તથા સ્થાન એ જ્ઞાન તથા દ્રષ્ટિવાળા હોવાના કારણે હોય છે કે જે તે વિ□ની હાલતો તથા ઈતિહાસની રોશનીમાં પ્રાપ્ત કરે છે અને જેના કારણે તે પોતાના સમયથી ચાલીસ, પચાસ વરસ આગળ જોવા લાગે છે અને મોટા ભાગે એવા દિર્ઘ દ્રષ્ટિવાળાનું કહેલુ સાચુ ઠર્યું છે પરંતુ જ્યારે ઈન્સાને જાહેરી રીતે આલમી હાલતો તથા ઐતિહાસિક બનાવોનો અભ્યાસ ન કર્યો હોય, દૂર દરાઝની સફરો પણ ન કરી હોય, દુનિયાના અમીરો તથા બાદશાહોને પણ ન મળ્યો હોય, ભણેલો ગણેલો પણ ન હોય તો પછી તેને વિ□નો રહબર બનાવીને રજુ કરવામાં આવે અને સાથે એ પણ કહેવામાં આવે કે એ કાંઈ જ નથી જાણતો, તેનામાં જરાય દ્રષ્ટિ શક્તિ નથી, એ લકીરનો ફકીર છે, મઆઝલ્લાહ ! તો બતાવો તેના તરફ કોણ ધ્યાનિત થશે ! અને કેવી રીતે પોતાનો રહબર તથા પેશ્વા સ્વીકારશે ?! હા ! જ્યારે તમે એવું કહેશો કે બેશક ! તેણે વિ□ના ઈતિહાસનો અભ્યાસ નથી કર્યો, એણે દુનિયા નથી જોઈ, પઢેલો ભણેલો ગણેલો પણ નથી, પરંતુ તે એવું કાંઈક બતાવી રહ્યો છે જે કોઈ બીજાએ નથી જોયું ! અને તેવું કાંઈક બતાવી રહ્યો છે જે બીજાએ નથી દેખાડયું. તેવું કાઈક સંભળાવી રહ્યો છે જે કોઈ બીજાએ નથી સંભળાવ્યું. બેશક ! હવે લોકો તેના પ્રતિ દોડી જશે, તેને પોતાનો પેશ્વા તથા રહબર માની લેશે.





તો આવો જુઓ ખાલિકે આલમ એ રહબરે આલમના બારામાં શું કહી રહ્યો છે ? و يعلم ما لم تكونوا تعلمون *(સૂરએ બકરહ્, આ. ૧૫૧)* "(હે દુનિયાવાળાઓ ! અમારો મહબૂબ) તમને તે કાંઈ બતાવી રહ્યો છે કે તેનાથી પહેલાં તમને એની ખબર પણ ન હતી." એક ઠેકાણે આ પ્રમાણે ફર્માવે છે : علم بالقلم علم الانسان ما لم علم *(અલક–૪, ૫)* "કલમથી શીખવાડયું, ઈન્સાનને શીખવાડયું, તે કાંઈ શીખવાડયું કે ન જાણતો હતો." હવે જરા ઈકબાલના આ શેઅરને વાંચો જે નવી તાજગી લઈને આવી રહ્યો છે :–

***લોહ ભી તૂ કલમ ભી તૂ તેરા વજૂદ અલ્ કિતાબ***
***ગુંબદે આબગીના રંગ તેરે મુહીતમેં હબાબ***

કેટલીક ગયબી વાતોની ખબર આપવામાં આવે છે અને કેવી શાનની સાથે !

ما كان الله ليطلعكم على الغيب و لكن الله يجتبى من رسله من يشاء

**"અને અલ્લાહની શાન એ નથી કે સામાન્ય લોકો તમને ગયબનો ઈલ્મ આપી દે, હા ! અલ્લાહ પસંદ કરી લે છે પોતાના રસૂલોમાંથી જેને ચાહે !"** *(આલે ઈમરાન–૧૭૯)* અને કેટલીક ગયબની વાતોથી ખૂદ પર્દા રખાવવામાં આવે છે :

عالم الغيب فلا يظهر على غيبه احدا الا من ارتضى من رسول

"ગયબ જાણનારો છે, પોતાનું રહસ્ય કોઈના પર નથી ખોલતો પણ રસૂલોમાંથી જેના પર ચાહે ખોલી દે છે." *(જિન–૨૬)* જરા વિચારો તો ખરા ! જ્યારે તે પર્દો રાખનારો ખૂદ પર્દો ખોલી નાખે તો તે આલમ સોઝ હુસ્નનો શો આલમ થશે ?! અલ્લાહ ! અલ્લાહ ! *(હૂદ–૪૯)* "આ ગયબની ખબરો છે ! (બસ, હે મહબૂબ !) તમોને બતાવીએ છીએ." અલ્લાહુ અકબર ! દામન ભરી આપ્યો, કાસિમ (વહેંચનાર) બનાવી દીધો અને એલાન ફર્માવ્યું, وما هو على الغيب بضنين "એઓ દિલ ખોલીને ગયબની ખબરો બતાવે છે." *(સૂ. તકવીર–૨૪)* દિલ સંકૂચિત નથી, પૂછી લો ! જેને પૂછવું હોય. હા ! બખીલ તે હોય છે જે હોવા છતાં ખર્ચ નથી કરતો. તેને કોણ બખીલ કહે છે જેની પાસે દમડી પણ ન હોય ? આયતનું તેવર બતાવી રહ્યું છે કે આ દા'વતે આમ છે. આપનાર સખી છે, તેના

મુકદસ સર પર ઈલ્મોનો તાજ, **માકાન વમા યકૂન** (ભૂત, વર્તમાન, ભાવિનો ઈલ્મ)નો તાજ રાખી દેવામાં આવ્યો છે. તેને ગની બનાવી દેવામાં આવ્યો છે. જુઓ ! આયત : ووجدك عائلا فاغنی۔ (દુહા–૮) ''તમને હાજતમંદ પામ્યા તો ગની કરી દીધા.'' એક નવા જ અર્થ તથા ભાવાર્થની સાથે પોતાના ચહેરા પરથી ઘુંઘટ હટાવી રહી છે.

પણ તેણે તો કંજૂસી ન કરી પણ મેહરૂમોએ લેવામાં કંજૂસાઈ કરી, પોતાનો દામન ખેંચી લીધો, એક શોર મચાવ્યો અને ઘરતી માથે લીધી કે, ''ગની પાસે તો કાંઈ પણ નથી ! ગની પાસે તો કાંઈ જ નથી !'' દીવાનગીનું ગાંડપણ ત્યાં સુધી પહોંચ્યું કે દામનનો તાર પણ બાકી ન રહ્યો ! લે તો કઈ રીતે લે ? અલ્લાહ ! અલ્લાહ ! મેહરૂમી જ મેહરૂમી છે. અને એ દીવાનગી હજી સુધી નથી ગઈ અને એ મહેરૂમીનો દાગ હજી સુધી નથી ધોયો. પાગલખોરીની હિંમત તો જુઓ કે વિ□કક્ષાએ ફેલાવ્યું કે બુદ્ધિ દંગ છે ! થોડા દિવસો પરની વાત છે. ૪–એપ્રિલ, ૧૯૭૬ ના રોજ ઈસ્લામી આલમી મેળામાં રોયલ અલ્બર્ટ હોલ–લંડનમાં એક ચર્ચાની મજલિસમાં પાકિસ્તાનના એક મશ્હૂર આલિમનો મકાલો (લેખ) વાંચવામાં આવ્યો. જૂઠ લખવામાં મહાન દૈનિક ''જંગ'' (૭–એપ્રિલ, ઈ.સ. ૧૯૭૬) માં છે : સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે એ મકાલામાં કહેવામાં આવ્યું છે કે :–

**''ન તો તેઓ નામાલૂમ ઈલ્મનો દા'વો રાખતા હતા.''**

જ્યારે કુર્આન કહે છે કે અમે ''નામાલૂમ'' ઈલ્મ આપ્યો ! તો પછી જૂઠાડનારા શા માટે જૂઠાડે છે ?! જુઓ ! યાકૂબ علیہ الصلوٰۃ والتسلیم શું ફર્માવે છે : وانی اعلم من الله ما لا تعلمون۔ ''મને અલ્લાહના તરફથી તે સર્વ કાંઈ માલૂમ છે જે તમે નથી જાણતા.'' *(યૂસુફ–૮૬)* અને ખૂદ અલ્લાહ ગવાહી આપી રહ્યો છે અને જે કાંઈ કહેવામાં આવ્યું તેને સમર્થિત કરી રહ્યો છે :–

و انه لذو علم لما علمنه و لکن اکثر الناس لا یعلمون۔

''બેશક ! તે અમારા શીખવાડવાથી ઈલ્મવાળો છે પણ મોટા ભાગના લોકો નથી જાણતા !'' *(યૂસુફ–૮૬)* અલ્લાહુ અકબર ! તે આલિમુલ ગયબ રબ બેખબરોનો હાલ પણ ખૂદ બયાન કરી રહ્યો છે. હા ! આ તે 'નામાલૂમ' ઈલ્મ છે જેને સામે લાવવામાં આવ્યો તો હજારોની આંખો ખુલી ગઈ અને





લાખો દીવાના તથા આશિક થઈ ગયા. અને આ જ તે 'નામાલૂમ' ઈલ્મ છે જેને આજે પણ સામે લાવવામાં આવ્યો તો હજારો લાખો ઈસ્લામથી પાવન થઈ શકે છે. રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સામાન્ય માનવીના રૂપમાં રજુ કરવા પહેલાં એટલુ ખતરનાક ન હતું જેટલું આજે છે. જુઓ તેમના રસૂલ ખૂદ કહી રહ્યા છે :–

ان نحن الا بشر مثلکم و لکن الله یمن علی من یشاء من عباده

*(ઈબ્રાહીમ–૧૧)* ''અમે છીએ તો જાહેર રૂપમાં તમારી જેમ માનવી પણ અલ્લાહ પોતાના બંદાઓમાં જેના પર ચાહે એહસાન ફર્માવે છે.'' તો ભલા ''મહબૂબ'' તથા ''મરદૂદ'' એક કઈ રીતે હોઈ શકે છે ?! અલ્માસ (હિરો) તથા પથ્થર ફિતરતન્ એક હોવા છતાં પણ એક નથી. આ તો અલ્લાહના બુઝુર્ગો છે તો તેમનું તો પૂછવુ જ શું ?! તેમ છતાં પણ તમે એવું કહો છો કે તે સામાન્ય માનવી હતો અને તે 'નામલૂમ' ઈલ્મ ધરાવતો ન હતો ?! તો પછી જે કાંઈ અમે સાંભળી રહ્યા છીએ. તો પછી આ શું છે ? જુઓ ! કેવી શાનની સાથે તથા યકીનપૂર્વક એલાન ફર્માવી રહ્યો છે;

''કિયામત રચાતા પહેલાં તે મહાન બાબતોને જોઈ લેશો જે કદી ન જોઈ અને ન વિચારી.'' *(અલ્ફિતન)*

આટલું જ નહીં બલ્કે ભવિષ્યમાં ઉપસ્થિત થનારી તે મહાન બાબતો એક એક કરીને વર્ણવી રહ્યો છે. તો જરા બતાવો તો ખરા આ વાતોની ખબર આપનારો કઈ દુનિયાથી ખબરો લાવી રહ્યો છે ? અને કઈ દુનિયાની ખબર આપી રહ્યો છે ? એક ખબર નહીં ! અને એક જાતની ખબરો નહીં, જાત જાતની ખબરો ! ધાર્મિક તથા સંસ્કારિક, તાલીમી તથા તદીરસી, સંસ્કૃતિક તથા સામાજિક, સાઈન્સી તથા ટેકનિકી, વ્યાપારિક તથા આર્થિક, ખેતિ વિષયક, રાજકિય તથા રાષ્ટ્રિય, ડૉક્ટરી તથા સારવાર સંબંધી ખબરો જ ખબરો ! આવો, જરા એ ગયબી ખબરનામાનો એક નજરે અભ્યાસ કરો, પછી બતાવો કે આ ખબરો આપનાર ''નામાલૂમ''નો ઈલ્મ ધરાવે છે કે નહીં ?!

قد جاء کم بصا ئر من ربکم فمن ابصر فلنفسه

و من عصی فعلیها و ما انا علیکم بحفیظ۔

"તમારા રબની તરફથી તમારી પાસે આંખો ખોલનાર દલીલો આવી ગઈ, તો જેણે જોયું પોતાના ભલાને માટે અને જે આંધળો થયો પોતાના બુરાને માટે, અને હું તમારા પર નિગેહબાન નથી !" *(અન્આમ–૧૫)*

## ★ ધાર્મિક તથા અખ્લાકી ખબરો ★

**(૧)** મસ્જિદોને રસ્તા બનાવી લેવામાં આવશે. **(૨)** કારીઓની અધિક્તા થશે, હશરાતુલ અર્દની (બેક્ટેરીયાની) જેમ જોવા મળશે. **(૩)** આલિમો તથા ફકીહોની ઉણપ વર્તાશે. **(૪)** બુરા ફકીહો થશે. **(૫)** મુત્તકી મુફતી દુર્લભ થઈ જશે કે જાડો તાજો માજો માણસ શોધતાં શોધતાં દુબળો થઈ જશે તેમ છતાં પણ પામશે નહીં. **(૬)** હજારો લોકો નમાઝ પઢશે પણ એક પણ મુસલમાન હશે નહીં. **(૭)** કુર્આને કરીમને શરમની ચીજ સમજવામાં આવશે. **(૮)** ઈસ્લામનાં કામ એવા લોકો કરશે જે ખૂદ મુસલમાન હશે નહીં. (જેમ કે આપણે જોઈ રહ્યા છીએ કે પશ્ચિમી કૌમો કુર્આન તથા હદીષ, તારીખ તથા સિયર વગેરે પર ખૂબ જ ઉમદા કામ કરી રહેલ છે અને એવા લોકો દીનનું કામ કરી રહ્યા છે જેઓ જાહેરી રીતે બેદીન જણાય છે. ઉપરાંત બદ્અકીદા નામના મુસલમાનો પણ ઈસ્લામના નામે શું નથી કરી રહ્યા ?)

**(૧)** કેવળ જાન પહેચાનવાળા સાથે અલૈક સલૈક થશે. **(૨)** બેહયાઈ, બદ્ઝબાની આમ થઈ જશે. **(૩)** બુરા પડોશીઓ હશે. **(૪)** સગાઈઓ ખત્મ થઈ જશે. **(૫)** સ્ત્રીઓ બાગી બની જશે. **(૬)** નાના માણસોની ખૂબ દેખભાળ થશે અને મોટેરાઓ પ્રતિ ધ્યાન આપવામાં આવશે નહીં. (પ્રગતિશીલ દેશોમાં વૃધ્ધ માબાપોને ઘરોએથી કાઢી મૂકવામાં આવે છે, ગવર્નમેન્ટ તેમની દેખભાળ રાખે છે, તેમની પોતાની ઔલાદ પૂછતી પણ નથી.) **(૭)** ઝિનાકારીથી શરમ રહેશે નહીં. (પ્રગતિશીલ દેશોમાં આ ચીજ આમ છે સૌની સામે, કોઈ હયા નથી.) **(૮)** બદ્માશ લોકો ચાલતી સ્ત્રીની છેડછાડ કરશે, છેડતી કરનાર હસશે તો તેની સાથે તેના સર્વ સાથીઓ હસશે. (મોટા શહેરોમાં આ વબા સામાન્ય છે. જેને આજે આપણે ખૂદ જોઈ રહ્યા છીએ.) **(૯)** સ્ત્રીઓ વડીલો તથા વૃધ્ધોને તતડાવશે. (પૂર્વ તથા પશ્ચિમમાં આ વબા આમ છે.) **(૧૦)** સાચો મિત્ર અને હલાલનો માલ દુર્લભ થઈ જશે.





## ★ તા'લીમી તથા તદરીસી ★

**(૧)** ઈલ્મ આમ થઈ જશે. પુરૂષ, સ્ત્રી, બાળક, ગુલામ, આઝાદ સૌ પઢશે. (ભણશે.)

## ★ સંસ્કારિક તથા સામાજિક ★

**(૧)** સ્ત્રીઓ કપડાં પહેરલ હોવા છતાં નગ્ન હશે. **(૨)** માથાઓ પર ખાંધ જેવી ચીજ (એટલે હેટ અથવા એવા પ્રકારની ટોપી) હશે. **(૩)** સ્ત્રીઓ ઘમંડભેર (ઠસ્સાભેર) ચાલશે. **(૪)** પુરૂષો સ્ત્રીઓ સાથે મળતાપણુ પેદા કરશે અને સ્ત્રીઓ પુરૂષ સાથે મળતાપણુ પેદા કરશે. **(૫)** માથાઓ પર ગીતો (ઈયર ફોન) વાગી રહ્યા હશે. **(૬)** લોકો બજારોમાં એ રીતે ચાલશે કે તેમની જાંગો દેખાશે (એટલે સ્ત્રીઓ સ્કર્ટ પહેરશે અને પુરૂષો હાફ પેન્ટ (ચડ્ડા) વગેરે. **(૭)** દાઢીઓ સાફ કરવામાં આવશે. **(૮)** ખૂબસૂરત ચામડાના જોડા પહેરશે અને તેને ખૂબ ચમકાવશે. **(૯)** પુરૂષ શણગાર કરશે. **(૧૦)** જાત જાતનાં ભોજનો ખાશે, વિવિધ પ્રકારનાં શરબતો પીશે, વિવિધ સ્ટાઈલના કપડાં પહેરશે અને ચીકણી ચટાકેદાર વાતો કરશે. આ ઉમ્મતના બુરા લોકો હશે. (અલ્લાહુ અકબર ! જેમને આપણે શરીફ તથા પ્રગતિશીલ સમજતા હતા તે જ બુરા નીકળ્યા !)

## ★ સાયન્ટિફિક તથા ટેકનિકલ ★

**(૧)** સખાવાની જેમ સવારીઓ હશે (એટલે મોટરો, ટ્રક, બસો વગેરે...) **(૨)** સમય એક બીજાની નજીક થઈ જશે અને જમીન સંકોચાઈ જશે. (એટલે અર્વાચીન પ્રકારનાં સંદેશ વ્યવહારનાં સાધનો તાર, ટેલીફોન વગેરે અને ટ્રાન્સપોર્ટિંગ (વાહન વ્યવહાર)નાં સાધનો મોટર, રેલ્વે, જહાઝ વગેરે શોધાશે જેના કારણે એક સ્થળથી બીજા સ્થળનાં અંતરો ટૂંક સમયમાં કપાશે. **(૩)** વરસ મહીનો થઈ જશે, મહીનો અઠવાડિયુ અને અઠવાડિયુ એક દિવસ અને દિવસ એક ઘડી. **(૪)** કલમ જાહેર થશે. (આ ઈર્શાદમાં ફાઉન્ટન પેન, પેન્સિલ, ટાઈપ રાઈટર, પ્રિન્ટિંગ પ્રેસ વગેરે સૌ આવી ગયાં.) **(૫)** જોડાની દોરી વાતો કરશે અને તે બધું સંભળાવી દેશે જે એની પાછળ ગીબત ઘરમાં

થતી રહી. (ટેપ રેકોર્ડર અને એ પ્રકારનાં આધુનિક સાધનોની તરફ સ્પષ્ટ નિર્દેશ છે.) **(૭)** એક શહેરનો વેપારી બીજા શહેરના વેપારી સાથે મશ્વેરો કરશે. (ટેલીફોન પ્રતિ સ્પષ્ટ નિર્દેશ છે. આજકાલ એના થકી શહેર શહેર, દેશ દેશ વેપારીઓ આપસમાં મશ્વરા કરે છે.

## ★ વ્યાપારિક તથા આર્થિક ★

**(૧)** વ્યાપાર આમ થશે. **(૨)** દૌલતની રેલમછેલ હશે. **(૩)** સ્ત્રી તથા પુરૂષ ભેગાં મળીને વેપાર કરશે. **(૪)** વ્યાજથી કોઈ બચશે નહીં, જે બચશે તેને વ્યાજની ધૂળ જરૂર પહોંચશે. **(૫)** ફૂરાતથી સોનાનો ખજાનો જાહેર થશે. (પેટ્રોલને "કાલા સોના" કહેવામાં આવે છે એના અગણિત ખજાનાઓ એ ઈલાકામાં નીકળશે.) **(૬)** ફુરાતથી સોનાનો પહાડ જાહેર થશે તો લોકો એના બારામાં સાંભળીને એના તરફ જશે. જેના કબ્જામાં એ હશે તે કહેશે કે જો અમે અન્ય લોકોને એને લઈ જવાની રજા આપીશું તો તેઓ પૂરે પૂરું લઈ જશે. એના માટે લોકોને કત્લ કરવામાં આવશે. (તેલની વર્તમાન વિ□ સ્તરની ખેંચતાણ, શાહ સઊદની કત્લ તથા વિવિધ કૌમની આ મસ્અલા પર આપસમાં ખેંચતાણ, વળી હાલનો ઈરાક પરનો અમેરિકાનો હુમ્લો અને તેના પર કબ્જો, ત્યાંના લોકોની અસંખ્ય ખૂનામરકી થવી.....વગેરે એના પર સાક્ષી છે.) **(૭)** ઘણી ખાણો નીકળશે જેના પર કેવળ કમીનાઓનો કબજો હશે. (જેમ કે મોટા ભાગની ખાણો ખુદા વ રસૂલના દુશ્મનો તથા માનવ જાતને તબાહ કરનારાઓના કબ્જામાં છે.)

## ★ રાજનૈતિક તથા રાષ્ટ્રિય ★

**(૧)** મુસલમાન મુસલમાનને કત્લ કરશે અને મૂર્તિપૂજકોને છોડી દેશે. (મુસલમાન મુસલમાનને પ્રથમ દિવસથી કત્લ કરી રહ્યા છે પણ મૂર્તિપૂજકો વાળી વાત ત્યારે ઉપસ્થિત થઈ જ્યારે હિંદની આઝાદીની ચળ વળમાં અમુક મુસલમાનોએ મુસલમાનોને છોડીને મૂર્તિપૂજકો સાથે મિત્રતા કરી અને બાંગલાદેશની ચળવળના વખતે પણ જોઈ લીધું કે મુસલમાને મુસલમાનને કત્લ કર્યા અને મૂર્તિપૂજકોને દા'વત પણ આપી.





**(૨)** કેટલાક ફિત્ના મુશ્રિકો સાથે ભળી જશે, કેટલાક ફિત્ના મૂર્તિઓની પૂજા શરૂ કરાવશે. **(૩)** એ લોકો ઈસ્લામથી એવા નીકળી જશે જેવી રીતે તીર નિશાનથી. (પાક.માં તથા અન્ય બીજા ઈસ્લામી દેશોમાં જે લોકો કૌમ પરસ્તી અથવા રાષ્ટ્ર પરસ્તી તથા નિશાન પરસ્તીની દા'વત આપે છે તેઓ ઈસ્લામથી આ જ પ્રમાણે દૂર છે જેમ કે તીર નિશાનેથી છટકીને દૂર જઈને પડે છે.) **(૪)** જેહાદનો બસ શોરોગુલ હશે. (જેમ કે આપણે જોઈ રહ્યા છીએ કે ઈસ્લામી દુનિયાના મહત્વના મામલાઓ, વિરોધો, હડતાલો ઠરાવોને ભેટ ચઢી જાય છે.) **(૫)** અપ્રમાણિકને અમીન બનાવવામાં આવશે. **(૬)** હાકિમો બદ્અમલ તથા બદ્કિરદાર થશે.

## ★ ડૉક્ટરી તથા ઈલાજને લગતી ★

**(૧)** કુકર્મોથી (વ્યભિચાર, સજાતીય સંભોગ) વગેરેથી નવી નવી બીમારીઓ પેદા થશે. **(૨)** લોકો અચાનક મરશે. **(૩)** લકવો તથા હાર્ટ ફેઈલ (દિલ બંધ થવું) આમ થઈ જશે.

આ ગયબી ખબરનામુ તમે જોયું ?! અને જોયું કે કેવી કેવી 'નામાલૂમ' ખબરો છે ! જે આજે આપણે આપણી આંખોથી જોઈ રહ્યા છીએ અને ઈબ્રતના નિશાન બનેલા છીએ ! એવી ઘણી આયતો તથા હદીસો મૌજૂદ છે જે આ કિતાબમાં વિખરાયેલી પડી છે. આવો ! અભ્યાસ કરો ! અને ઈમાન તથા યકીનને તાજગી અર્પો.

અહીં એક બાબતની સ્પષ્ટતા જરૂરી સમજું છું. ફાઝિલ લેખકે અમુક આયતો તથા હદીષોની એવી તાવીલો (અર્થઘટનો) કરી છે જેમાં કહેવાપણુ છે અને એકમતી દર્શાવવી મુશ્કેલ જણાય છે. આયતો તથા હદીષોની એ હદ સુધી તાવીલ કરવામાં આવવી જોઈએ જ્યાં સુધી તે ઈજાઝત આપે અને હકીકત તો એ છે કે કોઈ તાવીલની પણ જરૂરત નથી. સમય આપોઆપ આયતો તથા હદીષોની સ્પષ્ટતા કરતો જઈ રહ્યો છે. જમાનાથી વધીને કોણ મુફસ્સિર હશે ?! જે આયતોની ભૂતકાળમાં તાવીલો કરવામાં આવી હવે તે મળતી જઈ રહી છે અને આયતોના અર્થો તથા ભાવાર્થો ખૂદ બ ખૂદ સ્પષ્ટ થતા જઈ રહ્યા છે. દા.ત. કુર્આને કરીમમાં જાનવરોની દુનિયાની સાથોસાથ વનસ્પતિઓના માટે પણ ફર્માવ્યું કે જોડાં જોડાં પેદા કર્યા. જેનો અર્થ

મુફસ્સિરોએ અધિક્તા તથા પુષ્કળ પ્રમાણનો કર્યો છે, પરંતુ હવે સાબિત થઈ ચૂક્યુ છે કે જે રીતે પ્રાણીઓની દુનિયામાં નર તથા માદા છે અને જન્મ તથા મરણનો ક્રમ છે, બરાબર એ જ પ્રમાણે વનસ્પતિની દુનિયામાં પણ નર તથા માદા છે અને જન્મ તથા મરણનો ક્રમ પણ છે. ખૈર ! જે દલીલોથી એકમતી નથી થઈ શકતી તેની વિગત આ પ્રમાણે છે :–

**(૧)** સૂરએ મુરસિલાત *(આયત ૧ થી ૭)*થી બોમ્બવર્ષા તથા હુમ્લો કરતાં વિમાનો બાબતે દલીલો. **(૨)** સૂરએ અન્આમ *(આયત–૬૫)*થી બોમ્બો માટે દલીલ . **(૩)** સૂરએ યૂનુસ *(આયત–૨૪)*થી એટમ બોમ્બ, હાઈડ્રોજન બોમ્બ, સબમરીન, મિસાઈલો તેમજ અર્વાચીન શહેરી જીવન તથા ઈમારતો, વગેરે પર દલીલો. **(૪)** સૂરએ તકવીર *(આયત–૫)*થી ચિડીયાઘર પર દલીલ તથા એ જ પ્રકારની સૂરત *(આયત–૩)*થી પહાડી સડકો પર દલીલ. **(૫)** હદીષે પાકના શબ્દો **સૂરતુલ મસાજિદ**થી ફોટોગ્રાફી તથા કેમેરા પર દલીલો.

પરંતુ આટલી મહત્વની કિતાબમાં અમુક વાતોના મતભેદથી તેનું મહત્વ ઓછુ નથી થતું, એ ખરેખર કદરને પાત્ર છે અને ફાઝિલ લેખક મુબારકબાદને પાત્ર છે કે તેમણે હકાઈક (સચ્ચાઈઓ)ને એક ઠેકાણે ભેગી કરીને આંખો ખોલી નાખી છે. વિખેરાયેલા મોતીઓથી એવી માળા બનાવી છે જે ઈમાન તથા યકીનના ગળામાં ખૂબ જ શોભે છે.

ફાઝિલ અરબી લેખકની સાથે સાથે ફાઝિલ ઉર્દૂ અનુવાદક **મૌલાના ગુલામ મુહીય્યુદીન અહમદમિયાં બરકાતી** ઝૈદુલ મજદહૂ પણ મુબારકબાદના અધિકારી છે કે તેમણે એક ઉર્દૂ ભાષી તબકાને આટલી સારી તથા લાભદાયી કિતાબથી માહિતગાર કર્યા, દિલને તાજગી તથા રૂહને જિંદગી બખ્શી. ફાઝિલ અનુવાદક નવયુવાન આલિમ છે ખૂબ જ નમ્રતા, સભ્યતા તથા અદબવાળા જાણે જાહેરી તથા બાતિની ખૂબીઓથી માલામાલ છે. તેમના વાલિદે માજિદ મૌલાના મુફતી ખલીલખાં સાહબ બરકાતી مدظلہ العالی સિંધના વિશિષ્ટ આલિમે દીન છે તથા દારુલ ઉલૂમ અહસનુલ બરકાત (હૈદ્રાબાદ–સિંધ)ના સદર મુદર્રિસીન છે.





''રહમતે હક્ક બહા ન મી જોયદ.'' ફાઝિલ અનુવાદકને એક અફઘાની વેપારી પાસેથી આ કિતાબ અરબીમાં ''મુતાબિકતુલ્ ઈખ્તિરાઆતિલ્ અસરિય્યહ્ લિમા અખ્બરબિહી સૈયદુલ બરિય્યહ્''ની ચોથી આવૃત્તિ *(કાહિરા, પ્રેસ, ઈ.સ. ૧૯૬૯, હિ.સ. ૧૩૭૮)* મળી. વળી અલ્લાહ તઆલાએ (ઉર્દૂ) અનુવાદની વાતની તેમના દિલમાં ઈલ્કા કરી અને ખુદાના ફઝ્લથી સાચી કોશિશ પછી આ કામ સંપૂર્ણ થઈ ગયું. તર્જુમાની મુશ્કેલીઓને સામે રાખવામાં આવે તો આ તર્જુમાને એક કામયાબ અનુવાદ કહી શકાય છે. અનુવાદ કરવો એ ખરેખર એક શરીરમાંથી રૂહ કાઢીને બીજા શરીરમાં રાખવું છે. કામયાબ તર્જુમો જાતે પોતે એક સર્જન છે બલ્કે અમુક સંજોગોમાં એનાથીયે વિશેષ ! કેમ કે તર્જુમો કરતી વખતે માણસની સોચ પાબંદ હોય છે, કેમ કે ખૂદ લખવામાં સંપૂર્ણ આઝાદી હોય છે, અલ્બત્ત ! લેખનકાર્યમાં વિશાળ ઈલ્મ તથા દ્રષ્ટિની જરૂરત હોય છે અને અનુવાદમાં ભાષા પર પ્રભુત્વ તથા નિપૂણતાથી કામ ચાલી જાય છે.

વાસ્તવિક રૂપમાં આ કિતાબ એક જીવંત મો'જિઝો છે જે આ સદીમાં જાહેર થયો છે, પહેલાં પણ જાહેર થઈ શકતો હતો પરંતુ મો'જિઝાની ખાસ ખૂબી એ છે કે તે પોત પોતાના સમયોમાં જાહેર થાય છે. ઈન્શાઅલ્લાહુ તઆલા આ ઈલ્મે ગયબના મો'જિઝાથી હજારો ભટકી ગયેલાઓ સહી માર્ગ પામશે અને લાખો બીમારો તંદુરસ્તી મેળવશે. આ કિતાબ ખાસ કરીને તે યુવાનો માટે તિર્યાક તથા અકસીર છે જેમના દિલો દિમાગને આધુનિક સંસ્કૃતિએ ડસી લીધેલા છે, અને તે વડીલોના માટે પણ જેઓ સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર ઈમાન ધરાવતા હોવા છતાં પણ હજી સુધી ઈમાનની મીઠાશથી વંચિત છે. દુઆ છે કે મૌલા તઆલા આ કિતાબને અધિકથી અધિક મકબૂલ ફર્માવે, આપણને સૌને હિદાયત બખ્શે અને ફાઝિલ (ઉર્દૂ) અનુવાદકના માટે આખેરતનો ઝખીરો બનાવે. *(આમીન)*

**–મુહમ્મદ મસ્ઊદ અહમદ**

**(પ્રિન્સિપાલ ગવર્નમેન્ટ કોલેજ–મઠી–સિંધ)**

*[૧૧–રબીઉષ્ષાની, હિ.સ. ૧૩૯૬, ૧૨–એપ્રિલ, ઈ.સ. ૧૯૭૬]*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

## ★ નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગયબનો ઈલ્મ ★

સર્વ પ્રશંસાઓ અલ્લાહના માટે છે જેવી તેના ઉચ્ચ મર્તબાને લાયક છે. અને રહમત નાઝિલ થાય આપણા સરકાર હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના અહલે બયત તથા સહાબા પર. અમ્મા બઅદ, બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈલ્મે ગયબ અને અલ્લાહ તઆલાનું આપને ખબર કરવું જે કાંઈ થઈ ગયું અને જે કાંઈ કિયામત સુધી થશે, અને એની ખબર કે બંને તબકાઓ જન્નત કે દોઝખની મંઝિલોમાંથી પોત પોતાની મંઝિલમાં ચાલ્યા જશે બલ્કે તેના પછીના જમાનાની પણ જેનો કોઈ છેડો નથી. ઈલ્મવાળા તથા ઈમાનવાળાઓના માટે તદન ઉઘાડુ છે, સમજબુઝ તથા બુદ્ધિશાળીઓ માટે બિલકુલ સ્પષ્ટ છે, કોઈ પણ બે (૨) સમજ ધરાવનાર માણસો આપના ઈલ્મમાં મતભેદ નથી કરી શકતા તથા કોઈ પણ બે એમાં શક નથી કરી શકતા. એટલા માટે કે દલીલો તથા બુરહાનો એટલા વિપુલ પ્રમાણમાં આવેલી છે કે જેટલી જરૂરત હતી. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મે ગયબના બારામાં તો એના માટે અલ્લાહ તઆલાનો આ કૌલ જ પૂરતો છે:–

عالم الغيب فلا يظهر على غيبه احدا

الا من ارتضى من رسول

(ગયબનો જાણનાર તો પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો સિવાય પોતાના પસંદીદા રસૂલોના.) એની સાથોસાથ એ વાત પર પુખ્તા ઈજમાઅ છે કે અલ્લાહ તઆલાના પસંદીદા રસૂલોમાં સૌથી અફઝલતરીન રસૂલ અને તમામ રસૂલોના સરદાર હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم જ છે. આ મામલામાં કોઈનો મતભેદ નથી, જેથી તે લોકોમાં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ અફઝલ છે જેમના પર અલ્લાહ તઆલા પોતાનો





ગયબનો ઈલ્મ જાહેર કરે છે. અલ્લાહ તઆલાએ પણ એની ખબર આપી અને ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ આપને દરેક ચીજથી માહિતગાર કર્યા, દરેક ચીજનો ઈલ્મ આપ્યો અને દરેક ચીજને સારી રીતે જાહેર કરી આપી. ત્યાં સુધી કે દરેક ચીજ આપને સારી પેઠે માલમ પડી ગઈ. જેમ કે અમુક આસ્માનો તથા જમીનોની દરમ્યાનમાં હતું, અને જે કાંઈ થઈ ચૂક્યું તથા થવાનું છે તે સર્વ આપે જાણી લીધું.

તદ્ઉપરાંત તે તમામ ચીજો જેના બારામાં આપની આગાહીઓ સાચી ઠરી. અને મુતવાતિર હદીષો અને પ્રસંગોએ જેનું સમર્થન કર્યું, આંખોએ જેનું સમર્થન કર્યું. સારાંશ કે જમાનાની કરવટો, સદીઓ અને વર્ષોનું પસાર થઈ જવું અને જેના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એ મારા પછી થશે, તે સર્વ કાંઈ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન અનુસાર અને આપની આગાહીના પ્રમાણે બન્યું. એકવાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખુત્બો આપવા ઉભા થયા તો આપે આપના સહાબીઓને તે દરેક ચીજની ખબર આપી જે આપના પછી થનારી હતી. સહાબાએ કિરામ علیہم السلام ની એક જમાઅતથી એવું જ નકલ થયેલ છે. એ જમાઅતમાં હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ, હઝરત હુઝૈફા ઈબ્ને યમાન, હઝરત અબૂ ઝૈદ અન્સારી, હઝરત અબૂ સઈદ ખુદરી તથા હઝરત ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین સામેલ છે.

જેમ કે સહીહ બુખારી શરીફમાં હઝરત તારિક બિન શહાબથી રિવાયત થયેલ છે. ફર્માવે છે કે મેં હઝરત ઉમર رضی اللہ عنہ થી સાંભળ્યું, આપ ફર્માવી રહ્યા હતા :–

"એકવાર સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અમારામાં ઉભા થયા તો આપે અમને મખ્લૂકની પેદાઈશની ખબર આપી, એટલે સુધી કે જન્નતી પોતાના ઠેકાણે અને દોઝખી પોતાનાં ઠેકાણે પહોંચી ગયા. જેણે એને યાદ રાખ્યું તેણે યાદ રાખ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો." *(બુખારી, ભાગ–૧, પેજ–૪૫૩)*

બુખારી, મુસ્લિમ અને અબૂ દાઊદે હુઝૈફા ઈબ્ને યમાન رضی اللہ عنہ થી રિવાયત કરી છે :–

"એકવાર નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને ખુત્બો આપ્યો અને

એમાં કિયામત સુધી થનારી કોઈ એવી ચીજ ન છોડી જેનો ઉલ્લેખ ન કર્યો હોય. જેણે જાણ્યું તેણે જાણ્યું અને જે અજાણ રહ્યો તે અજાણ રહ્યો." *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૩૯૦, અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૧૨૬)*

"હું એમાંથી કોઈ ચીજને જોઉં તો જે ચીજને હું ભૂલી ગયો છું અને તે ફરી મને દેખાડવામાં આવે તો તે ચીજને એવી જ રીતે યાદ કરી શકુ છું જેવી રીતે કે કોઈ વ્યક્તિ કોઈનો ચહેરો ઘણા દિવસો સુધી ગાયબ રહ્યા બાદ જુએ છે તો ઓળખી લે છે." એટલે કે જો હું કોઈ ચીજ જોઉં તો બતાવી શકુ છું કે એના બારામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પેશનગોઈ (આગાહી) કરી હતી. *[–ઉર્દૂ અનુવાદક (હવાલો : ઉપર મુજબ)]*

અબૂ દાઊદે અને હઝરત હુઝૈફાથી એક અન્ય તરીકાથી રિવાયત કરી છે. તે ફર્માવે છે : ખુદાની કસમ ! હું નથી જાણતો કે અસ્હાબે રસૂલ (સહાબીઓ) ભૂલી ગયા કે ભૂલાવી દેવામાં આવ્યું. ખુદાની કસમ ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈ ફિત્નાનો માર્ગ સૂચવનાર નથી છોડયો જેની સંખ્યા ત્રણસોથી વિશેષ છે, એટલે સુધી કે દુનિયા ખત્મ થઈ ગઈ પણ એ કે અમને તેનું તેના બાપનું તેના કબીલાનું નામ જણાવી આપ્યું. *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૧૨૬)*

અને અહમદ તથા મુસ્લિમે હઝરત અબૂ ઝૈદ અન્સારી رضی اللہ عنہ થી હદીષ રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને ફજરની નમાઝ પઢાવી પછી આપ મિમ્બર મુબારક પર તશરીફ લઈ ગયા ત્યાં સુધી કે ઝોહ્‌રનો સમય થઈ ગયો. આપ નીચે ઉતર્યા અને ઝોહ્‌રની નમાઝ પઢાવી અને ફરી મિમ્બર પર તશરીફ લઈ ગયા, ત્યાં સુધી કે અસ્રનો સમય થઈ ગયો પછી આપ ઉતર્યા, અસ્ર પઢાવી અને ફરી મિમ્બર પર તશરીફ લઈ ગયા એટલે સુધી કે સૂર્યાસ્ત થયો. તો એમાંનુ કેટલુંક થઈ ચૂક્યું અને કેટલુંક થવાનું છે સૌની ખબર આપી. જે અમારામાં અધિક આલિમ છે તે જ અધિક યાદ રાખનારો છે. *(મુસ્લિમ, પેજ–૩૯૦, ભાગ–૨)*

અહમદ, તિર્મિઝી અને હાકિમે પોતાની સહીહમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી. તેઓ ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને એક દિવસે અસ્રની નમાઝ પઢાવી. આપે અસ્ર બાદથી સૂર્યાસ્ત સુધી ખુત્બો આપ્યો. જેણે એને યાદ રાખ્યો તેણે યાદ રાખ્યો અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો. આપે એ ખુત્બામાં દરેક તે ચીજની ખબર આપી જે





કિયામત સુધી થનારી છે. *(તિર્મિઝી, પેજ–૩૧૯)*

અને અહમદે પોતાની મુસ્નદમાં વર્ણન કર્યું : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અમારામાં ઊભા થયા અને જે કાંઈ આપની ઉમ્મતમાં કિયામત સુધી થનારું છે તેના બારામાં અમને બતાવ્યું. જે એને સુરક્ષિત રાખી શકયું તેણે સુરક્ષિત રાખ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો. *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૨૫૪, અલ જઝાઉર્રાબિઅ)*

## ★ કિતાબ લખવાનો સબબ ★

હઝરત અબૂઝર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે બેશક ! અમને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ હાલમાં છોડયા કે કોઈ પક્ષી પોતાની પાંખો વડે આકાશમાં નથી ઉડતુ જેના બારામાં આપે અમને ઉલ્લેખ ન કર્યો હોય. એને અહમદે તથા ઈબ્ને સઅદે તબકાતમાં રિવાયત કરી. *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૧૫૩, અલ જઝાઉલ ખામિસ)* એ જ પ્રમાણે હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી તેના બારામાં ફર્માવ્યું જેમાં અબૂ યઅ્‌લાએ અને તિબ્રાનીએ કબીરમાં રિવાયત કરી.

મકસદ એ છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના સહાબીઓને દરેક તે ચીજના બારામાં બતાવ્યું જે આપના બાદ થનારી હતી અને જેના બારામાં અલ્લાહ તઆલાએ આપને ખબરદાર કરી આપ્યા. પછી આપે સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને તેના વિશે વર્ણન કર્યું. અને દરેક તે ખબર જે લાગુ પડે છે જેના બારામાં આપે ઈર્શાદ ફર્માવ્યો કે આવું થશે તે આજ સુધી જાહેર થતું જઈ રહ્યું છે. જે કાંઈ માઝીમાં જાહેર થયું તેને તો એ લોકોએ સ્પષ્ટ કર્યું જેમણે આપી સીરતમાં, ફઝાઈલમાં, મો'જિઝાઓમાં અને વિશિષ્ટતાઓમાં કિતાબો લખી અને તેને વર્ણન કરી તેનો ખુલાસો, નિશ્ચિતતા તથા તેહકીક કરી. પરંતુ આજે આપણા જમાનામાં જે ક્રાંતિઓ, સંજોગોનાં પરિવર્તનો, સંસ્કૃતિમાં બગાડ અને તબદીલીઓ શરૂ થઈ રહી છે અને જે મહાન બાબતો, અકસ્માતો અને નિત નવીન શોધો થઈ રહી છે તો મેં કોઈ એવી વ્યક્તિ નથી જોઈ જે એને એકત્ર કરવાની કોશિશમાં હોય અને આ નવા બનાવોના સંબંધે સાફ સાફ કુર્આની આયતો અને નબવી હદીષોમાં છે જે નિર્દેશો છે તેની સ્પષ્ટતા કરે ! જો કે એ ચીજોના બારામાં એ કિતાબોમાં પણ ઘણો બધો ઉલ્લેખ છે જેમાં કિયામતની નિશાનીઓ

વર્ણન કરવામાં આવી છે, પરંતુ તે એટલી ગુચવણ ભરેલી છે કે સામાન્ય લોકો એનામાં તથા વર્તમાનકાળની આશ્ચર્યમય ચીજોમાં સરખાપણુ નથી પેદા કરી શકતા, અને ન એ આયતોમાં જે ઈર્શાદો છે એમાં કોઈ મળતાપણુ કરી શકે છે. કેમ કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કદીક તો એ ચીજોના બારામાં સ્પષ્ટપણે વર્ણન કરી આપ્યું અને કદીક સરખામણી, દ્રષ્ટાંત તથા ઈશારાથી કામ લીધું, જેવો સંજોગ હોય. અને તેને દરેક જમાનાના લોકો સમજતા રહ્યા. કેમ કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ખૂબ જ સમૃદ્ધ તથા સંક્ષિપ્ત વાત કરતા હતા. એટલા માટે આલિમોએ તે હદીષોની સ્પષ્ટતામાં ચિંતન તથા સંશોધન કર્યું અને જેવું પણ તેમની બુદ્ધિમાં સમાયું અને તેમની સમજમાં આવ્યું તેની તેમણે સ્પષ્ટતા કરી. દરેક જમાનાના લોકોએ પોતાના જમાનામાં જોવા મળતી ચીજો પર તે હદીષોને એકત્ર કરી અને જે કંઈ પણ તેમના યુગમાં બનાવો, પરિવર્તનો અને વિવિધ હાલતો થતી રહી તે આલિમોએ તેમાં સરખામણી કરી. જો કે તે પણ સહીહ છે પરંતુ હકીકત એ છે કે તેમાંથી મોટા ભાગની હાલતો એ છે કે જે આપણા જમાનામાં જોવા મળે છે. એટલે કે પાછલા આલિમોને તો કાંઈ ન કાંઈ અર્થઘટન કરવું પડતુ હતું, પરંતુ વર્તમાનકાળની હાલતો તથા પ્રસંગો એ દર્શાવે છે કે હદીષોમાં વર્તમાન ચીજોનું સાફ સાફ વર્ણન છે.

આ કિતાબમાં હું તે હદીષોનો ઉલ્લેખ કરી રહ્યો છું કે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વર્તમાનકાળની સ્થિતિઓ, લોકો તથા નિત નવી શોધોના બારામાં ઈશારા (નિર્દેશો) કર્યા છે. જ્યાં સુધી મારો ઈલ્મ છે તથા મારી સમજ પહોંચે એટલે સુધી અને જે પામ્યું તેને હું રજુ કરી રહ્યો છું.

અલ્લાહ તઆલા કોઈ અન્યને પણ આ તૌફીક આપે કે આના કરતાં પણ અધિક સ્પષ્ટતા કરી શકે અને તેના ખુલાસો કરી શકે.

## ★ સમયની શોધો મુજબ સરવરે દો આલમનાં કથનો ★

નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી એક હદીષ શરીફ છે જેમાં આપે તમામ આશ્ચર્યજનક શોધોના બારામાં જે વર્તમાનકાળમાં થઈ છે અથવા જે થઈ ચૂકી અથવા જે કાંઈ ભાવિમાં હોશ ઉડાવી દે એવા પ્રકારની ચીજો થનારી છે તેના વિશે જણાવ્યું છે. ઈર્શાદ ફર્માવ્યો :–





لا تقوم الساعة حتی تروا امورا عظا ما لم

"કિયામત સ્થાપિત થતા પહેલાં તમે તે મહાન બાબતોને જોઈ લેશો જેને તમે ન કદી જોઈ છે અને ન તમે કદી એના બારામાં વિચાર્યું." *(અલફિતન)*

આ હદીષને ષુમરહ ઈબ્ને જન્દુબ رضی اللہ عنہ એ નઈમ ઈબ્ને હમ્માદે પોતાની મશહૂર તથા વિખ્યાત કિતાબ "અલ ફિતન"માં રિવાયત કરી છે. ઈમામ અહમદ, બઝ્ઝાર તથા તિબ્રાનીએ પણ કબીરમાં વિસ્તારપૂર્વક તેની રિવાયત કરી છે જેમ કે આગળ આવી રહ્યું છે. જો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી આ સિવાય કોઈ હદીષ આ વિષયમાં આવેલી નથી પરંતુ આ હદીષ સમૃધ્ધ છે કે એમાં દરેક તે ચીજ આવી ગઈ જે જાહેર થઈ ચૂકી છે અથવા જાહેર થશે. એવી નવી નવી શોધો જે પહેલાં ન કોઈએ જોઈ અને ન સાંભળ ી. બલ્કે એમાં મોટા ભાગની તે છે જે ત્યારના હિસાબે અશકય જણાતી હતી, જેમ કે વિમાન કે જે આજકાલ જોવા મળે છે, પાણી તળીયે સબમરીનોમાં મુસાફરી, દૂર દૂરના શહેરોમાં હોવા છતાં લોકોનું આપસમાં વાતચીત કરવું, પશ્ચિમમાં રહેનારા અવાજને પૂર્વવાળાઓનું સાંભળવું અને તસ્વીરોનું અવાજની સાથે એક જગાએથી બીજી જગાએ પહોંચવું, શહેરોમાં રોશનીનું થવું ભલે ગમે તેટલાં મોટાં હોય કે એ રોશની દૂર દૂરથી અને વિવિધ શહેરોએથી પહોંચે છે, આ રોશની (વીજળી)નું પાણીથી પેદા થવું કે જે આગની વિરોધાભાષી છે જ્યારે વીજળી આગનું કામ પણ કરે છે. એ ઉપરાંત અસંખ્ય ચીજો જે અજીબો ગરીબ તથા આશ્ચર્યમય છે. આજથી સો વરસ પહેલાં એ ચીજોની કલ્પના પણ અશક્ય હતી પરંતુ એ તમામ ચીજો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ કથન મુબારકમાં સામેલ છે કે حتی ترو الامور العظام التی لم تکونوا ترونها તો એ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم નું એક સમૃદ્ધ કથન તથા મુબારક મો'જિઝો છે.

જ્યારે આ મહાન બનાવો જાહેર થયા જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો હતો તો ઘણા બધા જ્ઞાનીઓ પૂર્વ તથા પશ્ચિમમાં પૂછવા લાગ્યા કે શું આલમની આ આ અજાયબીઓના બારામાં નબવી હદીષોમાં કોઈ નિર્દેશ મૌજૂદ છે ? મને પણ હિજાઝ, મિસર અને મરાકશના

આલિમોએ એ જ પ્રશ્ન કર્યો અને તેમનું આ સવાલ કરવું પણ આ જ પ્રકાશમાંથી છે જેના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી. (બઝ્ઝારે તથા તિબરાનીએ કબીરમાં સુમરહથી રિવાયત કરી) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

ستـرون قبـل ان تـقـوم السـاعةاشياء ستنكرونها
عـظـامـا تـقـولـون هل كنا حدثنا بهذا رأيتم ذالك
فـاذكـروا الـلـه تـعـالىٰ واعلموا انها اوائل الساعة

"કિયામત રચાતા પહેલાં તમે એવી ચીજો જોશો કે જેનો તમે ઈન્કાર કરશો અને કહેશો કે શું એના બારામાં કાંઈક અમને વર્ણન કરવામાં આવેલ છે ? જ્યારે તમે એ જોશો તો અલ્લાહનો ઝિક્ર કરશો અને જાણી લેશો કે આ પણ કિયામતની શરૂઆત છે."

ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અધિક સ્પષ્ટતા સાથે આ હદીષને વર્ણન કરી. તે ફર્માવે છે :

حـدثـنـاابـوكامل حدثنا زيرحدثنا الاسود بن قيس حدثنا
ثـعـلبـه بن عبادالعبدى من اهل بصرة عن سمرة بن جندب

"નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ હદીષમાં જેમાં કે દજ્જાલની ખાસિયતો વર્ણન કરી છે, એ પણ ફર્માવ્યું છે કે :–

ولـن يـكـون ذالك حتـى تـروا امورا يتفا قم شانها فى نفوسكم
وتسـاؤلـون بيـنـكـم هـل كـان نبيـكـم ذكـر لـكم منهـا ذكـرا

"અને એવું ત્યારે થશે કે તમે એવી ચીજો જોશો જેની કદર તમારી દષ્ટિ ખૂબ જ હશે અને તમે આપસમાં એ પ્રશ્ન કરશો કે શું નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના બારામાં કાંઈક કહ્યું છે ?" *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૧૬, અલ જુઝઉલ ખામિસ)*

ખુદાના સોગંદ ! આ જ પ્રમાણે લોકો મને વિવિધ મજલિસોમાં સવાલો કર્યા કરતા હતા અને એ કહેવામાં આવતુ હતું કે શું આ જમાનાની અજાયબીઓના બારામાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કાંઈક કહ્યું છે ? અથવા કોઈ હદીષમાં ક્યાંક આ ચીજોની તરફ નિર્દેશ મળે છે ? તો હું મારા ઈલ્મના આધારે તેમને જવાબ આપતો હતો.





## ★ રેલ્વે ટ્રેન, ટ્રામ અને એ પ્રકારની અન્ય ચીજો ★

આ બનાવોમાંથી જે ચીજોના બારામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે અમે નજીકમાં જ તેને જોશું તેમાં **ટ્રેન** (ઈ.સ. ૧૮૧૪ માં બ્રિટન નાગરિક સ્ટીફનસને તેની શોધ કરી) તથા **ટ્રામ, મોટરકાર** (ઈ.સ. ૧૮૮૬ માં મિ. ડેમરેલે શોધી.) **તથા એના જેવી અન્ય ચીજો** છે. તેના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વિશિષ્ટ રીતે ખબર આપી છે. અને કુર્આને કરીમ તથા નબવી હદીષોમાં સ્પષ્ટ નિર્દેશ પણ આવ્યાં છે. કુર્આને કરીમની ત્રણ આયતો રજુ કરવામાં આવે છે :–

واٰ يةلهـم انـــا حـمـلـنـا ذريتهم فى الفلك
المشحون وخلقنا لهم من مثلهٖ مايركبون

"અને તેમના માટે એક નિશાની એ છે કે તેમને તેમના વડીલોની પીઠમાં અમે (સામાન વગેરેથી) ભરેલી કશ્તીમાં સવાર કર્યા. અને તેમના માટે એવી જ ચીજો બનાવી દીધી જેના પર તેઓ સવાર થાય છે." *(સૂરએ યાસીન, આ. ૪૧, ૪૨)*

એટલે કે ભરેલી કશ્તી જેવી અને તે સવારીઓ (વાહનો) બનાવી જેના પર તેઓ સૂકામાં ચાલે છે અને જાહેર છે કે જે ચીજ પોતાના સ્વભાર અને અધિક સામાન ઉઠાવવામાં ભરાયેલી કશ્તીની જેમ છે, તે રેલ ગાડી, બસો અને ટ્રક વગેરે છે જે ઘણા મુસાફરોને તેમના સામાન સહિત ઉઠાવે છે અને એ રીતે ચાલે છે કે બુલંદ તથા ઊંચો પહાડ જઈ રહ્યો છે. અલ્લાહ તબારક વ તઆલાએ સમુદ્રમાં ચાલનારી કશ્તીઓ (વહાણો)ને ઊંચા તથા બુલંદ પહાડોથી સરખામણી આપી છે, એ જ પ્રમાણે રેલગાડી વગેરે. બલ્કે એ તો તે ભરેલી કશ્તીઓ સાથે અધિક મળતાપણુ ધરાવે છે જે સમુદ્રોમાં ચાલે છે. એ એતબારથી તે મુફસ્સિરો જેમણે આયતે કરીમામાં "મિષ્લ"ની તફસીર ઊંટ સાથે કરી તેઓ લાચાર હતા કેમ કે તેમણે પોતાના જમાનામાં કોઈ ચીજ ન પામી જે મુસાફિર અને સામનોને ઉઠાવવામાં કશ્તીની જેમ હોય. જેથી તેઓ મજબૂર થઈ ગયા કે આ આયતને ઊંટ માટે ધારે, જો કે તેમનું એ અર્થો મુરાદ લેવું હવે દુરુસ્ત નથી જણાતુ. એટલા માટે કે કશ્તીમાં તો ઘણા બધા માણસો સામાનની સાથે સવાર હોય છે અને તે ઉપરાંત વેપારનો માલ તથા શસ્ત્રો વગેરે પણ હોય છે અને એ પણ તે

સમયની વાત છે. વર્તમાનળકામાં તો એક કશ્તીમાં સેંકડો લોકો મુસાફરી કરે છે. દરિયાઈ જહાઝોમાં હજારો વ્યક્તિઓ અને કેટલાયે ટન વેપારનો માલ હોય છે. વળી તેમના જમાનામાં આ દરિયાઈ જહાઝ અને કશ્તીઓ એટલા બોજ સાથે સાથે પણ સમુદ્રમાં ખૂબ તેજ ગતિએ ચાલતી હતી. જેમ કે ખૂદ અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

وله الجوار المنشأت فى البحر كالاعلام

"અને તેની છે તે ચાલવાવાળીઓ જે ઉઠેલી (ઉપસેલી) છે જેમ કે પહાડ." *(સૂરએ રહમાન, આયત–૨૪)*

અને એ તમામ ચીજો ઊંટના સ્થિતિઓથી તદ્દન વિરૂધ્ધ છે. કેમ કે ઊંટ ખૂબ જ સુસ્ત ગતિએ ચાલે છે અને તેના સામાન ઉઠાવવાને કશ્તીના સામાન ઉઠાવવા પર ધારી નથી શકાતુ. બલ્કે એક કશ્તીમાં તો એટલો સામાન આવે છે જેટલો સો ઊંટો ઉઠાવે. જેથી આયતની તફસીર ઊંટ સાથે કઈ રીતે કરી શકાય છે ? જેથી તે તફસીર તદ્દન સ્વીકાર્ય નથી."

હવે તે ચીજ છે **ફલક મશ્હૂન** (ભરેલી કશ્તી)ની સાથે સામાન ઉઠાવવામાં અને સૂકામાં એટલે જમીન પર તેજ ગતિએ ચાલવામાં પૂર્ણપણે સમાનતા ધરાવે છે તે રેલગાડી તથા તેની જેવા અન્ય વાહનો છે. જેથી આયતે કરીમામાં યકીનન એ જ મુરાદ છે. હઝરત ઈબ્ને અબ્બાસ, હસન તથા ઝહકા رضوان الله تعالىٰ عليهم اجمعين એ એ જ આયતના બારામાં તફસીરમાં જણાવ્યું કે :–

"એ કશ્તીઓની જેવી કશ્તીઓ બનાવી દીધી જેના પર તેઓ સવાર થાય છે." –*(તફસીર)*

નહાસે કહ્યું કે એ જ અધિક સહીહ છે એટલા માટે કે તેની સનદ હઝરત અબ્બાસ رضى الله عنهما સુધી પહોંચી છે અને એ વાત હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهما ની તીવ્ર દષ્ટિ તથા એ વાત પર દલીલ પૂરી પાડે છે કે આપ કુર્આનેપાકના અર્થો કરવામાં ખુદા તઆલાના નૂરથી સહીહ ચિંતન મનન કર્યા કરતા. એમાં રસૂલુલ્લાહ صلى الله تعالىٰ عليه وسلم ની એ દુઆનું સમર્થન પણ છે જેમાં આપ صلى الله تعالىٰ عليه وسلم એ હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهما ના માટે ફર્માવ્યું કે, "હે અલ્લાહ ! એને દીનમાં ફકીહ બનાવ તથા તેને તાવીલ શીખવાડ." *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૨૯૮, બુખારી, ભાગ–૧, પેજ–૫૩૧)* કેમ





કે કશ્તીનું વજૂદ જમીન પર ?! તેની ન તો કોઈ કલ્પના કરી શકતુ હતું અને ન તે સમયે કોઈ સમજદાર વ્યક્તિ એવી વાત કહી શકતો હતો. પરંતુ હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهما એ બારીક પર્દાથી ગયબની તરફ જોયું અને એ ફર્માવી દીધું જે તદ્દન સ્થિતિને અનુરૂપ તથા હકીકતના પ્રમાણે છે.

**બીજી આયત :–**

ولخيل والبغال والحمير لتركبوها وزينة ويخلق مالاتعلمون

"અને ઘોડા અને ખચ્ચર અને ગધેડાં કે તેના પર સવાર થાવ અને શોભાના માટે, અને તે પેદા કરશે જેની તમને ખબર નથી." *(સૂરએ નહ્લ, આયત–૮)*

એટલે કે એવી ચીજો જે સવારી તથા શોભા બંનેમાં ફાયદો આપે અને સામાન પણ ઉઠાવે, જેમ કે ઘોડા, ખચ્ચર તથા ગધેડાં સામાન વહે છે. જેથી આ આયત તમામ ચીજો બાબતે તદ્દન સાફ છે જે સામાન વહે છે, દા.ત. ટ્રક, બગી, મોટર, ઠેલા (લારી) તથા સાયકલ વગેરે.

**ત્રીજી આયત** : જે કિયામતની નિશાનીઓમાંથી એક નિશાની છે. و اذا لعشار عطلت "અને જ્યારે જવાન ઊંટડીઓ છૂટી ફરે....છેવટ સુધી. *(સૂરએ તકવીર, આ. ૪)* એટલે કે લોકો ઊંટડીઓ પર સફર કરવાનું તથા તેના થકી સામાન ઉઠાવવાનું ત્યજી દે. **અશાર** દસ મહીનાની ઊંટડીને કહે છે જેમ કે ષઅલબ તથા અન્ય શબ્દકોષના ઈમામોએ કહ્યું. તેના પર મુસાફરી કરવાનું અને સામાન ઉઠાવવાનું એટલા માટે છોડી દેવામાં આવ્યું કે હવે મોટરકારો તથા રેલ ગાડીઓ વગેરે મળી રહે છે અને તેને મેળવી લીધા પછી કોઈ વ્યક્તિ એવી જોવામાં નથી આવી કે જે ઊંટ પર મુસાફરી કરતો હોય અથવા પોતાનો માલ એના થકી ક્યાંક મોકલતો હોય, ખૂબ જ જુઝ પ્રમાણમાં એવું જોવા મળે છે અને તે પણ એવા સ્થળોએ જ્યાં મોટર વગેરે જઈ શકતી ન હોય. એટલે સુધી કે ગામડિયા તથા ધંધાવાળા લોકો જેમનો ધંધો ઊંટો પર જ હતો તેઓ એ વાતથી પરેશાન થઈ ગયા કે તેમના ત્યાં સડકો બનાવી દેવામાં આવી અને ત્યાં ટ્રાફિક શરૂ કરી દેવામાં આવ્યો જેના કારણે તેમણે પોતાની રોજી કમાવાનું મુશ્કેલ થઈ ગયું.

રસૂલુલ્લાહ صلى الله تعالىٰ عليه وسلم એ એનાથી પણ વિસ્તૃત તફસીર ફર્માવી. સહીહ મુસ્લિમમાં છે : રસૂલુલ્લાહ صلى الله تعالىٰ عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

والله لينزلن ابن مريم حكما عدلا، فليكسرن الصليب، وليقتلن الـخـنـزير، و ليضعن الجزية ولتترکن القلاص فلا يسعى عليها

"ખુદાની કસમ ! ઈબ્ને મરયમ (ઈસા عليه الصلاة والسلام) આદિલ હાકિમ થઈને ઉતરશે તો સલીબ (ક્રોસ)ને તોડી નાખશે, સુવ્વરને કત્લ કરી દેશે, જિઝયાનો કાનૂન લાગુ કરશે અને ઊંટને છોડી દેવામાં આવશે તો એના પર ચાલવામાં આવશે નહીં." *(મુસ્લિમ, ભાગ–૧, પેજ–૮૯)*

હુઝૂરે અકરમ صلى الله تعالى عليه وسلم નું કથન: ولتترکن القلاص فلا يسعى عليها અલ્લાહના કૌલ واذا العشار عطلت નું નિશ્ચિત કરેલ મુરાદ છે, એટલે કે સફર અને સામાન ઉઠાવવાના માટે પહલાં જે કામ ઊંટડીથી લેવામાં આવતુ હતું તે છોડી દેવામાં આવશે.

તો રેલગાડીઓ તથા વિવિધ પ્રકારની મોટરકારોની શોધ એ હકીકતમાં કિયામતની નિશાનીઓમાંથી એક નિશાની છે અને હઝરત ઈસા عليه الصلاة والسلام ના ઉતરવાની નિકટતાની નિશાની છે. કેમ કે આપના ઉતરાણના સમયે દુનિયા એવી જ હશે જેવી કે આજે છે, કે લોકો મોટરોથી કામ લે છે અને ઊંટ વગેરેથી બેપરવા છે. જેમ કે આયતે કરીમા તથા હદીષ શરીફમાં છે.

તેની અધિક સ્પષ્ટતા તે વિવિધ હદીષોથી પણ થાય છે જેમાં દજ્જાલનું વર્ણન છે કે તે ઈસા عليه الصلاة والسلام ના ઉતરાણ પહેલાં નીકળશે અને ૪૦ દિવસ તમામ પૃથ્વીની સપાટીનો આંટો મારશે. તેનો પ્રથમ દિવસ એક વરસના જેટલો હશે, બીજો એક મહીનાના બરાબર હશે, ત્રીજો એક અઠવાડિયાના બરાબર અને બાકી દિવસો આમ દિવસોની જેમ હશે. તેનો સરવાળો એક વરસ અઢી મહીના થાય છે અને જાહેર છે કે આ ટૂંકી મુદત પૂરી જમીનના આસપાસ ચક્કર મારવા માટે પૂરતી નથી કે તમામ શહેરો અને ગામડાંઓમાં પ્રવેશી શકે એના સિવાય કે તે મક્કા, મદીના તથા બૈતુલ મુકદસમાં દાખલ થશે નહીં. તેના દરવાજાઓ સુધી જરૂર આવશે અને નબી અકરમ صلى الله تعالى عليه وسلم નો ગુંબદ શરીફ પણ દૂરથી જોશે. આપનો ગુંબદ શરીફ આજે પણ દૂરથી જોવા મળે છે. દજ્જાલનું એ ગુંબદને જોઈને એવું કહેવું કે : هذا مسجد ذالك الرجل "આ જ તે વ્યક્તિની મસ્જિદ છે." એ વાતની દલીલ પૂરી પાડે છે કે તે દુનિયાનો કોઈ ખૂણો એવું નહીં છોડે કે





જ્યાં પ્રવેશ ન કરે. તેમ છતાં કે દુનિયામાં તેના ઝહૂર પછીની મુદત જાનવરો પર સફર કરવા માટે પૂરતી નહીં હોય જેમ કે એ સમયે હતું જયારે નબી કરીમ صلى الله تعالى عليه وسلم એ આ હદીષ શરીફ વર્ણન કરી હતી. જેથી સાબિત થયું કે દજ્જાલની સફર અને દુનિયાની ચોતરફ ઘુમવું આધુનિક વાહનો થકી હશે.

હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضي الله عنهما એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એક દિવસ મિમ્બર મુબારક પર તશરીફ લાવ્યા તો આપે ફર્માવ્યું, "હે લોકો ! મેં તમોને એવી ખબરના માટે ભેગા કર્યા છે જે આસ્માનથી આવી છે." પછી આપે હદીષ વર્ણન કરી જેમાં છે : "તે એક કાણો છે જેના માટે આખી દુનિયા ચાલીસ દિવસમાં લપેટી દેવામાં આવશે, સિવાય તયબ્હના, કે મદીનાના દરવાજાઓમાંથી દરેક દરવાજે એક ફરિશ્તો તલ્વાર ખેંચીને ઉભો હશે જે એને રોકી દેશે અને એ જ પ્રમાણે મક્કા મુકર્રમામાં." (અબૂ યઅ્લા) અબૂ યઅ્લાએ આ હદીષને બે રીતે વર્ણન કરી છે.

આ હદીષની અસ્લ સહીહમાં અન્ય રીતે પણ આવેલી છે પણ તેમાં આ શબ્દો નથી. "ચાલીસ દિવસમાં જમીન એના માટે લપેટી દેવામાં આવશે." સહીહ મુસ્લિમમાં નવાસ ઈબ્ને સમ્આનની રિવાયતથી દજ્જાલના બારામાં હુઝૂર صلى الله تعالى عليه وسلم થી નકલ થયેલ છે. સહાબા ફર્માવે છે કે, અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله تعالى عليه وسلم દજ્જાલ કેટલો સમય જમીનમાં રોકાશે ? આપે ઈર્શાદ ફર્માવ્યો, ચાલીસ દિવસ. એક દિવસ એક વરસના જેટલો, એક દિવસ એક મહીનાના જેટલો અને એક દિવસ એક અઠવાડિયા જેટલો અને બાકી દિવસો તમારા દિવસો જેમ હશે. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله تعالى عليه وسلم તે દિવસ જે એક વરસના જેટલો હશે તો શું તે દિવસમાં એક દિવસની નમાઝ પૂરતી થશે ? ફર્માવ્યું, નહીં ! તેનો અંદાઝો કરી લેજો. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله تعالى عليه وسلم તે ધરતી પર કઈ રીતે તેજ ગતિથી ચાલશે ? એ વાદળની જેમ જેને હવા ધક્કો આપતી હોય." *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૪૦૧)*

આ એ વાતના પ્રતિ નિર્દેશ છે કે દજ્જાલ પોતાના લશ્કર તથા મદદગારોની સાથે મોટરકારોના થકી જમીન પર ખૂબ જ તેજ ગતિએ ચાલશે. તેમજ એમાં એરોપ્લેન તરફ પણ ઈશારો છે. જો કે હઝરત જાબિરની હદીષમાં છે તે એ વાત પર નિર્ધારિત કરવામાં આવશે કે દજ્જાલ પોતાની

ધરતી પરની મુસાફરીમાં કારોનો ઉપયોગ કરશે અને હદીષનો તે હિસ્સો જેમાં તેના ચાલવાને તેજ વાદળ સાથે સરખાવવામાં આવેલ છે તે એના માટે દલીલ પૂરી પાડે છે કે તે પોતાની મુસાફરીમાં હવાઈ જહાઝો (એરોપ્લેન વગેરે)નો ઉપયોગ પણ કરશે. કેમ કે એરોપ્લેન જ તે જ વાદળ સાથે સંપૂર્ણપણે સમાનતા ધરાવે છે.

એનું અધિક સમર્થન આ હદીષથી પણ થાય છે જે ઈમામ મેહદી علیہ الصلوٰۃ والسلام ના બારામાં છે કે લોકો હજ્જના પછીથી આપની શોધમાં મક્કાથી મદીના જવાનો ઈરાદો કરશે અને આશૂરાના દિવસ સુધીમાં તેઓ આપની તલાશમાં ત્રણ ત્રણ વખત મક્કા અને મદીનાની વચ્ચે વારંવાર આવશે. જ્યારે કે હજ્જથી પરવાર્યા બાદ આશૂરાના દિવસ સુધી લગભગ પંદર દિવસ કે એથીય ઓછા હોય છે, આટલી મુદ્દતમાં મક્કા તથા મદીનાનો એક જ ચક્કર થઈ શકે છે કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક જમાનામાં અને તેના પછી મોટરો વગેરેની શોધ થતા પહેલાં મક્કાથી મદીના જવાનું અંતર ઊંટ થકી લગભગ દસ દિવસનું હતું અને એટલા જ દિવસ પાછા ફરતાં થતા હતા. તો કોઈ કલ્પના પણ કરી શક્તુ ન હતું કે કોઈ વ્યક્તિ મક્કાથી મદીના કેવળ પંદર દિવસમાં ત્રણવાર આવે અને જાય, જ્યારે કે એમાં બે મહીના લાગે. મુતકદ્દેમીન આલિમો માટે એ વાત મુશ્કેલ થઈ ગઈ કે એનો મતલબ શો છે ? ખાસ કરીને એ લોકો કે જેઓ હરમૈન શરીફૈનથી ઈમામ મહદી علیہ الصلوٰۃ والسلام ની તલાશમાં નીકળશે તેઓ આપને આશૂરાની રાતે મેળવી લેશે અને પછી આપના હાથ પર બયઅત કરશે. કેટલાક ઉલમાએ એવો જવાબ આપ્યો કે એ સૌ લોકો અસ્હાબે ખુતૂવાત તથા અવલિયા હશે. તો શક્ય છે કે એમના માટે જમીનનું અંતર ઓછું કરી દેવામાં આવે.

અમુક આલિમોએ ચર્ચા વિચારણાના અંતે જવાબ આપ્યો કે શક્ય છે કે એ લોકો ઊંટો પર પાંચ દિવસમાં જ અંતર કાપી લે જેમ કે કદીક કદીક એવું થાય છે. જો તેને આપણે સ્વીકારી લઈએ અને એવું કહીએ કે એ લોકો કશાય આરામ વિના સતત એટલી તકલીફ સહન કરી લેશે તો પણ અંતર ચાલીસ દિવસનું તો છે, નહીં કે પાંત્રીસ દિવસનું રહી જાય. જ્યારે ત્યાં તો આ મુદ્દત પંદર દિવસથી પણ ઓછી છે ! હકીકત એ છે કે આ સર્વ વાતો એની વિરૂધ્ધ છે, કેમ કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈશારો એ





તરફ હતો કે એ પ્રગતિશીલ વાહનોના થકી એ લોકો આરામથી એક બે દિવસમાં મક્કાથી મદીના આવી શકશે. એ જ કારણ છે કે એ લોકોનું પંદર દિવસમાં મક્કાથી મદીના મુનવ્વરા ત્રણ ત્રણ વાર આવવું જવું શક્ય છે, જેમ કે આજકાલ છે. ખાસ કરીને જો હવાઈ જહાઝો (એરોપ્લેનો)થી સફર કરે.

તદ્ઉપરાંત મેહદી, ઈસા علیہ الصلوٰۃ والسلام તથા દજ્જાલના સંબંધિત ઘણી હદીષોમાં એ ઈશારો છે કે મોટરો, કારો, અને વિમાનની શોધ થશે અને લોકો એના પર સફર કરશે.

તિબ્રાની કબીરમાં રિવાયત કરે છે (રિજાલે ષિકાત મિન હદીષે અબી મૂસલ અશ્અરીની સનદથી) કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لاتقوم الساعة حتى يتقارب الزمان وتزوى الا رض زيا

"કિયામત રચાતાં પહેલાં સમય એકબીજાની નિકટ થઈ જશે અને જમીન સંકોચાઈ જશે એટલે લપેટી દેવામાં આવશે અને અમુક અમુકથી મળી જશે." *(તિબ્રાની કબીર)*

અને સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

يتقارب الزمان وينقص العلم وفى رواية، العمل، ويلقى الشح ويكثر الهرج

"સમય એકબીજાની નજીક થઈ જશે, ઈલ્મ ઘટી જશે અને એક રિવાયતમાં "અમલ" છે. અને કંજૂસાઈ જોવા મળશે અને લડાઈ, ઝઘડા, ખૂનરેજીમાં અધિક્તા થશે." *(બુખારી, ભાગ–૨, પેજ–૧૦૪૯)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું કથન "સમય એકબીજાની નજીક થઈ જશે તથા જમીન સંકોચાઈ જશે" એ જ મોટરકારો તથા રેલગાડીઓ માટે દલીલ પૂરી પાડે છે. એટલા માટે કે તેના જ થકી જે અંતર પગપાળા અને જાનવરો થકી પહેલાં એક અઠવાડિયામાં કપાતુ હતું તે અંતર હવે અડધા દિવસમાં કપાઈ જાય છે. જે અંતર એક વરસમાં કપાતુ હતુ તે હવે પંદર દિવસથી પણ ઓછામાં કપાઈ જાય છે. એ જ પ્રમાણે પહેલાં જ્યાં જવા માટે એક દિવસ લાગતો હતો ત્યાં જવા માટે હવે એક કલાકમાં રસ્તો કપાઈ જાય છે, જેમ કે જાહેર છે. અને એ જ સ્પષ્ટતા નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી નકલ

થયેલ છે. જેમ કે તિર્મિઝીમાં હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"કિયામત રચાશે નહીં ત્યાં સુધી કે સમય એકબીજાની નજીક થઈ જશે. તો વરસ મહીનાની જેમ થઈ જશે, મહીનો અઠવાડિયાની જેમ અને અઠવાડિયુ એક દિવસના બરાબર, અને એક દિવસ એક ઘડીની જેમ અને એક ઘડી આગની ચિન્ગારીની જેમ." *(તિર્મિઝી)*

અને અહમદે રિવાયત કરી :–

"કિયામત રચાશે નહીં ત્યાં સુધી કે સમય એકબીજાની નજીક થઈ જશે અને એક વરસ એક મહીનાની જેમ થઈ જશે અને મહીનો અઠવાડિયાની જેમ અને અઠવાડિયુ એક દિવસની જેમ અને એક દિવસ એક પળની જેમ અને એક પળ એટલી કે ખજૂરની સૂકાયેલી ડાળનું સળગી જવું." *(મુસ્નદે ઈમામ અહમદ)*

અબૂ યઅ્લાએ પણ આ જ પ્રમાણે રિવાયત કરી પણ ત્યાં શબ્દો આ પ્રમાણે છે : "અને એક દિવસ એવો કે જાણે સૂકાયેલી ડાળીનું સળગી જવું." અસલમાં અહીં રાવીએ ભૂલવાના કારણે ટૂંકાવ્યું છે અને તેમની યાદ શક્તિથી ઘડીનો ઉલ્લેખ નીકળી ગયો છે, નહીં તો હકીકતમાં આ ખૂબી તો ઘડીની છે જેમ કે ઉપર વર્ણન થયેલ છે.

આ રીતે જમીનનું સંકોચાઈ જવું એટલે અમુકનું અમુકથી મળી જવું એનાથી હેતુ એ દર્શાવવાનો છે કે મોટરો અને ગાડીઓ થકી શહેર તથા ગામ એકબીજાની નજીક થઈ જશે. આજે ઘણા વેપારીઓ એક શહેરમાં રહે છે અને તેમની દુકાન બીજા શહેરમાં હોય છે, તેમ છતાં એ વેપારી દરરોજ પોતાના ઘરેથી તે લોકોની જેમ દુકાને આવજા કરે છે જેઓ તે જ શહેરમાં રહે છે. એ જ પ્રમાણે અમુક લોકો કાહિરામાં રહે છે અને ઈસ્કંદરિયામાં કોઈ ઓફિસમાં ઓફિસર છે તો તે જ રોજ પોતાની ઓફીસે જાય છે અને સાંજે ગાડીઓ વગેરેમાં પોતાના ઘરે પાછા ફરે છે. જ્યારે કે એ શહેરની વચ્ચે કમસે કમ એક અઠવાડિયાનું અંતર છે. તો આ રીતે જમીન સંકોચાઈ ગઈ છે, જેમ કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું અને જેમ કે અન્ય હદીષોમાં તેનો ખુલાસો આવ્યો છે.

અહમદે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે





રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"કિયામત રચાતાં પહેલાં ફિત્નાઓ જાહેર થશે, જૂઠની અધિક્તા થશે, બજાર તથા સમય એક બીજાની નજીક થઈ જશે." *(મુસ્નદે અહમદ)*

અહમદે એક અધિક હદીષ હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ :–

"કિયામત રચાશે નહીં જ્યાં સુધી કે અરબની ભૂમી ફરીવાર ચરવાની જગા તથા નહેરો બની જશે અને એટલે સુધી કે ઈરાક તથા મક્કાની વચ્ચે સફર કરનાર માર્ગ ભૂલી જવા સિવાય કોઈ વાતનો ડર રાખશે નહીં." *(મુસ્નદે અહમદ, પેજ–૩૭૦, અલ્જુઝઉષ્ષાની)*

તો અત્યારે ઈરાકથી મક્કા જનારા લોકો કશાય ભય વિના મોટરો તથા બસો વગેરેના થકી જ જાય છે જેમ કે આપણો અનુભવ છે. આ પહેલાં કાસિદ મદીના ઈરાક જતા રહેતા હતા પરંતુ લાંબો સમય તથા ઘણી તકલીફ ઉઠાવ્યા પછી પહોંચતા હતા. તે ઉપરાંત ગરમી અને તરસ વગેરેનો ડર પણ રહેતો હતો. પરંતુ આજે એ સર્વ તકલીફો દૂર થઈ ચૂકી છે અને રસ્તો ભૂલવા સિવાય અન્ય કોઈ તકલીફ નથી. એ ડર પણ તે લોકો માટે છે જેમને એ જંગલો તથા રણોમાં મુસાફરીની આદત નથી એટલા માટે કે મદીના તથા ઈરાકની વચ્ચે રસ્તો કદી સહીહ તથા નિશ્ચિત નથી રહ્યો કે તે રસ્તે ચાલનાર ભટકવાથી બચે.

અને અરબસ્તાનની જમીનમાં ચરવાની જગાઓ અને નહેરોનું અસ્તિત્વ, તો સંદેશ વ્યવહારના થકી અરબસ્તાનના ઘણા ભાગોમાં એવું થયું છે, જે વ્યક્તિ મક્કા તથા મદીના અને જિદ્દા તથા મક્કાની વચ્ચે સફર કરે તે એ જોશે કે હિજાઝ પણ એવું જ થતુ જઈ રહ્યું છે.

એનાથી અધિક સ્પષ્ટતા એ છે જેને દયલમીએ મુસ્નદુલ ફિરદૌસમાં રિવાયત કર્યુ છે. તે કહે છે : (હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત થયેલ છે કે) ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ :–

"કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે લોકો તંદુરસ્તી સાચવવા માટે મદીનાથી શામ (સીરીયા)ની તરફ જતા આવતા રહેશે." *(મુસ્નદુલ ફિરદૌસ)*

આ હદીષ શરીફમાં નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ત્રણ સબબે

મો'જિઝો સાબિત છે :–

**(૧)** એમાં રેલગાડી તથા મોટરો વગેરેની પ્રતિ નિર્દેશ છે. કેમ કે એ વાત બુદ્ધિમાં નથી સમાતી કે શહેરના મોટા ભાગના રહેવાસી તંદુરસ્તીના માટે વીસ દિવસની સફરની તકલીફ ઊંટો પર કરે ? એ લોકોમાં એટલી શક્તિ પણ નથી ! હા ! અમુક તે લોકો જેમણે ત્યાં જવું અતિશય અનિવાર્ય થઈ જાય છે તે જ આ તકલીફોને વેઠે છે. અને મદીના મુનવ્વરાના લોકો જેઓ ખૂદ આરામમાં વધારો ચાહે છે તેઓ તંદુરસ્તીની તલાશમાં મદીનાથી શામ સુધીની મુસાફરી ઊંટ ઉપર કેવી રીતે કરશે ? જ્યારે કે ઊંટ થકી સફરમાં અતિશય તકલીફ તથા મુશ્કેલી ઉઠાવવી પડે છે. જેથી સાબિત થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો નિર્દેશ એ તરફ છે કે આ મુસાફરી મોટરો, બસો તથા રેલગાડીઓ થકી થશે, જેના કારણે લોકોને તંદુરસ્તીની પ્રાપ્તિ, હરવા ફરવાનું, સૈર કરવાના માટે મદીનાથી શામ (સીરીયા) જવું સરળ થઈ જશે.

**(૨)** એ તરફ નિર્દેશ છે કે રેલ્વેના પાટા મદીના મુનવ્વરા સુધી આવશે અને એવું જ થયું જેમ કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈશારો ફર્માવ્યો. અને સીરીયાથી મદીના મુનવ્વરા સુધી રેલ્વેના પાટા નાખવામાં આવ્યા. તુર્કી હુકૂમતના જમાનામાં એ માર્ગે રેલગાડી ચાલતી રહે એટલે સુધી કે પ્રથમ વિ□યુધ્ધમાં જ્યારે તુર્કી તથા અરબસ્તાન હિજાઝમાં જંગ થઈ તો તુર્કીઓએ તેના પાટાઓને ઉખેડી કાઢયા એ રીતે એ રેલ્વે લાઈન ના'બૂદ થઈ ગઈ. અને આજ સુધી એને ફરી ચાલુ કરવા બાબતે ચર્ચાઓ જ ચાલ્યા કરે છે. (લોરેન્સ ઓફ અરબિયા નામના જાસૂસે તે લાઈનને ઠેક ઠેકાણે દારૂગોળો નાખીને ઉખેડી નાખી હતી. *–ઉર્દૂ અનુવાદક*)

**(૩)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું એ ફર્માન કે લોકો તંદુરસ્તીના માટે શામ (સીરીયા) તરફ આવજા કરશે તે હકીકતના મુજબ છે. જેમ કે લોકો હરવા ફરવાના માટે મદીનાથી શામ જાય છે, ખાસ કરીને ગરમીની ઋતુમાં.

બીજી હદીષોમાં પણ મોટરકારોનો ઉલ્લેખ આવ્યે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને ઊંટના કાફલા સાથે સરખાવેલ છે. એક અન્ય રિવાયતમાં ઘોડાની મોટી ઝીન સાથે સરખાવેલ છે. બલ્કે એ લોકોની તરફ નિર્દેશ પણ કર્યો અને અમુક તે સ્થળો નિશ્ચિત કર્યા જ્યાં એ કારવાળા રોકાતા રહે. દા.ત. જુમ્આની નમાઝના માટે કારોમાં લોકો જાય છે તો કારો મસ્જિદના દરવાજે પાર્ક કરે છે. અને કૌમની સ્ત્રીઓની ખાસિયતો પણ વર્ણવી જે એ





કારોની માલિક હશે અને એવા લિબાસ પહેરશે જે સ્ત્રીઓએ કદી પહેર્યા નહીં હોય. એ પ્રકારના પોશાક એક વખતે સ્ત્રીઓમાં સામાન્ય થઈ ગયા જ્યારે મોટરો શોધાઈ. ફિરંગીપણુ જાહેર થયું અને દરેક બિદઅતમાં (નવી ચીજમાં) અંગ્રેજનું અનુસરણ શરૂ કરી દેવામાં આવ્યું. આ વાત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અજીબ મો'જિઝાઓમાંથી છે, જાણે કે આપ જાત અનુભવથી તેમની ખબર આપી રહ્યા છે. અહમદે પોતાની મુસ્નદમાં રિવાયત કરી (હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત છે કે) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

سیکون فی آخر امتی رجال یرکبون علی السروج کأشباه
الرحال ینزلون علی ابواب المساجد نساؤهم کاسیات عاریات
علی رؤسهن کأسمة البخت العجان، العنوهن فانهن ملعونات

"મારી આખરી ઉમ્મતમાં એવા લોકો થશે જેઓ કાઠલા જેમ ઝીનો પર મુસાફરી કરશે અને મસ્જિદોના દરવાજાઓ પર ઉતર્યા કરશે, તેમની ઔરતો પહેરલે કપડે પણ નગ્ન જણાશે. તે સ્ત્રીઓનાં માથાઓ પર કમજોર ઊંટોની ખાંધોની જેમ કોઈ ચીજ હશે. તેમને લઅ્નત કરો ! કેમ કે તે સ્ત્રીઓ મલઊન છે." *(મુસ્નદે અહમદ)*

હાકિમે એને મુસ્તદરકમાં રિવાયત કરી છે, પણ علی السرسج ની જગાએ یرکبون علی المیاثر છે. *(મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૩૬)* અને એ જ હદીષના અંતમાં میاثر ની તફસીર سروج થી કરી છે. હાકિમે કહ્યું કે બુખારી તથા મુસ્લિમની શરતે પર આ હદીષ સહીહ છે.

**તે સ્ત્રીઓ જે કપડાં પહરેલ છતાં નગ્ન જણાય છે,** યૂરોપી લિબાસ પહેરે છે, એમાં હેટ પણ હોય છે, એ જ હેટને જેને નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઊંટની ખાંધ સાથે સરખાવેલ છે. આ પહેલાં આવી ઔરતો જમાનામાં હતી નહીં. તેમના પુરૂષો જેઓ આજે મોટી મોટી કારોના માલિક છે, આ કારો તે જ છે જેને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઊંટોના કાઠલા અને મોટી મોટી ઝીનો સાથે સરખાવેલ છે. આ કારો નાની મોટી વિવિધ મોડલ તથા વિવિધ પ્રકારની હોય છે. આ તે જ લોકો છે જેઓ જુમ્આની નમાઝ અદા કરવાના માટે મસ્જિદોમાં જાય છે અને પોતાની કારો મસ્જિદોના દરવાજાઓ પર પાર્ક કરી દે છે. આ હદીષ મોટરોના બારામાં તદ્દન સ્પષ્ટ છે.

એ ઉપરાંત અમુક અન્ય હદીષોમાં ખબર આપવામાં આવી કે આખર જમાનામાં વેપાર આમ થઈ જશે એટલે સુધી કે સ્ત્રીઓ વેપાર કરશે, બલ્કે સ્ત્રીઓ પુરૂષોને વેપારના કામમાં લગાડશે. અને એવું ઘણુ થઈ રહ્યું છે જેનો ઉલ્લેખ આગળ જતાં આવશે. કેમ કે વેપારના આટલા પ્રમાણમાં ફેલાવવાનું કારણ એ જ છે કે સ્ત્રીઓ એમાં પુષ્કળ પ્રમાણમાં પ્રવેશી ગઈ અને પોતાના પતિઓને બદલે ખૂદ વેપાર કરે છે અને માલ એક શહેરથી બીજા શહેર લઈ જાય છે, જેમ કે પશ્ચિમના દેશોમાં આજકાલ થઈ રહ્યું છે. જાહેર છે આ તે જ મોટરો તથા બસો દ્વારા થયું, કે જેના કારણે સ્ત્રીઓને વેપાર કરવો સરળ થઈ ગયો છે. એટલે સુધી કે રુબાતથી કોઈ બસ ચાલીસ મુસાફરોને લઈને તખ્જા જાય છે અથવા તખ્જાથી "તત્વાન" જાય છે તો એમાં મોટા ભાગના મુસાફરો સ્ત્રી વેપારીઓ હોય છે. એ જ પ્રમાણે કેટલીકવાર ટ્રામમાં કેવળ સ્ત્રીઓ જ હોય છે અને ટ્રેનો તથા બસોમાં ક્યારેક સ્ત્રીઓ સિવાય કોઈ મુસાફરી નથી કરતું, જેમ કે આપણે કેટલીયે વાર અનુભવ કર્યો છે. મકસદ એ છે કે એ સ્ત્રીઓને એટલી સરળતા કેવળ આધુનિક વાહનોના થકી પ્રાપ્ત થયેલ છે. જો આ ચીજો ન હોત તો સ્ત્રીઓ ઘરોમાં બેસી રહેત જેમ કે આજથી પહેલાંના જમાનામાં થતુ હતું અને જેને સૌ કોઈ જાણે છે.

## ★ એરોપ્લેન અને તેના વિવિધ પ્રકારોનું વર્ણન ★

એ જ બનાવોમાંથી કે જેને આપણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનના પ્રમાણે જોઈ રહ્યા છીએ તે એ કે ઊંચાઈએ ઉડવું, મુસાફરોને લઈ જતું વિમાન (એરોપ્લેનની શોધ ઈ.સ. ૧૯૦૩ માં બે અમેરિકાવાસીઓ ઓરવીલ અને વેર રાઈટે કરી) જે સેંકડો વ્યક્તિઓને તેમના જરૂરી સામાનની સાથે અને ખાવા પીવાની ચીજો સાથે ઉઠાવે છે અને બોમ્બવર્ષા કરતું લડાયક વિમાન જે શહેરો તથા આબાદીઓને ઘણા ભારે ભારે બોમ્બ વડે વિરાન કરી મૂકે છે. એ બંનેના બારામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો છે.

મુસાફિરોને લઈ જતુ હવાઈ જહાજ (એરોપ્લેન) તો આ હદીષમાં દાખલ છે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કિયામત આવવાથી પહેલાં જમાનો તથા બજાર એકબીજાથી નિકટ થઈ જશે અને જમીન સંકોચાઈ જશે. તે





ઉપરાંત તે તમામ હદીષો જેમાં મોટરો તથા બસો વગેરેની તરફ નિર્દેશ છે તે એના માટે દલીલ પૂરી પાડે છે બલ્કે હવાઈ જહાઝ પર એ અધિક દરજે લાગુ પડે છે એટલા માટે કે એ તો જમીનનું અંતર પાર કરવામાં અને સમયને નજીક કરવામાં ખૂબ જ અધિક પ્રમાણમાં તેજ છે. ભૂતકાળના જમાનામાં જે અંતર એક સાલમાં કાપી શકાતુ હતુ એમાં હવે એક દિવસ લાગે છે. પહેલાં હાજીઓ મરાકશથી હિજાઝ એક વરસે પહોંચતા હતા આજે તેઓ એરોપ્લેનોના સહારે એક દિવસથી ઓછા સમયમાં પહોંચી જાય છે. એ જ પ્રમાણે એરોપ્લેન એ હદીષોમાં દાખલ છે જે દજ્જાલના બારામાં છે કે તે લગભગ દોઢ વરસના ગાળામાં આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરશે અને સર્વ શહેરોમાં ઘુમશે. આટલા અરસામાં પૃથ્વીના પટની પ્રદક્ષિણા એ જ સંજોગોમાં શક્ય છે કે કદીક તે મોટરોમાં સફર કરે તો કદી હવાઈ જહાઝોમાં (એરોપ્લેનમાં) સફર કરશે.

પાછળ અમે વર્ણન કર્યું છે જેનાથી સાબિત થઈ જાય છે કે તે હવાઈ જહાઝો થકી પણ સફર કરશે. જેમ કે મુસ્લિમમાં નવાસ ઈબ્ને સમ્આનથી જે હદીષ રિવાયત થયેલી છે એમાં એ છે કે :–

قلنا یارسول اللّٰہ وما اسراۃ فی الارض قال کالغیث اوتدبرہ الریح

"અમે અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! તે જમીનમાં કેટલો ફાસ્ટ ચાલશે ?! ફર્માવ્યું, એ વાદળની જેમ જેને હવા પાછળથી ધક્કો આપતી હોય." *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૪૦૧)*

તિબ્રાનીમાં રિવાયત છે :–

قیل یارسول اللّٰہ فما سرتہ فیالارض؟ قال کالسحاب استدبرہ الریح

"કહેવામાં આવ્યું કે યા રસૂલલ્લાહ ! તેની ગતિની તીવ્રતા જમીન પર કેટલી હશે ? ફર્માવ્યું, એ વાદળની જેમ જેને હવા પાછળથી ધક્કો આપે છે." *(તિબ્રાની)*

અને આકાશમાં હવાઈ જહાઝ (એરોપ્લેન) એવી રીતે જ ઉડે છે જે શખ્સે એરોપ્લેનના જમીન પર ઉતરતી વખતે તે તેજ ચાલનારાં વાદળોને જોયાં હોય તે જાણે લેશે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેનાં જે ગુણો બયાન કર્યાં જે જરા પણ તફાવતવાળાં નથી જાણે આપ તેમને એ રીતે જોઈ રહ્યા હતા જેવી રીતે અત્યારે આપણે જોઈએ છીએ. (આધુનિક જેટનો ઉપયોગ એ રીતે

થાય છે જેવી રીતે હવા વાદળને ધક્કો મારતી હોય.)

તિબ્રાની કબીરીમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لاتقوم الساعت حتی لاتنطح ذات قرن جماء وحتی یبعث الغلام الشیخ بریدابین الا فقین وحتی یبلغ التاجر بین الافقین فلا یجد ربحا

"કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે નવયુવાન માણસ વૃદ્ધને કાસિદ (મેસેન્જર) બનાવીને આસ્માનના બે કિનારાઓ દરમ્યાન મોકલે અને ત્યાં સુધી કે વેપારી આસ્માનોના કિનારાઓની દરમ્યાન પહોંચશે તો પણ નફો પામશે નહીં. *(તિબ્રાની, કબીર)*

અને એની જ એક રિવાયતમાં છે કે કિયામત આવવાથી પહેલાં સ્થિતિ એ હશે કે લોકો કેવળ ઓળખીતા પારખીતાને જ સલામ કરશે, મસ્જિદને રસ્તો બનાવી લેશે અને તેમાં અલ્લાહના માટે સજદો નહીં કરે. નવયુવાન ઘરડાને સંદેશવાહક (કાસિદ) બનાવીને બે ક્ષિતિજોની વચ્ચે મોકલશે. વેપારી બે ક્ષિતિજો દરમ્યાન જશે તો પણ નફો મેળવશે નહીં. *(તિબ્રાની કબીર, મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૪૬)*

ક્ષિતિજ પર માણસ હવાઈ જહાઝ (એરોપ્લેન) સિવાય અન્ય કોઈ ચીજ વડે નથી પહોંચી શકતો. કેટલાયે નવયુવાન રાજાઓ એવા છે જેઓ પોતાના નાયબ અથવા વૃદ્ધ વઝીરને સફીર બનાવીને વિમાનમાં રવાના કરે છે, ત્યાં સુધી કે તે ક્ષિતિજમાં પહોંચી જાય છે. અને કેટલાયે એવા વેપારીઓ છે જેઓ પોતાની સાથે હલકો ફુલકો પરંતુ કિંમતી સામાન લઈને વિમાનોમાં મુસાફરી કરે છે પરંતુ જો એ જ વેપારી વેપારનો સામાન લઈને ન જાય તો તેને કાંઈ નફો ન થાય. જેમ કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું.

પછી બે એક મહીના પછી એ જ વેપારી અમુક વેપારનો સામાન કોઈ શહેરમાં લઈ જઈને વેચે તો પણ પાછો આવશે તો એવું જ કહેશે કે કાંઈ નફો ન થયો. *(મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૪૬)*

## ★ જંગી બોમ્બર વિમાનો ★

લડાયક વિમાનોનું વર્ણન કુર્આનમાં પણ છે (બોમ્બરની શોધ ઈ.સ. ૧૯૩૦ માં બ્રિટનના નાગરિક વિટલે કરી) અને હદીષોમાં પણ





તેનો ઉલ્લેખ છે :–

કુર્આને કરીમ ઈર્શાદ ફર્માવે છે :–

والمرسلات عرفا، العا صفات عصفا، والنا شرات نشراً فالفارقات فرقاً فالملقیات ذکراً، عذراً اونذرًا، انما توعدون لواقع

"કસમ તેની જે લગાતાર છોડવામાં આવે છે પછી તબાહ તથા બર્બાદ કરી દેનાર, પછી પ્રસારિત કરનાર પછી ખૂબ જુદા કરી દેનાર, પછી ગંભીર ચર્ચા કરવાના માટે મુલાકાત કરનાર, માફી માંગતા કે અંજામથી ડરતાં, બેશક ! જે વાતનો તમને વાયદો આપવામાં આવે છે તે જરૂર થઈને રહેશે." *(સૂરએ મૂરસિલાત, પારા–૨૯, આયત–૧ થી ૭)*

આ તમામ ગુણો લડાયક વિમાનોનાં છે કે તેઓ બોમ્બવર્ષા કરીને તબાહી ફેલાવે છે. "અસ્ફુન"ના શબ્દકોષમાં બે અર્થો થઈ શકે છે : (૧) એ કે લોકો ચરી ખાધેલી ખેતિનાં પાંદડાંઓ જેમ થઈ જાય છે. (૨) ક્યારેક તો બોમ્બ નિશાન ચૂકી જાય છે એ પણ 'અસ્ફુન"ના અર્થમાં છે. જંગના મેદાનમાં લશ્કરને તથા શહેરોમાં રહેનારાઓને રક્ષાત્મક યુક્તિઓ અપનાવવા તથા જંગના એલાન માટે સરકારી ફર્માનો પ્રસારિત કરવામાં આવે છે. લોકોમાં તથા લશ્કરોમાં ગભરાહટ પેદા થઈ જાય છે એટલા માટે કે તે બોમ્બોનો ધાક અને ગર્જનામય અવાજ તેના પરિણામ કરતાં અધિક સખત છે, લોકો તે વિમાનો નીચે તદ્દન રોકાતા નથી બલ્કે તેને દૂરથી જોતાં જ લોકોમાં ભાગદોડ મચી જાય છે અને તેઓ છુપાવા માટે શરણ સ્થાન અને ખાઈઓ (બંકરે)ની તરફ ભાગે છે. પછી બાદમાં સંપર્કો કરે છે અને નિષ્પક્ષ વિસ્તારો તથા ગૈર ફોજી ઠેકાણાઓ પર બોમ્બવર્ષાની માફી માંગે છે, તો એ મજબૂરી થઈ અથવા ડરીને મુલાકાત કરે છે કે ત્યાંના રહેવાવાળા ડર અનુભવે છે, ધમકીઓ આપે છે, ડરાવે છે અને યુદ્ધ વિરામ ચાહે છે. તદ્ઉપરાંત આ પ્રકારની ઘણી સ્થિતિઓ ઉભી થાય છે જેમ કે મશહૂર છે. અને અલ્લાહ તઆલા ફર્માવે છે :–

## ★ બોમ્બ વર્ષા ★

قل هوالقادرعلی ان یبعث علیکم عذابامن فو قکم اومن تحت ارجلکم

"તમે ફર્માવો કે તે કાદિર છે કે તમારા પર અઝાબ મોકલે, તમારી

ઉપરથી કે તમારા પગો નીચેથી.'' *(સૂરએ અન્આમ, આયત–૬૫)*

આ આયત એના પર ઉતરેલી છે કે વિમાનોએથી બોમ્બવર્ષા થશે. (બોમ્બનો શોધક ટોલ્ટ નામનો અમેરિકન હતો જેણે ઈ.સ. ૧૯૧૬ માં બોમ્બ શોધ્યો.) રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمને આ આયતના બારામાં પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે, ''આવું થનાર છે અને હજી સુધી એની તાવીલ નથી આવી.'' (અહમદે પોતાની મુન્સદમાં સઅદ ઈબ્ને અબી વક્કાસથી હસન સનદ સાથે આ હદીષ રિવાયત કરી.) આ આયતથી નિશ્ચિતપણે એ સાબિત થયું કે ઉપરથી આવનારા અઝાબથી મુરાદ એ જ બોમ્બ છે જે બોમ્બવર્ષામાં ફેંકવામાં આવે છે કેમ કે ભૂતકાળમાં આ ઉમ્મત પર એવો કોઈ પ્રસંગ ઉપસ્થિત થયો નથી એ સિવાય કે બોમ્બવર્ષા કરતાં વિમાનો શોધાયાં અને પછી બોમ્બો થકી આ બનાવ બન્યા. જ્યારે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આપના પછી આ વસ્તુ ચોક્કસ થવાની છે, જેથી એ વાત એકદમ જાહેર થઈ ગઈ કે આયતમાં બોમ્બવર્ષા કરતાં વિમાનો જ મુરાદ છે. અને જંગોમાં એવું થયું કે ઉપરથી બોમ્બવર્ષા કરવામાં આવી બલ્કે લોકો તો એનાથીય અધિક વિનાશકારી ચીજ એટલે કે એટમબોમ્બ બનાવી ચૂક્યા છે કે જે આખી દુનિયા માટે એક પ્રકારનો અઝાબ અને મુસીબત છે. (એટમ બોમ્બની શોધ ઈ.સ. ૧૯૪૫ ઓપન હુમેર અમેરિકને કરી.) એટમ બોમ્બના બારામાં ખાસ રીતે બીજી આયતમાં પણ ઉલ્લેખ થયો છે.

## ★ વિસ્ફોટક સુરંગો ★

પગોની નીચેથી અઝાબ એ આ વિસ્ફોટક સુરંગોની પ્રતિ નિર્દેશ છે. (વિસ્ફોટક સુરંગની શોધ ઈ.સ. ૧૮૬૬ માં નોબલ નામના સ્વીડનના વતનીએ કરી.) કે જે જમીનમાં બિછાવી દેવામાં આવી છે, જ્યારે દુશ્મન તેના પરથી પસાર થાય છે તો તે ફૂટી જાય છે અને દુશ્મનનો નાશ થાય છે. અથવા બિલ્ડિંગો તથા ઈમારતોમાં સુરંગો લગાડી દેવામાં આવે છે તો તે ઈમારતો તે લોકો પર તૂટીને પડી જાય છે જેમને અઝાબ આપવાનો તથા હલાક કરવાનો અલ્લાહે ઈરાદો ફર્માવી લીધો હોય. એના બારામાં એક અજીબ હદીષ છે : રિવાયત કરી અહમદે પોતાની મુસ્નદમાં સહીહ સનદ સાથે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–





لاتقم الساعت حتی تمطر السماء مطرا لاتکن

منها بیوت المدرولا تکن منها الابیوت الثعر

''કયામત કાયમ થતાં પહેલાં એવી વર્ષા થશે કે તેના કારણે તંબુઓ સિવાય કોઈ પાકુ મકાન બાકી રહેશે નહીં. *(મુસ્નદે અહમદ, બીજો ભાગ, પેજ–૬૭૬)*

એવો વરસાદ કે જેનાથી પાકાં મકાનો પણ બાકી ન રહે તે યકીનન બોમ્બવર્ષા છે જેના કારણે દરેક પાકુ મકાન રહેનારાઓ પર પડી જાય છે. ભલે બોમ્બ કોઈ મકાન પર ન પડે પરંતુ તેના ફાટવાની શક્તિ એટલી હોય છે કે આસપાસનાં મકાનો તેનાથી ખૂબ અસર પામે છે જેથી આ રીતે પાકાં મકાનો તબાહ થઈ જાય છે. પરંતુ તે લોકો જેઓ જંગલોમાં તંબુઓમાં વસે છે તેમના તંબુઓને આ બોમ્બવર્ષાથી કોઈ નુકસાન નથી પહોંચતું. એટલા માટે કે જો બોમ્બ તે તંબુઓ પર ન પડે તો તેનાથી તે લોકોને કોઈ નુકસાન થશે નહીં જેઓ ગુફાઓમાં તથા પથ્થરોમાં શરણ લે છે. જો બોમ્બની શોધ ન થાત તો આ હદીષનો અર્થ કોઈ સમજી શકત નહીં.

## ★ એટમ બોમ્બ તથા હાઈડ્રોજન બોમ્બ ★

બોમ્બવર્ષા કરતાં વિમાનો જે બોમ્બોને તબાહી ફેલાવવા માટે ફેંકે છે એમાં એટમ બોમ્બ તથા હાઈડ્રોજન બોમ્બ પણ છે. જે હાલમાં જ શોધાયો છે. જો કે વર્ણન થયેલી ઉપરની આયતમાં એ પણ સામેલ છે પરંતુ એક અધિક આયત વડે તેમનું અલગથી વર્ણન છે. અલ્લાહ તઆલાએ કિયામતની નિશાનીઓમાં ફર્માવ્યું :–

حتی اذا اخذت الارض زخرفها واز ینت وظن اهلها انهم قادرون

علیها اتاهاامرنا لیلا اونهارا فجع لنا ها حصید اکان لم تغن بالا مس

''એટલે સુધી કે જ્યારે જમીને પોતાનો હાર શણગાર લઈ લીધો અને ખૂબ સજી ધજીને તૈયાર થઈ ગઈ અને તેના માલિક સમજ્યા કે અમારા વશમાં આવી ગઈ. અમારો હુકમ એના પર આવ્યો રાતમાં કે દિવસમાં તો અમે તેને ખેતી કરી દીધી કાપેલી જાણે કાલે હતી જ નહીં.'' *(સૂરએ યૂનુસ, આયત–૨૪)*

દુનિયાવાળા એટલે કાફિરો એવું સમજે છે કે આ શોધોને કારણે તેમને આસાની થઈ ગઈ છે અને હવે તેઓ જમીન પર જેવું ચાહે કરી શકે છે, ચાહે સુધારણા કરે કે બગાડે, બનાવે કે બગાડે. પરંતુ તેમનું આ ગુમાન ત્યાં સુધી યકીનમાં ફેરવાશે નહીં અને એ સમય સુધી તેઓ એના પર શક્તિમાન થઈ શકશે નહીં જ્યાં સુધી કે તેમને અણુશક્તિ તથા અણુબોમ્બ પર પ્રભુત્વ ન થઈ જાય જેમ કે સૌ એ વિશે જાણે છે.

એના પરથી એ વાત જાણવા મળી કે કિયામત ખૂબ જ નજીક છે અને કિયામતની મોટી મોટી નિશાનીઓ એટલે મહદીનો ઝહૂર અને ઈસા عليه السلام નું ઉતરાણ આજકાલમાં થનાર છે અને અલ્લાહ તઆલાના કૌલ (اتاها امرنا ليلاو نهارًا)નો મતલબ એ છે કે જે લોકોની પાસે આ બોમ્બ હશે તેઓ આપસામાં એકબીજા પર સવાર થવાની કોશિશ કરશે અને યુદ્ધ કરશે અને એ જ જંગ દુનિયાની વિરાનીનો સબબ બનશે અને એના જ કારણે દુનિયા જાણે કપાએલી ખેતિની જેમ થઈ જશે, જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું.

ખૂદ અણુબોમ્બ (એટમ બોમ્બ) બનાવવાવાળાઓનું કહેવું છે કે એના કારણે આખી દુનિયા વિનાશ પામશે, એના કારણે દુનિયાવાળાઓ પર એક ભય છવાયેલો છે. પરંતુ આ પ્રકારની જંગ તે વખતે થશે જ્યારે ઈમામ મહદી તશરીફ લાવશે. હઝરત ઈસા عليه السلام દજ્જાલની કત્લ માટે ઉતરાણ કરશે, સૂરજ પશ્ચિમથી ઉગશે, દાબ્બતુલ અર્દ જાહેર થઈ જશે અને તમામ નિશાનીઓ જાહેર થઈ ચૂકી હશે જે ખરેખર થનારી છે.

## ★ ટેલીફોન, ટેલીગ્રાફ, ટેલીવિઝન અને પ્રેસ ★

એમાંથી જ ટેલીફોન (ગ્રેહામ બેલ અમેરિકન, ઈ.સ. ૧૮૭૬), ટેલીગ્રાફ (વિલિયમ કૂક બ્રિટનવાસી, ઈ.સ. ૧૯૨૬) પ્રેસ (હુલ અમરિકી ગટનબર્ગ, ઈ.સ. ૧૮૮૯) છે. અલ્લાહ તઆલાના કથન : ويقذ فون بالغيب من مكان بعيد માં એના પ્રતિ નિર્દેશ છે બલ્કે તદ્દન જાહેર છે. **તર્જુમો** : અને તે દૂર જગાએથી ગયબ ફેંકી મારે છે." (ગયબ એટલે આપણાથી અદશ્ય દરેક ચીજ) એ ઉપરાંત આ તે હદીષોથી સાબિત છે જેમાં સમયના આપસમાં નજીક થઈ જવાનું અને જમીનના



ઈસ્લામ અને આધુનિક શોધો

લપેટાઈ જવાનું વર્ણન છે. જેમ કે શરીરોના એક બીજાથી ઝડપભેર આપસમાં મળવાથી જમીન લપેટાઈ ગઈ છે, એ જ પ્રમાણે અવાજોના એક શહેરથી બીજા શહેરમાં પહોંચવામાં અને એક જ ક્ષણમાં વિ□ના એક ખૂણાથી બીજા ખૂણા સુધી જવાથી જાણે કે જમાનો લપેટાઈ ગયો છે. એ રીતે રેડીયો અને ટેલીગ્રાફ પણ આ દર્શાવેલ આયત અને પાછલી હદીષોથી સાબિત છે અને જે આગળ આવી રહ્યું છે કે ચાંદ જોવાની ખબર તરત જ દૂર દૂર સુધી પહોંચી જશે. એના પરથી પણ ટેલીગ્રાફની તરફ ઈશારો થાય છે.

નિસાઈએ અમ્ર ઈબ્ને તગલુબની હદીષ નકલ કરી છે. ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે :—

ان من اشراط الساعت ان يفشوا المال ويكثر وتفشوا التجارة، ويظهر العلم، ويبيع الرجل البيع فيقول لا حتىٰ استامر تاجر بنى فلاں

"કિયામતની નિશાનીઓમાંથી એ છે કે માલ ફેલાઈ જશે અને વિપુલતા થશે, વેપાર આમ થઈ જશે, ઈલ્મ જાહેર થશે અને કોઈ શખ્સ વેચાણ કરશે તો કહેશે કે થોભો ! પહેલાં ફલાણી જગાના વેપારી સાથે મશ્વરો કરી લઉં." *(નિસાઈ, ભાગ–૨, પેજ–૧૮૭)*

અને એ તમારો તથા અમારો અનુભવ છે કે મોટા મોટા વેપારીઓ જ્યારે કોઈ વેચાણ કરે છે તો તાર ટેલીફોન થકી પોતાના અન્ય સાથીઓથી જે કોઈ બીજા શહેરમાં હોય છે તેમની સાથે મશ્વરો કરે છે કે ક્યાંક ભાવ ઓછો કે વધારે ન થઈ ગયો હોય અથવા તેના ભાગીદારે એ માલનો સોદો કોઈ બીજા સાથે ન કરી નાખ્યો હોય વગેરે વગેરે. તો હવે આ વેપારી માટે પેલો વેપારી જે દૂર બેઠો છે અને કોઈ અન્ય ઈલાકામાં કે કોઈ અન્ય શહેરમાં છે એનાથી વેચાણ કરતી વેળા મશ્વરો કરવો ટેલીફોન અથવા ટેલીગ્રામ સિવાય કોઈ અન્ય ચીજથી શક્ય નથી.

એક અન્ય હદીષ શરીફમાં રેડીયો તથા પ્રેસ બંને પ્રતિ નિર્દેશ છે. દારમીએ મુસ્નદમાં તથા અબૂ નુઐમે હિલ્યામાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :—

ان اللّٰه تعالىٰ قال ابث العلم فى آخرا لزمان حتى يعلم الرجل والمرأة والعبد والحر والصغير والكبير فاذا فعلت ذالك بهم اخذ تهم بحقى عليهم

''રબ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે આખર જમાનમાં હું ઈલ્મને એ રીતે ફેલાવીશ કે દરેક મર્દ તથા ઔરત, આઝાદ તથા ગુલામ, બાળકો તથા મોટાઓ એને મેળવી લેશે.'' જ્યારે હું આવું કરીશ તો મારા હક્કના કારણે તેમની પકડ કરીશ.'' *(દારમી)* (જે મારો તેમના પર છે અને તે તેમણે અદા નથી કર્યો.)

જાહેર છે કે ઈલ્મના આ રીતે આમ (સામાન્ય) થઈ જવાનુ કારણે તે ચર્ચાઓ, બહષો, લખાણો તથા તકરીરો છે જે રેડીયો, ટી.વી. પરથી સમયે સમયે પ્રસારિત કરવામાં આવે છે. આ હદીષ શરીફથી પ્રેસો તથા મુદ્રણાલયોની સાબિતી પણ થઈ જાય છે કેમ કે એના ફાયદા પણ એ જ છે. પણ પ્રેસથી ભણેલો ગણેલો અને શિક્ષિત વ્યક્તિ જ ફાયદો ઉઠાવી શકે છે જ્યારે કે રેડીયો અને ટી.વી. દરેક વ્યક્તિના માટે આમ છે ચાહે જાહિલ ગંવાર હોય કે શિક્ષિત. ટી.વી.નો પ્રોગ્રામ ''તા'લીમે બાલિગાં'' એની ઉઘાડી સાબિતી છે.

એક અન્ય હદીષ શરીફમાં જેમાં ખાસ રેડીયોનું સમર્થન મળે છે. ઈબ્ને માજહએ અબૂ માલિક અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

ليشربن ناس من امتى الخمر يسمونها بغيرا سمهايضرب على رؤسهم بالمعاز ف والمغنيات يخف الله بهم الارض ويجعل منهم القردة والخناز ير

''મારી ઉમ્મતમાં કેટલાક લોકો શરાબ પીશે અને તેનું નામ બદલી નાખશે. એમનાં માથાંઓ પર ગીતો વાગી રહ્યાં હશે (ઈયર ફોન) અને એના પ્રકારની બીજી ચીજો હશે અલ્લાહ તઆલા તેમને જમીનમાં ધસાવી દેશે અને તેમનામાંથી વાનર તથા સુવ્વર બનાવી દેશે. *(ઈબ્ને માજહ, પેજ–૨૯૦)*

વર્તમાનકાળમાં લોકોએ વિવિધ નામથી શરાબ બનાવી લીધી છે અને તેને હલાલ કરી રાખેલ છે. જેનાથી એ જાહેર થાય કે તે શરાબ નથી, જો કે તે શરાબ જ છે. શરાબખાનાંઓમાં તેમજ અન્ય મોજ મજા, મનોરંજનના સ્થળોએ તથા મકાનોમાં લોકો શરાબ પીએ છે અને રેડીયો તથા ગ્રામોફોન વગેરે તેમનાં માથાંઓ પર વાગતાં રહે છે. અલ્લાહની પનાહ ! અલ્લાહ તેમને ક્યાંક ધસાવી ન દે.





આ હદીષને વિવિધ રીતે સહાબીઓની જમાઅતે રિવાયત કરી છે. સહીહ બુખારીમાં અબૂ આમિર અથવા અબૂ માલિક અશ્અરી رضی اللہ عنہما એ એને આ પ્રમાણે વર્ણન કરી :–

ليكونن من امتى اقوام يستحلون الخمر والحرير

**તર્જુમો** : ''મારી ઉમ્મતમાં કેટલાક લોકો હશે જેઓ શરાબ તથા રેશમને હલાલ બનાવી લેશે.'' *(બુખારી, ભાગ–૨, પેજ–૮૩૭)*

અને એમાં આ પ્રમાણે છે :–

ويمسخ اخرين قردة وخنازير الىٰ يوم القيامت

**તર્જુમો** : ''અને બીજા કિયામત સુધી વાંદરા તથા સુવ્વરના રૂપમાં ફેરવી દેવામાં આવશે.'' *(હવાલો ઉપર મુજબ)*

એક અન્ય હદીષ શરીફમાં જે કિયામતની નિશાનીઓના બારામાં છે રેડીયો વિશે પણ ઓપન નિર્દેશ છે. હઝરત ઔફ ઈબ્ને માલિક رضی اللہ عنہما ફર્માવે છે કે એ હદીષમાં આ પ્રમાણે છે : واتخذ القرآن مزامير ''લોકો કુર્આનને ગીત બનાવી લેશે.'' *(તિબ્રાની કબીર)*

ઈબ્ને માજહ્‌ની આ હદીષની અસ્લ (દલીલ) એ છે કે જેમાં ઉમ્મતના તોતેર (ફિર્કા) થઈ જવાનો ઉલ્લેખ છે. *(ઈબ્ને માજહ્, પેજ–૨૯૬)*

હવે તમે જુઓ છો કે રેડીયોથી તિલાવત થાય છે અને તેનાથી નગ્માઓ તથા ગાયનો પ્રસારિત કરવામાં આવે છે, જાણે કુર્આન ગાવા વગાડવાનું સાધન થઈ ગયું, ક્યારેક ગીતો પછી ક્યારેક મ્યુઝિક બાદ તિલાવત પ્રસારિત થાય છે. (વળી હાલમાં પ્રોગ્રામોના સેટીંગમાં કોઈ વાત સમાચાર રજુ કરતાં પહેલાં ખાસ પ્રકારનું મ્યુઝિક ચાલે છે પછી સમાચારો વગેરે રજુ થાય છે. વચ્ચે પણ એવું થતુ રહે છે જેમ કે બી.બી.સી. વગેરેના ન્યુઝમાં થાય છે એવું જ ધાર્મિક પ્રોગ્રામની રજુઆતમાં પણ થાય છે. ! *–ગુજરાતી અનુવાદક*) બીજુ એ કે જેવી રીતે લોકો ગીતો સાંભળીને આનંદ પામે છે તેમ આ રીતે કુર્આન સાંભળીને આનંદ પામે છે, જાણે કે તેને પણ ગાવાની એક પ્રકારની ચીજ બનાવી લીધી અને જાહેર છે કે એ ચીજ રેડીયો થકી પેદા થઈ છે જેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે.

## ★ સબમરીન તથા મિસાઈલ ★

આ જ પ્રસંગોમાંથી કે જેને અમે ફર્માને નબવી صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રમાણે જોઈએ છીએ સબમરીનનું જોવું પણ છે. અલ્લાહ તઆલાનું ફર્માન :–

قل هوالقادر علىٰ ان يبعث عليكم عذا باً من فوقكم اومن تحت ارجلكم

**તર્જુમો** : "તમે ફર્માવી દો કે તે એના પર કાદિર (શક્તિમાન) છે કે તમારા ઉપર અને તમારા પગોની નીચેથી અઝાબ મોકલે." *(સૂ. અન્આમ, આ. ૬૫)* પરથી પણ સબમરીન સાબિત થાય છે. પાછળ અમે એક હદીષ શરીફ વર્ણન કરી (અહમદે મુસ્નદમાં સઅદ ઈબ્ને અબી વક્કસ رضی اللہ عنہما થી) કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ આયતે કરીમાના વિશે સવાલ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું કે, "એવું થવાનું છે અને હજી સુધી એની તા'વીલ સામે નથી આવી." હવે એની તાવીલ એ રીતે થઈ કે બોમ્બવર્ષા કરતાં વિમાનો, મિસાઈલ તથા સબમરીન અસ્તિત્વમાં આવ્યાં. કેમ કે પાછલા મુફસ્સિરોના સમયમાં આ પ્રકારની ચીજો હતી નહીં એટલા માટે તેમણે ઉપરથી અઝાબ આવવાની તફસીર રાજાઓ થકી કરી કે રાજાઓનો ગુસ્સો જાણે કે ઉપરથી અઝાબ નાઝિલ થાય છે અને પગોની નીચેથી અઝાબની તફસીર ગુલામો થકી કરી, અને જાહેર છે કે એવું નથી. પરંતુ એમણે કોઈ એવી ચીજ ન જોઈ જે આ આયતના પ્રમાણે હોવાની લાયકાત ધરાવતી હોય એટલા માટે તેમણે આવી તફસીર કરી પરંતુ આપણા જમાનામાં હવે અલ્હમ્દુલિલ્લાહ ! એ ચીજો મૌજૂદ છે જેનાથી અર્થો તદ્દન સહીહ સમજમાં આવી જાય છે.

## ★ ફોટોગ્રાફી અને ટેપ રેકોર્ડર ★

એમાંથી જ જમાદાત (નિર્જીવ ચીજો)નું બોલવું છે જેમ કે ફોટોગ્રાફી તથા ટેપ રેકોર્ડર. (અહમદે મુસ્નદમાં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી.) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

الذى نفسى بيده لاتقوم الساعة حتى تكلم السباع الانس، وحتى تكام
الرجل عذبة وسوطه وشراك نعله تخبره بما قحاث اهل من بعده

"તે જાતની કસમ જેના કબજામાં મારી જાન છે ! કિયામત કાયમ





થશે નહીં ત્યાં સુધી કે જાનવરો માનવોથી વાત કરશે અને માણસના કોરડાનો ફંદો અને તેના જોડાની દોરી તેની સાથે વાત કરશે અને ઘરમાં તે માણસના પછી જે કાંઈ થયું તેની ખબર આપશે." *(તિર્મિઝી, પેજ–૩૧૮, મસ્તદરક, ભાગ–૪, પેજ–૪૬૭)* (અને એમણે જ રિવાયત કરી તિર્મિઝીમાં અને એને હસન સહીહ ગરીબ દર્શાવી અને હાકિમે મુસ્લિમની શર્તે સહીહ કહી અને અબૂ નુઐમે હિલ્યામાં) અને અબૂ હુરૈરહ્ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ આ હદીષને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી છે અને તે આ શબ્દોમાં છે :–

انها امارات من امارات بين يدى الساعة اوشك الر جل ان يخرج
فلا يـر جـع حتـى يحدثه نعلاه وسوطه ما احدث اهله من بعده

"એ કિયામતની નિશાનીઓમાંથી છે, નજીક છે કે માણસ જ્યારે ઘરેથી નીકળે અને જ્યારે પાછો આવશે તો જે કાંઈ તેનાં ઘરવાળાંઓએ તેની પછી કર્યું હશે તેને એ માણસના જોડા અને ચાબુક જણાવી આપશે. *(મુસ્નદે અહમદ)*

આ તે નાના યંત્ર તરફ નિર્દેશ છે જે હાલમાં જ શોધાયેલ છે અને તેને માણસ હાથમાં પણ છુપાવી શકે છે અને ખિસ્સામાં પણ રાખી શકે છે. એ યંત્ર મજલિસવાળાઓની વાતોને ટેપ કરી લે છે જેથી તેમની વાતો તથા તેમના અવાજો તેમની વિરૂધ્ધ દલીલ બની શકે જ્યારે કે મજલિસવાળાઓને એની ખબર પણ નથી પડતી. હદીષ શરીફ એવું દર્શાવી રહી છે કે આ યંત્ર આમ (સામાન્ય) થઈ જશે. ઘરમાં છોડી જશે જેથી તે તેના બાદ થનારી વાતોને રેકોર્ડ કરે અને જ્યારે તે પાછો આવે તો તે લોકોની વાતચીત સાંભળે જે તેમણે તેના ગયા પછી કરી. જાણે તે યંત્ર તે માણસને તેની ગેરહાજરીમાં બનનારી વાતો વર્ણન કરી રહેલ છે. અમેરિકા અને યૂરોપમાં એવું જ થાય છે, ભલે હજી આપણા સુધી તે નથી પહોંચ્યું પણ સરકારી કામોના ઉપયોગ માટે તે દરેક શહેરમાં મૌજૂદ છે. (અને હવે તો આ ટેપરેકોર્ડર કેટલું સામાન્ય થઈ ગયું એ કહેવાની જરૂરત નથી ! *–ગુજરાતી અનુવાદક)*

જે જમાનામાં મારી ઝબાનબંદી કરવામાં આવી (બોલવા પર પ્રતિબંધ) ત્યારે હું જેલમાં એક તાળુ મારેલી ઓરડીમાં બંધ હતો. બે ત્રણ દિવસ પછી એક માણસ દરવાજા પર આવ્યો અને મને પોકારીને પૂછયું કે

વાંચતાં લખતાં આવડે છે ? મેં કહ્યું, હા ! તો તે માણસે દરવાજા નીચેથી એક પત્ર અંદર દાખલ કર્યો અને કહ્યું કે એને વાંચી લો પછી મને પાછો આપી દો. આ પરચામાં એવું લખ્યું હતું કે, ''સબ્ર કરો ! સબ્ર માત્ર અલ્લાહ તરફથી જ છે.'' એ લોકોએ જેલની બહાર તમારા માટે એક રૂમ નક્કી કર્યો છે છે જેમાં પલંગની નીચે એક સાધન રાખ્યું છે જેથી તમે જે કાંઈ પણ બોલો તેને રેકોર્ડ કરી લેવામાં આવશે, તો જ્યારે તમને કોઈ મળવા આવે અને તમે તેનાથી વાતચીત કરવા ચાહો તો કાગળ પર લખીને વાત કરજો જીભથી કાંઈ બોલવું નહીં.'' જેવું તે વ્યક્તિએ કહ્યું હતું તેવું જ થયું.

તિર્મિઝીમાં આ હદીષ અધિક સ્પષ્ટતા સાથે છે અને તેના શબ્દો આ પ્રમાણે છે :–

والـذى نـفسى بيده لا تقوم الساعة حتىٰ تكلم السباع الانس وحتى يكلم الـرجـل عـذبة سـوطـه وشراك نعله وتخبره فخذه بما احدث اهله بعده

''ખુદાની કસમ ! કિયામત રચાશે નહીં ત્યાં સુધી કે જંગલી જાનવર માણસ સાથે વાત કરશે અને એટલે સુધી કે માણસ પોતાની ચાબુક ફંદા અને પોતાના બુટની દોરી સાથે વાત કરશે. અને માણસની જાંગ તેને તે વાતો બતાવશે જે તેના ઘરમાં થઈ છે.'' *(તિર્મિઝી, પેજ–૩)*

અને એ તમે જાણો છો કે અંગ્રેજોના પેન્ટમાં ખિસ્સાં તેમની જાંગના સ્થાને હોય છે જેમાં તેઓ પોતાનો જરૂરી સામાન રાખે છે અને એ કે તે લોકોની પાસે વિવિધ પાટલૂનો અને કેટલાયે જોડા હોય છે જેમાંથી તેઓ એક પાટલૂન પહેરે છે અને બાકી ઘરમાં ટીંગાઈ રહે છે. અને એક જોડા વાપરે છે બાકી જોડા ઘરમાં પડી રહે છે. એ નાના સરખા યંત્ર (ટેપ)ને તેઓ પોતાના પેન્ટના ખિસ્સામાં રાખે છે અને તે પેન્ટ આદત પ્રમાણે ઘરમાં લટકેલી રહે છે અને તે યંત્ર વાતચીતને ટેપ કરી લે છે. એ પ્રમાણે જોડા અને ચાબુક જેને સામાન્યત : એ લોકો પોતાના ઘરોમાં રાખે છે. જ્યારે માણસ ઘરે પાછો આવે છે તો તે યંત્ર એ સર્વ ટેપ થયેલી વાતો જે એના પછી ઘરમાં થઈ છે એને જણાવી દે છે જાણે કે તેની જાંગ, તેનો ચાબુકનો ફંદો અને તેના જોડાની દોરી જ તેની સાથે વાત કરી રહેલ છે. અને અલ્લાહ બેહતર જાણે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો મતલબ શું છે, શક્ય છે એનાથી મુરાદ કોઈ એવી ચીજ હોય જેને આપણે હજી સુધી નથી જોયી.



ઈસ્લામ અને આધુનિક શોધો

## ★ સરકસ કે જેમાં સિંહ, હાથી વગેરેથી ખેલ થાય છે ★

હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું કથન : حتى تكلم السباع الانسان ''જંગલી જાનવરો માણસો સાથે વાત કરશે.'' (અને એક રિવાયતમાં ''અલ્ઈન્સાન'' છે.) એ જ સરકસની તરફ નિર્દેશ છે કે જેમાં જાનવર એટલે કે સિંહ, ચિત્તા તથા હાથી વગેરે એવા આશ્ચર્યજનક ખેલો દેખાડે છે જેનાથી ઘણા માણસો પણ લાચાર છે. તે ખેલ બતાવનાર તે જાનવરોને સંબોધે છે તે તેઓ સમજી જાય છે, તેમને હુકમ આપે છે તો તેઓ કરે છે, મના કરે છે તો તેઓ રોકાઈ જાય છે એટલે કે જેવું તે ખેલ બતાવનારો ચાહે છે આ તેવું જ કરે છે. એના પરથી તે વાતો જાણવા મળી જે એના સિવાય કોઈ અન્ય રીતે માલૂમ થઈ શકતી ન હતી.

## ★ તે કૂતરા જે ગુનેગારોને પકડવામાં વપરાય છે ★

**જાસૂસી કૂતરા :** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કૌલ : حتى تكلم السباع الانسان કે ''જંગલી જાનવરો માણસ સાથે વાત કરશે.'' થી એ જાસૂસી કૂતરા પ્રતિ પણ નિર્દેશ છે જેનો આજે પોલીસ મોટા મોટા ગુનાહો દા.ત. ખૂન, લૂંટ વગેરેમાં સંડોવાયેલાઓની શોધખોળ માટે ઉપયોગ કરે છે. આ એક ખાસ પ્રકારના કૂતરાઓ છે જે યૂરોપના અમુક શહેરોમાં જોવા મળે છે અને તેમને એવી ટ્રેનિંગ આપવામાં આવે છે કે તેઓ મુજરિમને ઓળખવામાં ભૂલ નથી કરતા અને પછી અમુક ખાસ તરીકાઓ વડે પોલીસને બતાવી આપે છે. એ વાત કોઈનાથી છુપી નથી કે શબ્દકોશ તથા શરીઅત બંનેમાં કૂતરા ફાડી ખાનાર (જંગલી) જાનવરમાં ગણાય છે.

હદીષ જો કે બીજા અર્થનો અવકાશ ધરાવે છે એટલા માટે કે શક્ય છે કે એનાથી મુરાદ હકીકી કલામ (કાયદેસરની વાતચીત) હોય અને આગળ જતાં ક્યારેક એવું પણ થાય ! પરંતુ એનો એ યંત્ર (ટેપ રેકોર્ડર)ની સાથે ઉલ્લેખ કરવો કે ''જે લોકોની વાતો ટેપ કરશે અને માણસને તેની પાછળ થનારી ચીજોની ખબર આપશે.'' એનાથી અંદાજો થાય છે કે આ હદીષમાં એ જ મુરાદ છે, કેમ કે બંને ચીજો એક જ સમયમાં જાહેર થઈ છે.

## ★ પક્ષી ઘર ★

જંગલી જાનવરોનું માણસો સાથે વાતચીત કરવા ઉપરાંત અમે એ પણ ઉલ્લેખ કરીશું કે લોકોની સૈર તથા મનોરંજન ખાતર જંગલી જાનવરો તથા અન્ય દરેક પ્રકારનાં જાનવરો બાગો (પક્ષી ઘરો)માં એકત્ર કરવામાં આવે છે અને મોટા ભાગનાં શહેરોમાં ચિડિયા ઘર (પક્ષી ઘર) હોય છે. આ ચીજ કિયામતની નિશાનીઓમાંથી છે અને તેના અતિ નજીક હોવાની નિશાની છે એટલે સુધી કે અલ્લાહ તઆલાએ આ નિશાનીઓનો એ ચીજોની સાથે ઉલ્લેખ કર્યો છે કે જે કિયામત થયા બાદ થશે અને તે તમામ શરતોનો આગળ એક જ જવાબ આપ્યો જાણે કે એ સૌ એક જ સમયમાં થશે. એના કારણે ઘણા લોકો એવું સમજ્યા કે એ સર્વ નિશાનીઓ કિયામત કાયમ થયા પછીની છે. જો કે હકીકત એ છે કે એમાંથી કેટલીક નિશાનીઓ કિયામત કાયમ થતા પહેલાં દુનિયામાં જ જાહેર થશે અને અમુક છેવટમાં કિયામત કાયમ થયા બાદ જાહેર થશે. જેમ કે ઈબ્ને અબ્બાસ, ઉબય ઈબ્ને કઅબ અને અબુલ આલિયા رضوان الله تعالیٰ علیهم اجمعین એ ફર્માવ્યું :–

રબ ફર્માવે છે : قال تعالیٰ واذالوحوش حشرت "અને જ્યારે જંગલી જાનવરો ભેગાં કરવામાં આવે." *(સૂરએ તકવીર, આ. ૫)* "હશ્ર"નો અર્થ "ભેગા કરવું" અને "મળવું". વિવિધ પ્રકારનાં જાનવરો આ પક્ષી ઘરોમાં એકત્ર કરીને રાખવામાં આવે છે જે એ જ હેતુ માટે તૈયાર કરવામાં આવે છે. જો કે એવું કરવું **હરામ** છે શરીઅતની રૂએ અમુક કારણે મના છે.

(૧) એ જાનવરને પીંજરામાં બંધ કરીને જાણે અઝાબ આપવામાં આવી રહ્યો છે અને કોઈ શરઈ ફાયદા વિના તેમને તેની સ્વભાવિક આઝાદીથી રોકી દેવામાં આવેલ છે.

(૨) એ જાનવરોમાં અમુક એવાં મુઝી તથા ખબીષ જાનવર પણ હોય છે કે જેમને કત્લ કરવાં વાજિબ અને કોઈ ફાયદા વિના તેમને પાળવાં જાઈઝ નથી. દા.ત. કૂતરાઓના વિશે આવ્યું જે તેમને શિકાર તથા પાલતુ પ્રાણીઓની રક્ષા સિવાય કોઈ અન્ય કારણે પાળશે તેના અમલમાં દરરોજ બે કીરાતની કમી થઈ જશે. *(બુખારી, ભાગ–૨, પેજ–૮૨૪)* સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنهما એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી આ જ પ્રમાણે રિવાયત કરી છે.





એ જ પ્રમાણે સુવ્વર, ફાડી ખાનારાં જાનવરો, સાપ, વિછી, સબકલી, ઊંદર તથા કાગડા એ સર્વ એ જ પ્રકારમાંથી છે કે જેને પાળવું તદ્દન જાઈઝ નથી.

(૩) એ એક બેકારનું તથા ખોટુ કામ છે જેને અલ્લાહ તઆલાએ મના કર્યું છે.

(૪) જે માલો રોજ તે જાનવરો પર ખર્ચ થાય છે, જો એ ચીજો દસ બલ્કે સો ગરીબ કુટુંબો પર ખર્ચ કરવામાં આવે તો તેમની હાજત પૂર્ણ થાય અને તેમની ગરીબી દૂર થઈ શકે છે.

(૫) માલને વેડફવો હરામ છે જો ગરીબોમાં એ માલ ખર્ચ નથી કરવામાં આવતો તો કમસે કમ એ માલને બચાવીને તો રાખવો એ વાતથી બેહતર છે કે એ માલ તે જાનવરો પાછળ ખર્ચી કાઢવામાં આવે જેમની રોજી અલ્લાહ તઆલાએ જંગલોમાં જ કરી છે.

અને એ જ વાત પૂરતી છે કે અલ્લાહ તઆલાએ એને કિયામતની નિશાનીઓમાંથી કર્યા કે જ્યારે આ બનાવો બનશે તો કિયામત કાયમ થશે અને જેણે જે કર્યું હશે તે એને જાણી લેશે. અને એમાં કાફિરો સાથે સરખાપણુ પણ છે એટલા માટે કે તેમણે આ બિદઅતને પેદા કરી છે અને જાહેર છે કે કાફિરોની બિદઅતો અને તેમની ખાસિયતોને અપનાવવી હરામ છે.

## ★ પેટ્રોલ અને ગેસ ★

એમાંથી જ પેટ્રોલ તથા ગેસ છે (પેટ્રોલ સૌ પ્રથમ અમેરિકામાં શોધાયું) કે જે ખજાનાઓ છે જે જમીનમાંથી મળ્યા અને આખા જગતમાં કામ લાગે છે. દાત. કારો, રેલગાડીઓ, સ્ટીમર, એરોપ્લેન, મોટરો, મોટર સાયકલ, લોટ દળવાની ઘંટીઓ, તંદૂર એ ઉપરાંત સેંકડો ચીજો એવી છે જેમાં એનો ઉપયોગ થાય છે. દા.ત. ચૂલા તથા અન્ય એવી વસ્તુઓ, એ તમામ ચીજો કિયામતની નિશાનીઓમાંથી છે. નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેની ખાણોના વિશે ખબર આપી અને ખાણોની જગાઓ નિશ્ચિત કરી આપી. પેટ્રોલને આપે સોનુ કહ્યું જેમ કે આજે લોકો તેને "કાલા સોના" કહે છે.

અને આશ્ચર્યની વાત એ છે કે કેટલીક હદીષોમાં એને એવા ખજાના સાથે તા'બીર કરી છે કે જેમાં સોનુ ચાંદી ન હોય. અલ્લાહ

તઆલાએ ફર્માવ્યું :–

والطور وكتاب مسطور فی رق منشور والبيت
المعمور والبسقف المرفرع-والبحرالمسجور

"તૂરની કસમ ! અને તે લખેલાની કસમ જે ખુલ્લા દફતરમાં લખ્યું છે અને ઊંચી છત તથા સળગાવેલા સમુદ્રની." *(સૂરએ તૂર, આ. ૧ થી ૬, પારા–૨૭)*

અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : واذا لبهارسجرت "અને જ્યારે સમુદ્રોને સળગાવવામાં આવે." *(સૂ. તકવીર, પા. ૩૦, આ. ૬)* એટલે કે આગ સળગાવવામાં આવે. (કહ્યું અલી તથા ઈબ્ને અબ્બાસ તથા મુજાહિદ તથા સઈદ ઈબ્ને જુબૈર તથા ઓબૈદ ઈબ્ને ઉમૈર તથા પૂર્વજ તફસીરના ઈમામોની એક જમાઅતે)

તમે જાણો છો કે જમીનમાં પેટ્રોલના સમુદ્રો મૌજૂદ છે. પાછલા પૃષ્ઠોમાં અમે દર્શાવ્યું કે ઉબય ઈબ્ને કઅબ, ઈબ્ને અબ્બાસ, અબુલ આલિયા તથા કષીર સલફ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ ફર્માવ્યું કે આ નિશાની કિયામત કાયમ થવાથી પહેલાં દુનિયામાં જાહેર થશે. એ લોકોએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ આ સૂરતમાં બાર નિશાનીઓ વર્ણન કરી એમાંથી છ દુનિયામાં તથા છ આખેરતમાં થશે. واذالعشارعلطلت સુધી દુનિયામાં પ્રદર્શિત થનારી નિશાનીઓ છે અને ત્યાર પછીની આખેરતની છે. (ઈબ્ને જરીર) રિવાયત કરી એને ઈબ્ને જરીર તથા ઈબ્ને અબી હાતિમે, અને આ નિશાની દુનિયામાં છે અને કિયામતની નિશાનીઓમાંથી છે એટલે કે તેલના સમુદ્રો કે જેને અલ્લાહ તઆલાએ દુનિયાની પેદાઈશની વખતે જ જમીનમાં સુરક્ષિત કરી દીધા હતા અને તેનો ઉપયોગ કરવાના માટે તેનો ઝહૂર તથા તેનું નીકળવું આપણા આ જમાનામાં થયું. જ્યારે સર્વ છ નિશાનીઓ જે સૂરતમાં વર્ણન થયેલી છે તે પણ જોવા મળે છે, જેમ કે અમે બતાવ્યું કે واذالعشارعلطلت થી મુરાદ મોટરો અને واذالوحوش حشرت થી મુરાદ ચિડિયા ઘર છે, અને બાકીની અમે આગળ વર્ણવીશું. તો હવે એ વાત નિશ્ચિત થઈ ગઈ કે આયતમાં પેટ્રોલ વગેરે જ મુરાદ છે.

એનું સમર્થન એનાથી પણ થાય છે કે લોકો પેટ્રોલને "કાળુ સોનુ" કહે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવું જ ફર્માવ્યું અને એ પણ ફર્માવ્યું કે જે



ઈસ્લામ અને આધુનિક શોધો

જગાએ એ નીકળશે તેમાં ઈરાક, ઈરાન, નજદ અને તેની આસપાસનો પ્રદેશ છે. અને આ ઈલાકા હિજાઝની નજીક છે. એની તા'બીર એવા ખજાનાથી કરવામાં આવી છે કે જે ન સોનુ હોય અને ન ચાંદી, જેથી હવે પેટ્રોલ મુરાદ લેવામાં કોઈ શંકા નથી. સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

يوشك الفرات ان يحسرعن كنز من الذهب فمن حضر فلا يأخذ منه شيأ

"નજીકમાં જ ફુરાતથી સોનાનો એક ખજાનો જાહેર થશે તો જે શખ્સ ત્યાં મૌજૂદ હોય તે એમાંથી કાંઈ ન લે." *(બુખારી, ભાગ–૨, પેજ–૧૦૫૪)*

અને મુસ્લિમે તેમનાથી જ બીજા શબ્દોમાં આ પ્રમાણે વર્ણન કર્યું છે :–

لاتقام الساعة حتى يحسر الفرت عن جبل من ذهب يقتل
الناس عليه فيقتل من كل مأة تسعة وتسعون

"કિયામત થતા પહેલાં ફુરાત એક સોનાનો પહાડ જાહેર કરશે કે જ્યાં લોકો કત્લ કરવામાં આવશે અને દરેક ૧૦૦ માંથી ૯૯ ત્યાં માર્યા જશે. *(બુખારી, ભાગ–૨, પેજ–૩૯૧)*

મુસ્લિમ પણ ઈબ્ને કઅબથી રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું :–

يوشك الفرات ان يحسر عن جبل من ذهب فاذا سمع به الناس
ساروا اليه فيقول من عندهٗ لئن تركنا الناس يأخذون منه ليذ
هبن به كله فيقتلون عليه فيقتل من كل مئة تسعة وتسعون

"નજીકમાં જ ફુરાત સોનાનો એક પહાડ જાહેર કરશે તો લોકો તેના બારામાં સાંભળીને એ તરફ જશે. જે શખ્સની પાસે એ હશે તે કહેશે કે જો અમે લોકોને એમાંથી લેવા માટે છૂટ આપી દઈએ તો લોકો તો એ સૌ લઈ જશે. એના પર લોકોને કત્લ કરવામાં આવશે અને દરેક સોમાંથી નવ્વાણુ કત્લ કરવામાં આવશે." *(હવાલો ઉપર મુજબ)*

એ જ પ્રમાણે અહમદે મુસ્નદમાં ઉબય ઈબ્ને કઅબથી અને અબૂ દાઊદ અને તિર્મિઝીએ અબૂ હુરૈરહથી રિવાયત કરી છે અને તે સૌ પ્રથમ ખજાનાવાળી હદીષ અને તેના પછી જબલીની રિવાયતને વર્ણન કરી છે.

*(અબૂ દાઊદ, ભાગ-ર, પેજ-૧૩૪)* પરંતુ ઈબ્ને માજહની રિવાયતમાં એ છે કે દરેક દસમાંથી નવ માણસો માર્યા જશે અને એક બાકી બચશે. *(ઈબ્ને માજહ, પેજ-ર૯૩)* મતલબ એ છે કે ખૂબ જ પ્રમાણમાં કત્લ થશે, હદ મુરાદ નથી. હવે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કૌલને જુઓ કે :–

Ͻó §gÝœ½å¦ÃÝ®_³nÌ ½¤^½»j§³œÜ½ß§å ª˘c

''જેની પાસે એ હશે તે કહેશે કે જો અમે લોકોને એમાંથી લેવાની છૂટ આપી દઈએ તો લોકો તો એ સૌ લઈ જશે.''

જાણો કે આપ એ મામલા પ્રતિ નિર્દેશ કરી રહ્યા છે જેને આજે તે દેશો કરે છે જ્યાં પેટ્રોલ જોવા મળે છે અને એ જ વાત તે લોકો કહે છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવી હતી, હવે પેટ્રોલના કારણે તે જંગનું પણ થવું જરૂરી છે જેની હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી છે. જેમ કે અમેરિકા અને રશિયા વચ્ચે મતભેદ પેટ્રોલના કારણે છે. અને જ્યારે એટમ બોમ્બ વડે જંગ થશે તો આબાદીઓ વિરાન થઈ જશે અને સો વ્યક્તિમાંથી મુશ્કેલીથી એક જ બચશે, જેવું કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું. આ ઈરાકના પેટ્રોલની વાત હતી અને ઈરાન પણ ઈરાકના ઉલ્લેખમાં આવી ગયું કેમ કે અજમનું ઈરાક ઈરાન જ છે. છતાં પણ ઈરાનના પેટ્રોલના બારામાં ખાસ હોવું મૌજૂદ છે. (ઈરાકમાંથી સદ્દામને પદભ્રષ્ટ કરી ઈરાક પર અમેરિકાએ હાલમાં જે બોમ્બવર્ષાથી જાનમાલની ભયાનક તબાહી મચાવી કબજો જમાવ્યો છે અને પેટ્રોલ પણ કબજે કર્યું છે. તો આ રિવાયતોથી એ જંગ પ્રતિ નિર્દેશ જણાય છે. *–ગુજરાતી અનુવાદક)*

અબુલ ગનાઈમ કૂફી કિતાબુલ ફિતનમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરે છે તેમણે ફર્માવ્યું :–

والطالقان من قزوين، فتلك ناحية وجود البترول

''અફસોસ છે ''તાલીકાન''ના માટે એમાં અલ્લાહ તઆલાએ એવા ખજાનાઓ રાખ્યા છે જે સોનુ તથા ચાંદી નથી. ''તાલીકાન'' કઝવીન (ઈરાન)માં આવેલું છે અને તે ઈલાકામાંથી પેટ્રોલ મળે છે. *(કિતાબુલ્ ફિતન)* આપનું કથન : فيه كنوزا ليست من ذهب ولا فضة ઘણી જ





આશ્ચર્યજનક તસ્રીહ છે જે શબ્દે શબ્દ હકીકતના મુતાબિક છે.

અને નજદ તથા બસરાના પેટ્રોલના બારામાં મુસ્તદરક હાકિમમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضوان الله تعالىٰ عليهم اجمعين નો કૌલ મૌજૂદ છે કે :–

تخرج معادن مختلفة معدن منها قريب من ال حجاز ياتيه من اشرا رالناس.

''વિવિધ ખાણો નીકળશે અને એમાંથી એક ખાણ હિજાઝની નજીક છે ત્યાં સૌથી બુરા લોકો આવ્યા કરશે.'' *(મુસ્તદરક, ભાગ-૪, પેજ-૪૫૮)*

આ હદીષ જો કે મૌકૂફ છે પરંતુ રફઅનો હુકમ ધરાવે છે, બલ્કે મરફૂઅ સરીહ પણ આવી છે પણ તેમાં તઐયૂને મકાન (સ્થાનની નિશ્ચિતતા) નથી.

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

ستكون معادن يحضرها شرار الناس. ''નજીકમાં જ એવી ખાણો થશે જેની વ્યવસ્થા બદ્તરીન લોકો સંભાળશે.'' *(મુસ્નદે ઈમામ અહમદ, અલ્ જુઝઉલ ખામિસ, પેજ-૪૩૦)*

ويحا للطالقان فان لله فيه كنوزا ليست من ذهب ولا فضة،

અને તિબ્રાની અવસતમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

لاتقوم الساعة حتى تظهر معادن كثيرة لايسكنها الا اراذل الناس.

''કિયામત કાયમ થતાં પહેલાં ઘણી એવી ખાણો નીકળશે જેના ઉપર કેવળ કમીનાઓનો જ કબ્જો હશે.'' *(તિબ્રાની અવસત)*

તો એ ખાણો યકીનન એ જ પેટ્રોલના કૂવાઓ છે જે આપણા સમયમાં જાહેર થયા છે અને કિયામતની નિશાનીઓમાંથી છે કેમ કે સોના ચાંદીની ખાણો તો શરૂ દુનિયાથી જ મૌજૂદ છે એટલા માટે સોનુ તો આગલા લોકોની પાસે ઘણી માત્રામાં મૌજૂદ રહેતુ હતુ. અને તેની તા'કીદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કૌલ ''તેમની વ્યવસ્થા બદ્તરીન લોકો સંભાળશે''થી થાય છે, કેમ કે પેટ્રોલના ઝખીરાઓ કાફિરોના હાથોમાં છે અને તેઓ જ તેને કાઢીને વપરાશને લાયક બનાવે છે અને એ કાફિરો યકીનન બુરા તથા બદ્તરીન લોકો છે.

يحضرها વપરાશને લાયક બનાવી દેવું. અલ્લાહ તઆલાના આ કૌલમાં પણ પેટ્રોલની તરફ નિર્દેશ છે.

اذازلزلت الارض زلزا لها واخر جت الارضی اثقا لها۔

''અને જયારે જમીન થથરાવી દેવામાં આવશે જેવું તેનું થરથરાવવાનું ઠર્યું છે. અને જમીન પોતાનો બોજ બહાર ફેંકી દે.'' *(પારા–૩૦, સૂરએ ઝિલ્ઝાલ, આયત–૧, ૨)*

જયારે જમીનને યંત્રો વડે હરકત આપવામાં આવી એટલે તેને ખોદવામાં આવી અને તેમાં પેટ્રોલ તથા ગેસના કૂવા શોધવામાં આવ્યા તો જમીને પોતાના ભારી વજનોને લાખો ટન પેટ્રોલ અને ગેસના રૂપમાં બહાર કાઢી નાખ્યા. وقال الانسان مالها અને માણસ તેના કાઢવા પર આશ્ચર્ય કરતાં કહે કે એને શું થયું ?! અથવા એનાથી મુરાદ તે ધરતીકંપ છે જેના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે : وتکثرالزلازل ધરતીકંપોની કસરત થશે એટલે કે આખર જમાનામાં ખૂબ જ ધરતીકંપો આવશે. વિવિધ સહીહ હદીષોમાં એ મરવી છે જમીનમાં આ ધરતીકંપો એ વખતે આવી રહ્યા છે જયારે કે જમીને પોતાના બોજાઓ એટલે પેટ્રોલ વગેરેને કાઢીને બહાર કર્યું છે અને માણસ કહે છે કે શું વાત છે કે જમીનમાં આટલા પ્રમાણમાં ધરતીકંપો આવી રહ્યા છે ! (એટમી ધમાકાઓથી જે જમીનમાં કંપન આવે છે તે ધરતીકંપની જેમ હોય છે.) જયારે આ તમામે તમામ થયું છે તો એના પછીનો ઈન્તેઝાર શું કરવામાં આવે ? અલ્લાહ તઆલા વિખરાએલી દૂર દૂરની બાબતોને જમા કરીને તે સૌને એક તૌર પર ચલાવશે કેમ કે એના ઈલ્મમાં તો બધું હાજર તથા કાયમ છે.

## ★ પહાડો તોડીને સડકોની બાંધણી ★

એ જ બનાવોમાંથી પહાડોનું સવારીઓના માટે જે તેમના પર ચાલે છે પોતાની જગાએથી દૂર થઈ જવું છે એટલે કે મોટરો અને ગાડીઓના માટે માર્ગો બની જવા, સડકી અને શહેરના વિસ્તારોનું વિશાળ થઈ જવું અને એના સિવાય અન્ય ચીજો જે અનુભવોના આધારે આજે જમીનમાં પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

واذالجبال سیّرت ''અને જયારે પહાડો ચલાવવામાં આવશે.'' *(પારા–૩૦, સૂ. તકવીર, આ. ૩)*





અમે પહેલાં દર્શાવ્યું કે આ નિશાની કિયામતના કાયમ થતા પહેલાં દુનિયામાં જાહેર થશે. **તયસર**નો અર્થ પોતાના સ્થાનેથી હટી જવું.

ઈમામ અહમદ પોતાની મુસ્નદમાં સમુરહ ઈબ્ને જુન્દુબથી રિવાયત કરે છે. તેમણે સલાતુ કુસૂફમાં આ હદીષને રિવાયત કરી અને તેના પછી તેનો ખુત્બો છે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કૌલ છે :–

وایم اللّٰہ لقد رایت منذ قمت اصلی ماانتم لاقون فی امردینکم وآخرتکم وانه واللّٰه لا تقوم الساعة حتی یخرج ثلا ثون کذابا وآخرهم الا عورالدجال۔

''ખુદાની કસમ ! મેં નમાઝ પઢવાની હાલતમાં તે ચીજ જોઈ છે જેને તમે તમારા દીન તથા આખેરતની બાબતમાં પામશો અને તે એ છે કે ખુદાની કસમ ! કિયામત કાઈમ થતા પહેલાં ત્રીસ જૂઠા પૈદા થશે અને તેમાં આખરી કાણો દજજાલ થશે. *(મુસ્નદે અહમદ)*

પછી આપે મુસલમાનો અને યહૂદીઓની પેલેસ્ટાઈનની જંગનો ઉલ્લેખ કર્યો અને ફર્માવ્યો :–

ولن یکون ذالك حتی ترونٰ امورایتفاقم شانها فی انفسکم ستسأولون بینکم هل کان نبیکم ذکرلکم منهاذکرا، وحتی تزول الجبال عن عوا تبها۔

''એવું તે વખતે થશે જયારે કે તમે એવા બનાવો જોશો જેમની શાન તમારા માટે ઘણી બુલંદ હશે અને તમે આપસમાં પૂછશો કે શું નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એના બારામાં કાંઈ ફર્માવ્યું હતું ? અને જયારે પહાડ પોતાના સ્થાનેથી ખત્મ થઈ જશે. *(મુસ્નદે અહમદ)*

બઝ્ઝાર અને તિબ્રાનીએ આ શબ્દોમાં રિવાયત કરી :–

لاتقوم الساعة حتی تروأاموراعظا مالم تکونوا

ترونها وحتی تزول الجبال عن اما کنها۔

''કિયામત કાયમ થતાં પહેલાં તમે એવા મહાન બનાવો જોશો જે તમે કદી નહીં જોયા હોય અને પહાડ પોતાના સ્થાનેથી ખત્મ થઈ જશે. *(તિબ્રાની)*

ઈમામ અહમદે કિયામતની નિશાનીઓના બયાનમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી એક હદીષ રિવાયત કરી જે લૈલતુલ અસ્રારમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم ના બારામાં છે. છેવટ હદીષમાં આ પ્રમાણે છે : ثم تنسف الجبال وتمدالارض مدالا ویم۔ ''પછી પહાડ પાડી

નાખવામાં આવશે અને જમીન ચામડાની જેમ ફેલાવી દેવામાં આવશે. *(મુસ્નદે અહમદ, જુઝઉલ અવ્વલ, પેજ–૩૭૫)*

પછી ફર્માવ્યું કે એ રાતમાં મારા રબે મને જિમ્મેદાર બનાવ્યો હતો કે એવું ત્યારે થશે જ્યારે કે આવું આવું થશે કેમ કે કિયામતનું દ્દષ્ટાંત તે સગર્ભા ઊંટની જેમ છે જે બાળ જન્મની નજીક હોય અને તેના માલિકને ખબર નથી કે દિવસ અથવા રાતમાં એ ક્યા સમયે બચ્ચુ જણશે."

આ "નસ્ફ" તે "નસ્ફ"થી અલગ છે કે જે કુર્આને કરીમની આ આયતમાં છે : ويسئلونك عن الجبال فقل ينسفهاربى نسفا "અને તમારાથી પહાડો વિશે પૂછે છે, તમે ફર્માવો તેને મારો રબ રજકણ રજકણ કરી નાખશે." કેમ કે એ "નસ્ફ" કયામત કાયમ થયા બાદ થશે જ્યારે કે પહાડ પીંજેલા ઉનની જેમ થઈ જશે. અને આ "નસ્ફ" (જે હદીષમાં છે તે) કિયામત કાયમ થતાં પહેલાં થશે બલ્કે એ તો કિયામતની તે અલામતો તથા નિશાનીઓમાંથી છે જે કિયામતની નજદીકીની દલીલો પૂરી પાડે છે. આ "નસ્ફ"નું સમર્થન એ વાતથી થાય છે કે દુનિયામાં દરરોજ ક્યાંક પહાડને ડાયનામેટ વડે ઉડાડવામાં આવી રહ્યો છે ક્યાંક યંત્રો વડે ખોદકામ કરીને, અને આ રીતે પહાડી જમીનને ચામડાની જેમ ફેલાવવામાં આવી રહી છે ત્યાં સુધી કે જ્યારે હઝરત ઈસા عليه الصلوة والسلام ઉતરાણ કરશે તો તે તમામ ચીજોને એ હાલતમાં પામશે.

## ★ વીજળી અને તેની રોશની ★

એ જ બનાવોમાંથી વીજળી છે કે આજે ઘરોમાં, માર્ગોમાં, કારો અને ગાડીઓની સફરમાં તેના થકી રોશની મેળવવામાં આવે છે. અલ્લાહ બેહતર જાણે છે કે આ કૌલથી એની મુરાદ શું છે. واذالنجوم انكدرت "અને જ્યારે તારાઓ મંદ પડી જાય." *(સૂ. તકવીર, આ. ૨)*

પાછલા પૃષ્ઠોમાં અમે સહાબાએ કિરામ અને અન્ય તાબઈનથી નકલ કર્યું છે કે આ આયત એ નિશાનીઓમાંથી છે જે કિયામતની સ્થાપ્ના પહેલાં દુનિયામાં જોવા મળશે. انكدارالنجم નો અર્થ છે તારાઓની રોશનીનું મંદ પડી જવું અથવા વીજળીની રોશનીની મૌજૂદગીમાં તેમની રોશનીનું તદ્દન ખત્મ થઈ જવું, માર્ગો તથા મુસાફરી દરમ્યાન તારાઓની





રોશનીથી બેપરવા થઈ જવું, અંધારી રાતોમાં માર્ગ ઓળખવા માટે તેમનાથી મદદ ન લેવું, કેમ કે વીજળીના પ્રકાશથી પહેલાં અંધારી રાતોમાં કેવળ તારાઓની મદદથી જ માર્ગની પેહચાન કરતા હતા, જ્યારે વીજળીની શોધ (ટોમ્સ એડીસન અમેરિકીએ ઈ.સ. ૧૮૯૨ માં કરી) થઈ ગઈ તો તારાઓની રોશની મંદ પડી ગઈ અને લોકો તેનાથી બેપરવા થઈ ગયા અને તેમણે ઊંટ પર સફર કરવાનું છોડી આપ્યું અને તેને અલ્લાહ તઆલાએ પોતાના કલામમાં આ રીતે ફર્માવ્યું : واذالعشارعطّلت "જ્યારે યુવાન ઊંટડીઓ છૂટી ફરે." એનું વર્ણન પાછલાં પૃષ્ઠોમાં આવી ગયું છે.

એનું અધિક સમર્થન તથા ખુલાસો એ વાત પરથી પણ થાય છે કે અલ્લાહ તઆલાએ સૂરજને ઈન્કેદાર (રોશનીનું જવું)થી તા'બીર નથી કર્યું બલ્કે તકવ્વિર (લપેટી દેવામાં આવ્યું)થી તા'બીર કર્યું. હા ! એથી ઉલ્ટુ થાય છે કે સૂરજ વીજળીની રોશની પર અસર કરે છે, જેથી તારાઓથી ઉલ્ટુ સૂરજની સમક્ષ વીજળીની કોઈ હકીકત નથી.

## ★ કૃત્રિમ વરસાદ ★

એ જ બનાવોમાંથી કે જેમના બારામાં હુઝૂર صلى الله تعالى عليه وسلم એ કિયામત કાયમ થતા પહેલાં આપણે જોઈશું ફર્માવ્યું તે કૃત્રિમ વરસાદ છે જે વિવિધ યંત્રો થકી ઉપરથી વરસાવવામાં આવે છે અને વિવિધ શહેરોમાં તેનો પ્રયોગ કામયાબ રહ્યો છે અને તેનાથી જમીન તૃપ્ત થઈ છે.

હુઝૂર صلى الله تعالى عليه وسلم એ મોટા ભાગની સહીહ હદીષો જે દજ્જાલના બારામાં છે, તેમાં કૃત્રિમ વર્ષાની ખબર આપી છે. દા.ત. હદીષે નવાસ ઈબ્ને સમ્આન વગેરે. એ તો કોઈનાથી છુપુ નથી કે દજ્જાલ યહૂદ હશે અને યહૂદી રોજ તેના બહાર પડવાનો ઈન્તેઝાર કરે છે અને એ કે અલ્લાહ તઆલાએ હાલમાં યહૂદીઓને જે હુકૂમત આપી છે તે એટલા માટે છે કે તેઓ દજ્જાલના બહાર પડવાનો માર્ગ સંવારી લે. તેમજ એ કે અલ્લાહ તઆલા તેના ફિત્ના થકી આલમની આજમાઈશ કરે જેનો ઈલ્મ તેને પહેલેથી છે. જેમ કે એ પણ છુપુ નથી કે યહૂદીઓની હુકૂમત માલ તથા દૌલત અને તે લોકોથી મેલ જોલના કારણે છે જેઓ યૂરોપના પ્રગતિ પામેલ દેશોમાં ફલીફાલી રહ્યા છે એના કારણે યહૂદીઓની હુકૂમતની ગણત્રી થોડાક સમયમાં પ્રગતિ પામેલ દેશમાં થવા લાગી. તેમની પાસે એવી

મશીનરીઓ મૌજૂદ છે જેના વડે તેઓ ન પોતાની જરૂરિયાત પૂરી કરે છે બલ્કે એ લોકો સુસંસ્કૃત દેશોની હરોળમાં સામેલ થઈ ગયા. જેથી જ્યારે કે તેમનો જૂઠો તથા કાણો ઈમામ નીકળશે તો તેમની પાસે દરેક તે આધુનિક મશીનરી પામશે કે જેની મદદથી તે લોકોને ગુમરાહ કરી શકે, તેમને કાફિર બનાવી શકે અને તેમને બેહકાવી શકે અને જે તેમના મુકાબલામાં આવે અથવા તેની સાથે ટકરાય તેની સાથે જંગ કરી શકે એટલે કે લડાઈનાં સાધનો, મુસાફરીનાં સાધનો તથા હવાઈ જહાઝ, મોટરો તેમજ એના સિવાય અન્ય જરૂરી સામગ્રી દા.ત. તે ચીજ કે જેનાથી આસ્માનેથી વરસાદ વરસાવી શકે અને ખાવા પીવાનો સામાન ઉઠાવનાર ગાડીઓ, આટો પીસવાનાં અને ખાવા પકાવવાનાં મશીનો અને તમામ તે ચીજો જે હાલમાં જંગોમાં વાપરવા માટે તમામ દેશોની પાસે મૌજૂદ છે. ફોજની પાસે દરેક તે ચીજની સગવડ હોય છે જેની તેને જરૂરત હોય છે એટલે સુધી કે કપડાં ધોવાનાં મશીનો કે જેમાં એક બાજુ મેલાં ગંદાં કપડાં રાખવામાં આવે તો બીજી બાજુ તે જ કપડાં સ્વચ્છ બનીને ઈસ્ત્રી થઈને બહાર નીકળી આવે છે અને પહેરવા લાયક બની જાય છે. એ જ રીતે ઘઉં મશીનમાં નાખવામાં આવે છે ત્યાં જ લોટ દળાયને સાફ થઈને આટો ગુંદાઈને રોટલી બની તૈયાર પકાવેલી રોટલી બહાર આવે છે. આ તે જ ચીજ છે જે કાણા દજ્જાલની સાથે પણ હશે. તે ઉપરાંત તેની પાસે કાંઈક જાદૂ ટોના પણ હશે જેથી અલ્લાહ તઆલા જેના બારામાં એ ફિત્નાને ચાહે તે પોતાના કામને પૂર્ણ કરી આપે અલ્લાહ તઆલા આપણને તેનાથી મેહફૂઝ રાખે. *–આમીન*

આ જે કાંઈ અમે વર્ણવ્યું એના બારામાં નબી કરીમ ﷺ એ વિવિધ હદીષોમાં નિર્દેશ કર્યો છે. એરોપ્લેનો અને મોટરોના થકી દજ્જાલની સફર અને તેના થકી પૃથ્વીના પટની પ્રદક્ષિણા કરવાના બારામાં જે હદીષો આવેલી છે અમે તેને પાછલાં પૃષ્ઠોમાં મોટરો તથા વિમાનોના વર્ણનમાં દર્શાવેલ છે.

હા ! વરસાદ વરસાવવાનું યંત્ર, પાણી, ખાવા અને લોટ ઉઠાવવાની ગાડીઓ વગેરેના બારામાં જે અમુક હદીષો છે તે આ પ્રમાણે છે : (અસ્મા બિન્તે યઝીદે સરકાર ﷺ થી સાંભળ્યું) રસૂલુલ્લાહ ﷺ પોતાના સહાબાઓ સાથે બેઠેલા હતા. આપે ફર્માવ્યું :–





احـذركـم الـمسيـح وانذركموه وكل نبى قد حذر قومه وهوفيكم

وهـواعـورولـيـس الـلّٰه باعور، بين عينيهٖ كافر يقرؤه كل مومن كاتب وغير كاتب، اكثرمن يتعبه اليهودوالنساء والا عرٰب ترون السماء تمطر وهى لا تمطر، والارض تنبت وهى لتنبت، وليقول الاعـراب مـاتبغـون مـنـى الـم ارسـل السـمـاء عليكم مدرارا۔

"હું તમને મસીહના ખતરાથી સાવચેત કરું છું અને તેનાથી તમને ડરાવું છું. દરેક નબીએ તેનાથી પોતાની કૌમને ડરાવી, હે ઉમ્મત ! એ તમારામાંથી થશે ! હું તમને તેની એવી વાતો જણાવીશ જે કોઈ નબીએ મારાથી પહેલાં પોતાની કૌમને નથી બતાવી. તેની આંખોની વચ્ચે કાફિર લખેલું હશે જેને દરેક મુસલમાન ભણેલો ગણેલો કે અભણ વાંચી શકશે. તેના મોટા ભાગના અનુયાયી યહૂદી તથા સ્ત્રીઓ તથા ગામડિયા હશે. તમે આસ્માનથી વરસાદ જોશે જો કે તે વરસાદ નથી, તમે જમીનથી લીલોતરી જાશો જો કે તે લીલોતરી નથી. અને તે ગામડિયાઓને કહેશે, તમે મારાથી શું ચાહો છો ? શું આસ્માનેથી તમારા પર સપાટાભેર વરસાદ નથી વરસાવ્યો ? (રિવાયત કરી તિબ્રાનીએ કબીરમાં હસન સનદ સાથે)

તથા અહમદે મુસ્નદમાં જાબિર ઈબ્ને અબ્દુલ્લાહથી રિવાયત કરી કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે :–

"દજ્જાલ દીનના ઝંડામાં ઈલ્મથી પીઠ ફેરવતો નીકળશે. તેના માટે ચાલીસ રાતો હશે જેમાં તે જમીનની સૈર કરશે. એ દિવસોમાંથી એક દિવસ વરસના સમાન, એક દિવસ એક મહીના સમાન અને એક દિવસ અઠવાડિયા બરાબર હશે. અને બાકી દિવસો તમારા દિવસોની જેમ હશે. તેનો એક ગધેડો હશે જેના પર તે સવારી કરશે. તે ગધેડાના બંને કાનોની વચ્ચે ૪૦ હાથની પહોળાઈ હશે. તે લોકોને કહેશે કે હું તમારો રબ છું ! જો કે તે કાણો હશે અને તમારો રબ عزوجل કાણો નથી. તેની આંખોની વચ્ચે હિજ્જેથી કાફિર (કાફ–ફે–રે) લખેલું હશે જેને ભણેલો ગણેલો મુસલમાન તથા જાહિલ વાંચશે. તે દરેક ઝરણા તથા દરેક ઘાટ પર પહોંચશે સિવાય મક્કા તથા મદીના, કે એ બંને શહેરો અલ્લાહે તેના પર હરામ કરી આપ્યાં. અને એ બંનેના દરવાજાઓ પર ફરિશ્તા ઉભા હશે. તેની સાથે રોટીના

પહાડો હશે અને **તેના તાબેદારો સિવાય સૌ લોકો સખત મુશ્કેલીમાં હશે.** તેની પાસે બે નહેરો હશે જેના બારામાં એનાથી વિશેષ હું જાણું છું. એક નહેરને તે જન્નત અને બીજીને દોઝખ કહેશે. જેને તે પોતાની જન્નતમાં દાખલ કરશે તે દોઝખમાં છે અને જેને તે પોતાની દોઝખમાં નાખશે તે હકીકતમાં જન્નતમાં છે. આપે ફર્માવ્યું, તેની સાથે શૈતાનો મોકલવામાં આવશે જેઓ લોકો સાથે વાતચીત કરે અને તેમને કહેશે કે હે લોકો ! શું આ પ્રકારનું કામ રબના સિવાય કોઈ બીજું કરે શકે છે ?!'' *(મુસ્નદે અહમદ)*

તો તે લોકો કે જે શૈતાનો આવી વાત કહેશે તે જ ગામડિયા છે જેમ કે તેની સ્પષ્ટતા આથી આગલી હદીષે અસ્મામાં આવી ગઈ. આ પણ હુઝૂર ﷺ ની એક ખૂબી (વસ્ફ) છે. ગ્રામ્યવાસીઓ આ શોધોને જાણતા જ નથી અને ન એ સાધનોની હકીકતથી વાકેફ છે જે એની સાથે હશે. એના કારણે દજ્જાલ એ કામ શહેરોમાં તથા એ લોકો વચ્ચે નહીં કરે જેઓ કૃત્રિમ વરસાદ વરસાવનારા યંત્રોથી વાકેફ છે. એ જ પ્રમાણે રોટલીઓનો તે પહાડ અને પાણીની નહેરો જે એની સાથે હશે તે હકીકતમાં પહાડ તથા નહેર નહીં બલ્કે તે બનાવટી હશે જે એવાં વાહનો પર રાખેલ હશે જે તેની સાથે સાથે ગામે ગામ જશે. લોકો એ અરસામાં દુકાળગ્રસ્ત અને હાજતમંદ હશે કેમ કે દજ્જાલના આગમનથી પાંચ વરસ પહેલાં અને એક રિવાયતમાં ત્રણ વરસ પહેલાંથી તે ઈલાકાઓમાં વરસાદ થયો હશે નહીં અને મોટા ભાગના દુકાળગ્રસ્ત લોકો ગામડિયા હશે. હુઝૂર ﷺ ના કૌલ واكثرمن يتبعه اليهود والنساء والاعراب ''તેના મોટા ભાગના અનુયાયી યહૂદીઓ, સ્ત્રીઓ અને ગામડિયા હશે''થી સાફ જણાય છે કે તે લોકો ઈમાન તથા બુદ્ધિની કમજોરીના કારણે ઔરતોની જેમ દજ્જાલના ફિત્નાથી અજમાવવામાં આવશે. અને યહૂદી તો એક એવી કૌમ છે જેના પર ખૂદ અલ્લાહ તઆલાએ લઅ્નત ફર્માવી.

અમારા ઉપરોક્ત વર્ણનથી વિરૂધ્ધ એ છે કે સહીહ બુખારી તથા મુસ્લિમ હઝરત મુગીરહ્ ઈબ્ને શઅબાથી રિવાયત કરે છે. તે ફર્માવે છે કે મેં કોઈને ન જાયો કે દજ્જાલના બારામાં રસૂલુલ્લાહ ﷺ થી તે મારા કરતાં અધિક પ્રશ્નો કરતો હોય. એકવાર આપ ﷺ એ ફર્માવ્યું કે તમને કોઈ ચીજ નુકસાન આપે છે ? મેં અર્ઝ કરી કે લોકો કહે છે કે દજ્જાલની પાસે રોટીનો પહાડ અને પાણીની નહેર હશે. આપે ફર્માવ્યું





કે, એ અલ્લાહ માટે એથી અધિક આસાન છે.'' *(બુખારી, ભાગ–૨, પેજ–૧૦૫૫)*

તેમના આવું પૂછવાનો મતલબ એ ન હતો કે આ ચીજોનું દજ્જાલ સાથે હોવાનો ઈન્કાર કરી રહ્યા છે, કેમ કે રસૂલુલ્લાહ ﷺ એ એની ખબર તો આપી છે જેમ કે બીજી હદીષોમાં મૌજૂદ છે. તેમના એ ઈન્કારનો મતલબ એ હતો કે આ ચીજો હકીકતમાં તેની પાસે હશે નહીં અને ન અલ્લાહ તઆલા તેના માટે આસ્માનને કબજામાં આપશે કે તે તેનું આજ્ઞાંકિત થઈ જાય કે જ્યારે દજ્જાલ ચાહે વરસાદ વરસાવશે અને ન તેની સાથે હકીકતમાં કોઈ નહેર હશે અને તેની સાથે હકીકતમાં રોટીનો પહાડ હશે. બલ્કે એ તમામ ચીજો તે સબબોના કારણે હશે જે અલ્લાહ તઆલા તેના ગૈરોને અતા કરશે અને અંગ્રેજો એ ચીજોને તેના જાહેર થતા પહેલાં શોધી કાઢશે. જ્યારે તે આવશે તો લોકો પાસેથી તે ચીજો હાંસલ કરી લેશે અને પછી તે લોકોને પોતાની તરફ દા'વત આપતી વખતે એ ચીજો થકી સમર્થન મેળવશે, પછી લોકોને પોતાના મો'જિઝાના રૂપે દેખાડશે, નાદાનોને બેવકૂફ બનાવશે. અને સાથોસાથ પોતાના તે જાદૂગરો તથા શૈતાનોથી મદદ પણ હાંસલ કરી લેશે, જે ગુમરાહીમાં તેના મદદગાર હશે. એટલા માટે ઉલમાએ આ હદીષની તસ્રીહમાં ફર્માવ્યું કે :– هواهون على الله من ذلك નો મતલબ એ છે કે તેની પાસે હકીકતમાં નહેર વગેરે હશે નહીં બલ્કે એ આંખો પર એક પ્રકારની ભ્રમણા હશે જેથી સમજવામાં આવશે કે એ પાણી છે, જ્યારે કે તેની પાસે પાણી હશે નહીં, અને સમજવામાં આવશે કે તેની પાસે રોટીનો પહાડ છે જ્યારે કે એ કાંઈ પણ હશે નહીં.

પરંતુ આવી તા'વીલનું ફાસિદ તથા બાતિલ હોવું છુપુ નથી, કેમ કે અન્ય હદીષોમાં આવ્યું છે કે જે લોકો તેની પયરવી કરશે અને એના પર ઈમાન લાવશે તેમને તે તેમાંથી ખવડાવશે અને પીવડાવશે, અને વરસાદ પણ વરસાવશે, જ્યારે કે ગામડિયો તેનું સમર્થન પણ કરશે. એ વરસાદથી ફસલ તૈયાર થશે, જાનવરો તગડાં થશે અને બાવલાં ભરાઈ જશે. જ્યારે કે એનાથી અગાઉ જમીન પર દુકાળ પડી ચૂક્યો હશે. તો કઈ રીતે કહી શકાય છે કે એ કેવળ ભ્રામક મામલો હશે ?! મૂળ વાત એ છે કે પહેલાંના શરહ કરનારાઓએ મશીનો જોયાં ન હતાં જે આપણા દૌરમાં જોવા મળે

છે અને જેના થકી તે હદીષોની કે જેમાં એ ચીજોનું વર્ણન છે અને તે હદીષ કે જેમાં-هواهون على اللّٰه من ذلك નું સમર્થન થાય છે એટલા માટે તેમણે તેને ભ્રમણા દર્શાવી, જેમ કે અમે વર્ણન કરી આપ્યું. અલ્હમ્દુલિલ્લાહ !

## ★ ટ્રેકટર તથા ખેતિનાં અન્ય સાધનો ★

એ જ બનાવોમાંથી ખેતિ કરવાનાં સાધનો છે જે હમણાં નવા શોધાયાં છે. અબી અમામા અન્સારીની હદીષમાં એના બારામાં ઈશારો છે. તે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે :– لاتقوم الساعة حتىٰ ترجعوا حرثين "કયામત કાયમ થશે નહીં જ્યાં સુધી કે તમે ફરી ખેડૂત બની જાવ." *(તિબ્રાની, કબીર)*

તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કથન "તમે લોકો ફરી ખેડૂત બની જાવ"નો મતલબ એ છે કે તમારામાં એ લોકોની અધિક્તા થઈ જશે જેઓ ખેતીમાં વ્યસ્ત થઈ જશે. અને એને રોજીનું સાધન અને વેપારનો ઝરીયો બતાવશે, નહીં તો આમ તો ખેતિ પહેલા દિવસથી મૌજૂદ છે. હકીકતમાં અહીં ખેતિના સાધનો એટલે ટ્રેકટર વગેરેની તરફ નિર્દેશ છે કે જેના થકી આ વિશાળ તથા ફેલાયેલી જમીનમાં ખેતિ કરવું સરળ બની ગયું છે કે પહેલાં માણસ જાનવરો વડે જમીનના દસમા ભાગ કે તેનાય અડધા ભાગમાં ખેતિ કરવા માટે લાચાર હતો, પરંતુ જ્યારે આ ટ્રેકટર વગેરે શોધાયાં તો એ કામ સરળ થઈ ગયું, તો લોકો ખેતિ તરફ આકર્ષાવા લાગ્યા કેમ કે એમાં તે અઢળક નફો થાય છે જે બીજા વેપારમાં નથી થતો. એટલે સુધી કે ઘણા લોકોએ પોતાની મિલ્કતોને છોડીને અને પોતાના વેપારોને ત્યજીને ખેતિ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે, ભલે ભાડે લઈને પણ. આ રીતે લોકો ખેડૂત બની ગયા, અલ્લાહ બેહતર જાણનાર છે અને તેની અતાથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم.

## ★ કેમેરો અને ફોટોગ્રાફી ★

એનામાંથી જ તે તસ્વીરનાં સાધનો છે જેના સબબે દુનિયામાં ફોટા આમ થઈ ગયા. અને જેના થકી મસ્જિદો ખાસ કરીને હરમૈન શરીફૈનની તસ્વીરો ઉતારવામાં આવી જેમ કે સૌનો અનુભવ છે કે ઘણાય ઘરો તથા મકાનોમાં આ તસ્વીરો મૌજૂદ છે એના પ્રતિ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم





એ ઈશારો ફર્માવ્યો છે. જેમ કે અબૂ નુઐમે હિલ્યામાં હુઝૈફા ઈબ્ને અલીમાનથી રિવાયત કરી કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "કિયામતની નજદીકની બોત્તેર નિશાનીઓ છે." ત્યારબાદ પૂરી હદીષ વર્ણન થઈ છે અને એમાં આ પ્રમાણે છે :–

وحليت المصا حف وصورت المساجد وطولت المنائر۔

**તર્જુમો** : "કુર્આને કરીમને સજાવવામાં આવશે, મસ્જિદોની તસ્વીરો (ફોટાઓ) બનાવવામાં આવશે અને ઊંચા મીનારા બનાવવામાં આવશે." *(હિલ્યા)* (કેમેરાની શોધ ફ્રાન્સના હેન્સ સેન્ટરે, ઈ.સ. ૧૮૨૬ માં કરી)

કેમેરા વગેરેની શોધ પછી જ મસ્જિદોની તસ્વીરો બનાવવામાં આવી. આ હદીષમાં એ ચીજની ખબર છે કે એ કેમેરા વડે મસ્જિદોના ફોટા લેવામાં આવશે અને પછી લોકો એ ફોટાઓને ઘરો અને દુકાનોમાં લટકાવશે. તમે જુઓ છો કે ઘણા મકાનો અને દુકાનો વગેરેમાં મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, બયતુલ મુકદ્દસ વગેરેની તસ્વીરો લટકેલી છે અને એ તસ્વીરોમાં ઘણા ઊંચા ઊંચા મીનારાઓ છે જેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું.

## ★ મસ્જિદોને તોડીને સડકોને વિસ્તારવી ★

એનામાંથી જ એ છે કે શહેરોમાં સડકોની મરમ્મત તથા પહોળાઈ વધારવામાં આવશે અને તે માર્ગો જે મકાન તથા મસ્જિદો આડે આવશે તેને તોડી પાડવામાં આવશે. ક્યારેક તો મસ્જિદને બદલે બીજી જગાએ મસ્જિદ બાંધી આપવામાં આવશે અને ક્યારેક નહીં, બલ્કે લોકો તેનાથી તદ્દન બેપરવા થઈ જશે. આવા બનાવો આ પહેલાં ન હતા બલ્કે આ જમાનામાં ઉદ્ભવ પામ્યા, કે જે કિયામતની નિશાનીઓમાંથી છે.

તિબ્રાનીએ કબીરમાં ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

ولاتقوم الساعة حتىٰ يكون السلام علىٰ معرفة
وحتىٰ تتخذ المساجد طرقا فلا يسجد لِلّٰه فيها۔

"કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે સલામ કેવળ ઓળખીતા

પારખીતા સુધી રહી જશે, મસ્જિદોને રસ્તા બનાવી લેવામાં આવશે, એમાં અલ્લાહને માટે સજદો કરવામાં નહીં આવે.'' *(તિબ્રાની કબીર)*

એ જ પ્રકારની એક અન્ય હદીષ જે આગળ આવી રહી છે જે અનસ ઈબ્ને માલિકથી રિવાયત પામેલી છે.

તો હવે મસ્જિોને રસ્તો બનાવી લેવામાં આવી છે અને કોઈ તેમાં અલ્લાહને માટે સજદો નથી કરતું એટલા માટે કે હવે તે મસ્જિદો નથી રહી બલ્કે ત્યાં સડકો તથા રોડ બની ગયા છે.

## ★ દૂરબીન ★

એનામાંથી જ દૂરબીન છે (ડેન્માર્કના મેનેઝ લેપ્રશેએ ઈ.સ. ૧૬૦૮ માં શોધ કરી) કે જેના થકી બારીક ચાંદને જોઈ શકાય છે, ઝીણા ઝીણા તારાઓને જોઈ શકાય છે એટલા માટે એ એવાં યંત્રો છે જે દૂરને નજીક કરી દે છે અને નાનાને મોટું કરી દે છે. ચાંદ આંખોથી દેખાય તે પહેલાં જ દૂરબીન થકી જોઈ લેવામાં આવે છે. તિબ્રાનીએ અવસતમાં, દારકુતનીએ ઈફરાદમાં હઝરત અનસ ઈબ્ને માલિક رَضِیَ اللّٰہُ عَنۡھُمَا થી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

من اقتراب الساعة ان یریٰ الھالال قَبَلاً فیقال للیلتین،،
وان تتخذ المساجد طرقا، وان یظھر موت الفجائة۔

''કિયામતની નિશાનીઓમાંથી એ છે કે પ્રથમ રાતનો ચાંદ સાફ સાફ જોવામા આવશે, તો કહેવામાં આવશે કે આ બે રાતોનો છે અને મસ્જિદોને રસ્તો બનાવી લેવામાં આવશે અને મૌત અચાનક આવવા લાગશે (એટલે હાર્ટ ફેઈલ). *(તિબ્રાનીએ અવસત)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું કથન :– قبلا بفتح القاف والباء એનો અર્થ એ છે કે ચાંદ પૂરો તુલૂઅ થતાં પહેલાં જ તેના મોટા ભાગના હિસ્સાને જોઈ લેવામાં આવશે જેવું કે ઈબ્ને અષીરે નિહાયામાં વર્ણન કર્યું અને કુર્તબીએ તઝકેરામાં હિરવીથી નકલ કર્યું. ત્યાં એ કૌલ અધિક છે જેની સ્પષ્ટતા આગામી હદીષમાં થાય છે.

من اشراط الساعة انتفاخ الاھلة ویقال رأیت قبلا و قبلا،
بفتح القاف وکسرھا ای معانیة۔





''કિયામતની નિશાનીઓમાંથી એ છે કે ચાંદ ફૂલી જશે અને કહેવામાં આવશે કે મેં સાફ સાફ જોયો છે ફતહ કાફ અને કસ્ર કાફ બંનેની જેમ જોવો.'' *(તિબ્રાની અવસત)*

ચાંદના ફૂલી જવાના બારામાં જે હદીષથી દલીલ કરવામાં આવી એ બે રીતે રિવાયત પામેલી છે : એક અબૂ હુરૈરહ્‌થી અને એક ઈબ્ને મસ્ઊદથી. (رَضِیَ اللّٰہُ عَنۡھُمَا)

અબૂ હુરૈરહ્‌ની હદીષને તિબ્રાનીએ સગીરમાં રિવાયત કરી અને તેના શબ્દો આ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

من اقتراب الساعة انتفاخ الاھلة وان یریٰ الھلال للیلة فیقال ھو ابن لیلتین

''કિયામતની નિશાનીઓમાંથી ચાંદનું ફૂલી જવું છે એ રીતે કે એક રાતના ચાંદને જોવામાં આવશે તો કહેવામાં આવશે કે આ તો બે રાતોનો છે.'' *(તિબ્રાની સગીર)*

ઈબ્ને મસ્ઊદની હદીષ જેને તિબ્રાનીએ કબીરમાં વર્ણન કરી, તેના શબ્દો આ પ્રમાણે છે : من اقتراب الساعة انتفاخ الاھلة ''કિયામતની નિશાનીથી ચાંદનું ફૂલી જવું છે.''

દૂરબીનના બારામાં આ હદીષ સ્પષ્ટ છે કેમ કે ચાંદના ફૂલી જવાનો મતલબ એ નથી કે તે ખરેખર ફૂલી જશે બલ્કે એનો અર્થ એ છે કે જે વખતે ચાંદ નાનો હશે તો મોટો જોવા મળશે અને તે પ્રથમ દિવસ જ હોય છે જ્યારે કે ચાંદ સૂરજથી જુદા થયા બાદ જાહેર થાય છે કે તે દિવસે તે આંખોથી તો નાનો જ દેખાય છે પણ દૂરબીનથી મોટો જોવામાં આવે છે જાણો કે તે ફૂલેલો છે. એટલે સુધી કે જે લોકો મોટી મોટી દૂરબીનો વડે ચાંદ જોવા માટે નિયુક્ત હોય છે તેઓ કહે છે કે ચાંદ બે રાતોનો છે જો કે તે એક જ રાતનો હોય છે. એ પણ યાદ રાખશો કે હદીષમાં આ વધારો અમુક રાવીઓની પોતાની સમજના પ્રમાણે છે એટલા માટે કોઈપણ એના બારામાં સહમત નથી. હા ! શબ્દો બસ એ જ શબ્દો છે من اقتراب الساعة انتفاخ الاھلة જેમ કે બીજી હદીષમાં પણ છે.

**ખુલાસો** : ''ઈન્તેફાખુલ અહિલ્લહ્‌'ની હદીષથી જે અર્થ અમે વર્ણવ્યો છે તે એ સંજોગોમાં છે જ્યારે કે એને નુકતાવાળી ખે (ખા)થી પઢવામાં

આવે. પરંતુ જે રિવાયતમાં ''ઈન્તજુલ અહિલ્લહ્'' જીમ સાથે આવ્યું છે. (ઈબ્ને મસ્ઊદની હદીષમાં એ જ સહીહ છે, તદ્ ઉપરાંત અન્ય હદીષોમાં પણ એ પ્રમાણે આવ્યું છે) તે હદીષ પણ વર્તમાનકાળના બનાવોમાંથી એક છે અને અર્થમાં ફાયદો આપે છે અને તે એ કે ચાંદની ખબર રેડીયો, ટેલીફોન અને ટેલીગ્રાફ થકી દૂર દૂર સુધી પહોંચી જશે. એટલા માટે કે લુગત (શબ્દકોશ)માં ''ઈન્તેફાજ''નો એ જ અર્થ છે. એ તેમના કૌલ ''ઈન્તફજ તિલ અર્નબુ''થી બન્યો છે. એ ત્યારે કહેવામાં આવે છે જ્યારે સસલુ પોતાના ઠેકાણેથી નીકળીને ઝડપથી દોડવા લાગે છે. ''ઈન્તફજત'' શબ્દ બે અર્થો માટે એક સાથે દલીલ પૂરી પાડે છે. લિસાન (અરબી ડિક્ષનરી)માં છે, ''નફજલ અર્નબુ'' એ ત્યારે કહેવામાં આવે છે જ્યાર સસલુ ઉઠીને ઉભુ થાય અને દોડવામાં ઝડપ કરે. ''ઈન્ફજ હસ્સાઈદુ'' એ ત્યારે બોલવામાં આવે જ્યારે કે શિકારી સસલાને તેના શરણસ્થાનેથી નીકળવા માટે મજબૂર કરી દે. અને ''હદીષે કીલા''માં છે કે ''ઈન્તફજત મિન્હુલ્ અર્નબુ'' સસલુ એનાથી દોડી નીકળ્યું. ઈબ્ને અષીરે નિહાયહ્માં એવું જ વર્ણન કર્યું છે. ઈશ્રાને સાઅતની હદીષમાં ''ઈન્તેફાજુલ અહિલ્લહ્'' જીમ સાથે વર્ણન કરવામાં આવેલ છે. ''ઈન્તફજલ્ અર્દુ જમ્બલ બઈર''થી એ ત્યારે કહેવામાં આવે છે જ્યારે ઊંટના પડખાં પેદાઈશના હિસાબે મોટાં જાડાં થઈ જાય. એ સર્વ વર્ણન તેમની સમજના પ્રમાણે છે.

પરંતુ પ્રસંગ એથી વિરૂધ્ધ દલીલ પૂરી પાડી રહ્યો છે, કેમ કે હદીષ કિયામતની નિશાનીઓ અને કિયામતની નિકટતાના બારામાં છે, અને તે સમય તે આ જ આપણો સમય છે. જેથી હદીષના બારામાં તે લોકો કરતાં આપણે વધારે જાણીએ છીએ કેમ કે આપણે આબેહુબ રીતે એ ચીજનો અનુભવ કરી રહ્યા છીએ જેની નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી. જેથી ''ઈન્તેફાજુલ અહિલ્લહ્''નો અર્થ છે પોતાની જગાએથી ફેલાઈ જવું. અને એ ખબરનું પોતાના ઠેકાણેથી આગળ વધીને ઝડપભેર તે દૂર દૂરના વિસ્તારોમાં પહોંચી જવું કે જ્યાં ચાંદ જોવામાં નથી આવ્યો. દા.ત. જો ક્યાંક દૂરબીન વડે ચાંદ જોવામાં આવે પછી તેની ખબર રેડીયો પરથી પ્રસારિત કરવામાં આવે તો એ તે જ ઘડીએ દુનિયાના ખૂણે ખૂણે પહોંચી જશે. એ જ પ્રમાણે ''ઈન્તેફાજુલ અહિલ્લહ્''નો અર્થ ખાત્રીપૂર્વક નિશ્ચિત થઈ ગયો જેમ કે ''ઈન્તેફાજુલ અર્નબ'' જ્યારે કે સસલાને તેના સ્થાનેથી





ભડકાવીને ઉઠાડવામાં આવે અને તે ખૂબ તીવ્ર ગતિથી દોડી જાય.

હવે આ હદીષ બે વાતો માટે દલીલ પૂરી પાડે છે એક ચાંદના દેખાવા બાબતે વિવિધ પ્રકારની દૂરબીનોનું પામવું, બીજું એ યંત્રોનું પામવું જેના થકી ચંદ્ર દેખાયાની ખબર દૂર દૂર સુધી પહોંચી જાય દા.ત. ટેલીફોન, રેડીયો, ટેલીગ્રાફ.

## ★ ફાઉન્ટન પેન ★

અહમદ તથા બઝ્ઝાર તથા તહાવી તથા તિબ્રાની વગેરેએ ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : ان من أشراط الساعة ان يظهر القلم ''કિયામતની નિશાનીઓમાંથી કલમનું જાહેર થવું છે.'' *(મસ્નદે અહમદ, તહાવી વગેરે)*

ઈબ્ને મુબારક વગેરેએ મુરસલ હસન રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

اتقوم الساعة حتىٰ يرفع العلم ويفيض المال ويظهر القلم وتكثرا التجارة

''કિયામત કાયમ થશે નહીં ત્યા સુધી કે ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે, દૌલતની રેલમ છેલ થશે, કલમ જાહેર થશે અને વેપારની અધિક્તા થશે. *(ઈબ્ને મુબારક)*

રિવાયત કરી નિસાઈએ ઉમર ઈબ્ને તગલુબથી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :ان من شرائط الساعة ان يغشوا التجارة ويظهر العلم۔ ''કિયામતની નિશાનીઓમાંથી એ છે કે દૌલત તથા વેપારની વિપુલતા થશે અને ઈલ્મ જાહેર થશે.'' *(નિસાઈ, ભાગ–૨, પેજ–૧૮૭)*

પાછલા લોકોએ એને કિતાબ માટે ધાર્યું છે અને તેના કારણે ઈબ્ને કતીબાએ આ હદીષોને ''ઓયૂનુલ અખ્બાર''માં ''બાબુલ કિતાબહ્વલ કિતાબ''માં લખ્યું છે. પરંતુ વાત એ નથી જે તેમણે સમજી, કેમ કે કિતાબત (લેખન કાર્ય) તો બીજી સદીમાં પણ બનૂ અબ્બાસ દૌરમાં સામાન્ય થઈ ગઈ હતી જેને એક હજાર વરસોથી અધિક સમય વહી ગયો છે. કિયામતની નિશાનીઓથી મુરાદ તે નિશાનીઓ છે જે કિયામતની નિકટમાં થાય, અને જાહેર છે તે આ જ આપણો જમાનો છે કે જેમાં હુઝૂરની صلی اللہ تعالیٰ علیہ وسلم બતાવેલી અન્ય નાની નિશાનીઓ પણ સામે આવી ગઈ જેથી હવે

એ નિશ્ચિત થઈ ગઈ કે વાત એ નથી જે તેમણે કહી હતી. અમારી દૃષ્ટિએ એ હદીષ આ વાતો પર દલીલ પૂરી પાડે છે :–

**પ્રથમ** : એ કે સિયાહીવાળો કલમ (ફાઉન્ટન પેન વગેરે) જાહેર થશે જે મિસર કલમુલ અન્બૂસના નામથી મશ્હૂર છે. એ વર્તમાનકાળમાં એટલા પ્રમાણમાં આમ થઈ ગઈ છે કે કોઈ માણસ એવો મળશે નહીં જેના ખિસ્સામાં બે કે ત્રણ પેન ન રહેતી હોય. અને આ પેન એ સમયમાં શોધાઈ છે જ્યારે કે દૌલતની રેલમછેલ અને વેપારની અધિક્તા છે કે જેનું દૃષ્ટાંત પાછલા સમયોમાં નથી મળતું. કલમનું આ બે ચીજોની સાથે વર્ણન પામવું એના માટે દલીલ પૂરી પાડે છે કે આ જગાએ ફાઉન્ટન પેન જ મુરાદ છે.

**બીજુ** : જો આ હદીષને મજાઝી અર્થોમાં ધારવામાં આવે તો એ તે સ્કૂલો તરફ નિર્દેશ થશે જે અત્યારે દુનિયામાં ફેલાએલ છે જ્યાં પેન વડે લખવાનું શીખવાડવામાં આવે છે, એનાથી પહેલાં એવું હતુ નહીં. પરંતુ આ સ્થિતિમાં મજાઝી અર્થો લેવામાં આવી રહ્યા છે. વળી એ અર્થ હદીષના શબ્દોની પણ વિરૂધ્ધ છે એટલા માટે કે તે હદીષમાં હુઝૂરે કલમ (કલમનું પ્રદર્શિત થવું) છે, કલમનું ફેલાવું નથી. જો આપણે શબ્દ ''ઝહૂર''ને અને કલમની હકીકતને જોઈએ તો એ જ જણાશે કે હદીષમાં તદ્દન આ જ કલમ (ફાઉન્ટન પેન) મુરાદ છે.

## ★ અર્વાચીન બેંક કારોબાર ★

જે ચીજો આ જમાનામાં જાહેર થઈ છે અને સામાન્યતઃ લોકો તેમાં સંકળાયેલ છે એમાંથી એક બેંક છે કે જેનો કારોબાર વ્યાજ વિના ચાલતો જ નથી, ચાહે વેપારના સંબંધે હોય કે પછી અન્ય માલી કારોબાર પણ દરેક ચીજમાં બેંકની મોટી દખલ છે એટલે સુધી કે લોકોની પાસે જે માલ તથા દૌલત મૌજૂદ છે અને જેને તેઓ ખર્ચ કરે છે અથવા એમના સુધી જે રકમ પહોંચે છે, એ સૌમાં બેંક ઝરીયો બને છે, ક્યાં તો વેપાર થકી અથવા હુકૂમત થકી. કેમ કે ગવર્નમેન્ટ પોતાનો તમામ માલ બેંકોમાં રાખે છે અને પછી ત્યાંથી નોકરોને પગાર આપવામાં આવે છે એટલે સુધી કે ઈમામો, ખતીબો, મોઅઝ્ઝિન તથા આલિમો પણ એ જ માલમાંથી પોતાના વઝીફા પામે છે. આ રીતે બેંકો થકી વ્યાજ આમ થઈ ગયું અને હલાલ દુનિયાથી અદશ્ય થઈ ગયું અથવા આ મોટી આફત તથા મુસીબતના





કારણે નજીકમાં જ હલાલ દુનિયાથી અદશ્ય થઈ જશે. જેમ કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું. (અબૂ દાઉદ, ઈબ્ને માજહ્ તથા હાકિમે અબૂ હુરૈરહ્થી) :–

ليا تين على الناس زمان لا يبقى منهم احدالااكل الربا،
فمن لم يأكله اصا به من غباره

''લોકો પર એક સમય એવો આવશે કે કોઈ પણ એવા ન હશે જેણે વ્યાજ ન ખાધુ હોય અને નહીં ખાધુ હોય તો કમસે કમ તેની ધૂળ તો તેને પહોંચશે.'' *(અબૂ દાઊદ, પેજ–૫૦, ભાગ–૨, ઈબ્ને માજહ્, પેજ–૬૫, મુસ્તદરક, ભાગ–૨, પેજ–૧૧)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

سيأعلى الناس زمان يأكلون فيه كلهم الرباء فقلنا يا
رسول الله كلهم ؟ قال نعم ومن لم كأ كله اصبه من غباره

''નજીકમાં જ લોકો પર એવો જમાનો આવશે કે જેમાં તમામે તમામ સૂદ (વ્યાજ) ખાશે. અમે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! સૌ ?! ફર્માવ્યું, હા ! અને જે નહીં ખાય તેને ધૂળ તો પહોંચશે.'' *(મુસ્નદ હારિષ ઈબ્ને અબી ઓસામા)*

હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી મરવી છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لاتقوم الساعة حتىٰ يعزالله عزوجل فيه ثلا ثة
درهما من حلا، وعلماً مستفاداً وأخافى الله

''કયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે અલ્લાહ عزوجل ત્રણ ચીજોને દુનિયામાં ઈજ્જત આપશે : હલાલ રૂપિયા, ફાયદામંદ ઈલ્મ અને અલ્લાહની રાહમાં સાથ આપનાર.'' (જુઝ હસન ઈબ્ને ઉરફા, રિવાયત કરી તિબ્રાની તથા અબૂ નુઐમે હિલ્યામાં આ જ પ્રમાણે)

તિબ્રાનીની રિવાયત છે કે નજીકમાં તમારા પર એવો સમય આવશે કે જ્યાં ત્રણથી વિશેષ અઝીઝતરીન કોઈ નહીં હોય : કોઈનો હમદર્દ તથા ગમખ્વાર ભાઈ, હલાલ દિરહમ અને તે સુન્નત જેના પર અમલ કરવામાં આવે. *–(તિબ્રાની કબીર)*

રિવાયત કરી અબૂ નુઐમે હિલ્યામાં એ જ પ્રમાણે ઈબ્ને ઉમરથી રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું કે સૌથી ઓછી તે ચીજ જે આખર જમાનામાં જોવા મળશે તે હલાલ દિરહમ અને એવો ભાઈ હશે કે જેના પર ભરોસો કરવામાં આવે. *–(અબૂ નુઐમ)*

આ વાત વાસ્તવિક્તાની તદ્દન મુતાબિક છે. પહેલાંના આલિમોએ આ હદીષને એના પર ધારી કે લોકો મામલાઓમાં એટલે ખરીદ વેચાણ તથા કરજ વગેરેના મસાઈલથી વાકેફ ન હોવાને કારણે શક્યતા છે કે એમાં વ્યાજ આવી જાય, એ વાત પણ દુરૂસ્ત છે. પરંતુ એમાં કેવળ વેપારીઓ જ સામેલ થશે જ્યારે કે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની હદીષ શરીફ તમામ લોકો માટે આમ છે. આપે ફર્માવ્યું કે કોઈ વ્યક્તિ પણ એવી બચશે નહીં જેને વ્યાજ ન પહોંચ્યું હોય. જાહેર છે કે આ સ્થિતિ કેવળ બેંક થકી જ થઈ છે જે આપણા અર્થતંત્ર પર સંપૂર્ણપણે છવાઈ ચૂકેલ છે જેથી હવે કોઈ હલાલ રૂપિયો ન રહ્યો, શાયદ ક્યાંક કોઈ નીકળી આવે.

(**નોંધ** : હિંદુસ્તાનની બેંકો તેમજ ગૈર મુસ્લિમ મુલ્કોની બેંકોમાં જે રોકાણ કરવામાં આવે અને તેના પર જે નફો મળે તે વ્યાજમાં દાખલ નથી. જે બાબતે કિતાબ **"ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર" અઝ** : હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી, સદર મુફતી જામિઆ અશ્રફિયહ્, મુબારકપુર (યુ.પી.)નો અભ્યાસ કરશો.)

## ★ ઊંચી આલીશાન ઈમારતો, સુંદર સડકો ★

એનામાંથી જ એ છે કે શહેર જીવન વ્યવસ્થાની સરળતા માટે જમીનમાં વિવિધ સડકો બનાવવામાં આવશે અને માર્ગો પર લાઈટ વ્યવસ્થા કરવામાં આવશે. કેટ કેટલી મંઝિલ લાંબી આલીશાન ઈમારતો બંધાશે, તદ્ઉપરાંત દરેક તે કામ થશે જેનાથી ખૂબસૂરતી ફેલાય.

અલ્લાહ તઆલાએ કયામતની નિશાનીઓમાં વર્ણન કર્યું જેનાથી કિયામતની નિકટતાની ખબર છે :–

حتیٰ اذا اتخذت الارض زخرفها وازنیت وظن اهلها انهم قادرون
علیها اتا ها امرانا لیلاً اونهارا فجعلنا ها حصیداً کان لم تغن بالامس

"એટલે સુધી કે જ્યારે જમીને પોતાનો શણગાર લઈ લીધો અને





ખૂબસૂરત થઈ ગઈ અને તેના રહેવાસીઓ સમજ્યા કે તેઓ એનો કબ્જો કરી કરી ચૂક્યા છે, અમારો હુકમ રાત કે દિવસ આવ્યો અને અમે તેને કપાયેલી ખેતીની જેમ કરી આપી જાણે કાલે હતી જ નહીં." *(સૂરએ યૂનુસ, આ. ૨૩)*

રિવાયત કરી બુખારીએ સહીહમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું :–

لاتقوم الساعة حتیٰ یقبض العلم وتکثرالزلازل ویتقارب
الزمان وتظهر الفتن وحتی یتطاول الناس فی البنیان

"કયામત કાયમ નહીં થાય ત્યાં સુધી કે ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે, ધરતીકંપો પુષ્કળ થશે, સમય એકબીજાની નજીક આવી જશે, ફિત્ના જાહેર થશે અને લોકો ઈમારતોમાં ફેલાઈ જશે." *(બુખારી, ભાગ–૨, પેજ–૧૦૫૫)*

રિવાયત કરી તિબ્રાનીએ કબીરમાં, ઉમ્મુલ મો'મિનીન મૈમૂના رضی اللہ عنہ ફર્માવે છે : "ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم એ કે :–

ماانتم اذامرج الدین وسفك الدماء وظهرت الزینة وشرف البینان

"શું હશો તમે ? જ્યારે દીન બગડી જશે અને લોહી વહેશે અને સજાવટ જાહેર થશે અને ઈમારતોને શાનદાર બનાવવામાં આવશે." *(તિબ્રાની કબીર)*

## ★ અસાધ્ય રોગો ★

એનામાંથી એ છે કે આજે એટલા પ્રકારના રોગો જાહેર થઈ રહ્યા છે જે આજથી પહેલાં એટલા ન હતા. જેમ કે સ્થિતિ એવી છે કે એટલા પ્રમાણમાં અધિકતાથી મોટી મોટી હોસ્પિટલો હોવા છતાં તે તમામ હોસ્પિટલો તે બીમારોથી ભરેલી પડી છે જેની સંખ્યા હજારો સુધી પહોંચી રહી છે. બીમારીઓ એટલી અધિક ફેલાઈ ગઈ છે કે આજથી પહેલાં કદી ન હતી અને ન તો પૂર્વજ તબીબોએ તેનો કોઈ ઉલ્લેખ કર્યો છે. લોકો એ બીમારીઓનાં સબબો એમાં સમજે છે જે અંગ્રેજોએ બનાવી. દા.ત. ખાંડ, વનસ્પતિ ઘી તથા તે તેલ જે વિવિધ શાકભાજીઓએથી કાઢવામાં આવે છે અને એ પ્રકારની અન્ય ચીજો. અમુક લોકો એનો સબબ એ સમજે છે કે જંગો થઈ થઈને વાતાવરણ ખૂબ જ પ્રદુષિત થઈ ચૂક્યું છે અને તેની હવાથી

આ બીમારીઓ જડ પકડે છે વગેરે વગેરે, જો કે એ સહીહ નથી. સહીહ એ છે કે આ તમામ વાતો કિયામતની નિશાનીઓમાંથી છે જેથી એનો સબબ એ છે કે ખરાબ કૃત્યો (બિભત્સપણુ) આમ થઈ ગયાં છે અને દરેક શખ્સ બિભત્સતામાં સપડાયેલો છે. જેમ કે નબી અકરમ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, (રિવાયત કરી હાકિમે સહીહ સનદથી અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી)

ان اللّٰه لا يحب الفا حش والمتفحش ثم قال والذى نفس محمد
بيـده لاتـقـوم السـاعة حتـىٰ يـظهـرا الفحش والتفحش وسوء
الجوار وقطيعة الارحام وحتىٰ يخون الامين ويو تمن الخائن

''બેશક ! અલ્લાહ તઆલા બેહયા તથા બેશરમને પસંદ નથી કરતો. પછી ફર્માવ્યું, કસમ છે તે ઝાતની જેના કબ્જામાં મુહમ્મદની જાન છે ! કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે બેહયાઈ અને બદ્‌ઝબાની ફેલાઈ જશે, અને બુરો પડોસી અને સગાઈ કટ કરનાર એટલે સુધી કે અમીન ખયાનત કરશે અને ખયાનતખોરને અમીન બનાવવામાં આવશે.'' *(મુસ્તદરક, ભાગ–૪, પેજ–૫૧૩)*

તિબ્રાનીએ અવસતમાં અબૂ હુરૈરહ્ رضى الله عنه થી રિવાયત કરી કે સરકાર صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું કે, ''કસમ ખુદાની ! કિયામત કાયમ ન થશે જ્યાં સુધી બેહયાઈ તથા કંજૂસી ફેલાઈ જાય.'' તિબ્રાનીએ કબીરમાં અબૂ મૂસા અશ્અરી رضى الله عنه થી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું : કયામત કાયમ થતા પહેલાં કુર્આનને શરમની ચીજ સમજવામાં આવશે, જમાનો એકબીજાની નજીક થઈ જશે. અને એમાંથી એ ઝિક્ર કર્યું કે બિભત્સતા (ફહ્‌હાશી) આમ (વ્યાપક) થઈ જશે અને જમીન લપેટી દેવામાં આવશે.'' આ તો વાત થઈ બિભત્સતાને વ્યાપક થવાની, હવે રહી વાત એ કે આ ચીજ કયામતની નિશાનીઓમાંથી છે અને એ બીમારીઓના પ્રદર્શિત થવાનો સબબ જે આજે જોવા મળે છે તે એ છે જેને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضى الله عنهما એ વર્ણન કર્યો છે : રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું :–

كيف انتـم اذاوقـعـت فيـكـم خمس واعوذبا للّٰه ان تكون فيكم

نية الا ظهرفيهـم الطاعون والاوجاع التى لم تكن فى اخلافهم





''શું હાલ થશે તમારો જ્યારે કે તમારા પર પાંચ ચીજો આવી પડશે ! અલ્લાહની પનાહ કે તમારામાં એ ચીજો અથવા તમે એ ચીજોને પામી લો. **જ્યારે પણ કોઈ કૌમ એલાનિયા તૌર પર કોઈ બિભત્સ બુરુ કામ કરે છે તો એનામાં પ્લેગ અને એવી બીમારીઓ જાહેર થઈ જાય છે જે તેમના પૂર્વજોમાં ન હતી.''** *(ઈબ્ને માજહ્, પેજ–૨૯૦, મુસ્તદરક, ભાગ–૪, પેજ–૫૪૦)*

રિવાયત કરી ઈબ્ને માજહ્ તથા બઝ્ઝાર તથા બયહકીએ શોઅબુલ ઈમાનમાં (અને હાકિમે તેને સહીહ ઠરાવી) કે હુઝૂર صلى الله تعالى عليه وسلم એ બીમારીઓના જાહેર થવાની ખબર આપી જે પૂર્વજોમાં ન હતી અને હવે બિભત્સ કામોને જાહેરી તૌર પર કરવાના કારણે એ બીમારીઓ જાહેર થઈ રહી છે. જેમ કે હાલત એ છે કે સરેઆમ ચુંબનો કરવામાં આવે છે અને તેના કારણે તે બીમારીઓ તથા વબાઓ ફેલાઈ રહી છે કે આજથી પહેલાં જેને કોઈ ઓળખતુ ન હતું. (આજે એઈડઝની બીમારી એનું દષ્ટાંત છે. *–ગુજરાતી અનુવાદક)*

## ★ લક્વો, મસા તથા હાર્ટફેઈલ ★

اوتـدركوهن ماظهرت الفاحشة فى قوم قط يعملوبها فيهم علا

એ જ બીમારીઓમાંથી કે જે હવે સામાન્ય થઈ ગઈ છે લક્વો, મસા તથા અચાનક મૌત થવું (હાર્ટ ફેઈલ) છે. એના બારામાં પણ ખાસ રીતે હદીષોમાં આવેલ છે. દીનોરીએ મજાલિસમાં કહ્યું કે :–

અનસ ઈબ્ને માલિક رضى الله عنهما થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું : مـن اقتراب الساعة ان يفشوا الفا لج و موت الفجائة ''કિયામત નિકટ હોવાની નિશાની એ છે કે લક્વો તથા હાર્ટફેઈલ સામાન્ય થઈ જશે.'' *(મજાલિસહ્)*

એને તિબ્રાનીએ સગીરમાં એક અન્ય રીતે રિવાયત કરી. શઅબીએ અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું :–

مـن افتراب الساعة ان يرى الهلال قبلا فيقال لليلتين،
وان تتـخـذا الـمسـاجـد طـرقـا وان يظهر موت الفجائة

''કિયામત નિકટ હોવાની નિશાનીઓમાંથી એ છે કે પહેલો ચાંદ સાફ સાફ જોવા મળશે, તો કહેવામાં આવશે કે બે રાતોનો છે અને મસ્જિદોને

રસ્તા બનાવી લેવામાં આવશે અને અચાનક મૌત થવું જાહેર થશે. –(તિબ્રાની)

રિવાયત કરી તિબ્રાની તથા અબૂ નુઐમે હિલ્યામાં અબૂ હુઝૈફાથી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

من اقتراب الساعة كبيرة الطلاق وموت الفجائة ''કિયામતની નિશાનીઓમાંથી તલાકની અધિક્તા તથા અચાનક મૌત છે.''

કુર્તબીએ તઝકેરામાં વર્ણન કર્યું : (જા'ફર ઈબ્ને મુહમ્મદ પોતાના વાલિદથી અને તેઓ પોતાના દાદાથી) હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું, ''કિયામતની નિશાનીઓમાંથી મસા (બવાસીર) તથા અચાનક મૌતનું થવું છે.''

## ★ નાફર્માની તથા ગુનાહમાં સ્ત્રીઓની અધિક્તા ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેશનગોઈઓમાંથી એ પણ છે કે સ્ત્રીઓ નાફર્માની તથા દિલેરીમાં હદથી વધી જશે અને મર્દોના મોટા મોટા હોદ્દાઓની પરવા નહીં રાખે અને તેણીઓ એવી લાલચ રાખશે કે તે જજ બને, પ્રધાન બને અને ગવર્નમેન્ટની સફીરા બને. અને પછી તે અમુક દેશોમાં તે ઉચ્ચ હોદ્દાઓ પર બેસી જશે અને તે પોતાના પ્રદર્શનમાં પુરૂષોથી પણ આગળ નીકળી જશે. બલ્કે તેણીઓ એવી ચીજો માટે પણ હિંમત કરશે જે શરીઅતથી હોય અને તેમની ઈચ્છાઓની વિરૂધ્ધ હોય. જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ તરફ નિર્દેશ કર્યો છે :–

كيف بكم ايهاالناس اذا طغى نساؤكم وفسق شبابكم، قالوا
يا رسول الله ان هذالكائن قال نعم

''હે લોકો ! એ વખતે તમારો શો હાલ થશે જ્યારે તમારી સ્ત્રીઓ નાફર્માની કરશે અને તમારો શબાબ (યુવાની) નેકબખ્તીના માર્ગેથી હટી થશે ! સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું એવું થશે ? ફર્માવ્યું, હા !'' *(તિબ્રાની અવસત)*

રિવાયત કરી તિબ્રાનીએ અવસતમાં અબૂ હુરૈરહથી બે સનદોથી રિવાયત કરી અને ત્રીજી સનદ મરુસલ છે. : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–





كيف بكم اذافسق شبابكم وطغت نساؤكم وكثرجهالكم

قالوا وان ذالك لكائن يا رسول الله؟ قال واشد من ذالك

''એ સમયે તમારો શો હાલ થશે જ્યારે તમારો શબાબ (યુવાની) નેક બખ્તીના માર્ગેથી હટી જશે, તમારી ઔરતો બાગી જઈ જશે અને જાહિલોની અધિક્તા થશે. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું એવું થશે ? ફર્માવ્યું, એનાથી પણ વધારે થશે ! *(અલ્ બદઅ્)*

જેમ કે હવે જોઈ લો કે સ્ત્રીઓ કેટલા અંશે આગળ વધી ચૂકી છે અને યુવાનીઓ કેટલા પ્રમાણમાં ગુમરાહી પ્રતિ આગળ વધી રહી છે, એટલે સુધી કે કુફ્ર તથા અધર્મતાની નોબત આવી ગઈ છે ! અને તમામ બુરાઈઓથી ઔરતો ગુજરી ચૂકી છે.

## ★ કારોબારી સંસ્થાઓમાં પુરૂષો સાથે સ્ત્રીઓનો વેપાર ★

હુઝૂરની પેશનગોઈ પ્રમાણે છે કે આજે ઔરતો પુરૂષો સાથે દુકાનોમાં કારોબાર કરે છે ક્યાં તો તેના કાર્યમાં સહકારી બનીને અથવા નોકરીના રૂપે અથવા પોતાના પતિના કામમાં ટેકારૂપે. જેમ કે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો જેના રાવી અબ્દુલહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી છે કે કિયામતની નિશાનીઓમાંથી એ છે કે સલામ ખાસ ખાસ લોકો સુધી સીમિત થઈ જશે અને વેપાર એટલા પ્રમાણમાં આમ થઈ જશે કે સ્ત્રી પોતાના પતિને વેપાર માટે નિયુક્ત કરશે.'' *(મુસ્નદે અહમદ, ભાગ–૧, પેજ–૪૦૫)*

રિવાયત કરી અહમદ તથા બુખારીએ અદબુલ મુફરદ તથા બઝ્ઝાર તથા તહાવીએ રિવાયત કરી મુશ્કિલુલ્ આષારમાં અને તિબ્રાની તથા હાકિમે પણ રિવાયત કરી છે. તિબ્રાની અદા ઈબ્ને ખાલિદથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે સલામ કેવળ તે શખ્સને કરવામાં આવશે જેની સાથે જાન પેહચાન હશે અને મસ્જિદોને રસ્તો બનાવી દેવામાં આવશે અને સ્ત્રી પુરૂષ સંયુક્ત રીતે વેપાર કરશે.'' *(તિબ્રાની કબીરમાં, મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૪૬)*

## ★ પોલીસ ★

એનામાંથી જ એ છે કે પોલીસના સિપાહીઓની અધિક્તા થશે. અને ઠેકઠેકાણે નિયુક્ત કરવામાં આવશે જેમ કે આજે ગવર્નમેન્ટો કરે છે. જેમ કે તિબ્રાની કબીરમાં ઔફ ઈબ્ને માલિકથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : "હું તમારા પર છ ચીજોથી ડર અનુભવું છું (એમાંથી એક) બેવકૂફોની સત્તા અને પોલીસની અધિક્તા." *(તિબ્રાની કબીર)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની ઉમ્મત પર એ કારણે ડર પ્રદર્શિત કર્યો કે એક તો કિયામત નિકટ હોવાની દલીલ છે અને પછી એ પણ એ કે લોકો દરેક વટેમાર્ગુ પર જુલ્મ કરશે અને ફોગટમાં તેમને દંડ ફટકારશે અને એ પણ કે તેમના હાથોમાં કોરડા તથા લાકડીઓ હશે જેનાથી તેઓ કોઈ મામૂલી સબબથી પણ કમજોરોને મારશે. જેમ કે ખૂદ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વિવિધ હદીષોમાં જણાવ્યું છે. સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "દોઝખીઓના બે પ્રકાર એવા છે કે મેં એમને નથી જોયા. એક તો તે લોકો જેમની પાસે ગાયની પૂછડીઓની જેમ કોરડા હશે જેનાથી તેઓ લોકોને મારશે. બીજી તે સ્ત્રીઓ જે પહેરવા છતાં નગ્ન હશે, ઊંટણીઓની ખાંધની જેમ પોતાનાં માથાંને ટેઢાં કરતી હશે (એટલે હેટ પહેરશે). એઓ જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં, જ્યારે જન્નતની ખુશ્બુ આટલા આટલા અંતરેથી અનુભવવામાં આવી શકે છે." *–(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૩૮૩, મુસ્નદે અહમદ, ભાગ–૨, પેજ–૩૫૩)*

આ કોરડા ખરેખર બળદોનાં પૂછડાંઓની જેમ હોય છે જેનો અનુભવ યૂરોપમાં ફ્રેન્ચની પોલીસની પાસે કરવામાં આવી શકે છે. એમાં જ હદીષે અમામા છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આ ઉમ્મતમાં આખર જમાનામાં એવા લોકો નીકળશે જેમની પાસે બળદોની પૂછડીની જેમ કોરડા હશે, તેઓ સવાર કરશે અલ્લાહની નારાજગીમાં અને સાંજ અલ્લાહ ગઝબમાં કરશે." *(હાકિમે સહીહ અસ્નાદ સાથે રિવાયત કરી, મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૩૬)*





## ★ હાકિમોની અધિક્તા ★

ઈસ્લામમાં વિખવાદ નાખવા માટે વિવિધ રાજ્યો તથા ગવર્નમેન્ટો અસ્તિત્વમાં આવશે અને એ રીતે હાકિમો તથા અમીરોની અધિક્તા થશે. દા.ત. અત્યારે કેવળ અરબદ્વિપમાં લગભગ ૨૦ અથવા એનાથીયે વિશેષ અમીરો મૌજૂદ છે. જેઓ હિજાઝ, કુવૈત, યમન, બેહરીન, હઝરમૂત, ઈરાક, પૂર્વ ઉર્દૂન અને લેબનોનમાં મૌજૂદ છે. જેમ કે અબૂ નુઐમે હિલ્યામાં અબ્દુલ્લાહ ઈબને મસ્ઊદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એ સમયે તમારો શો હાલ થશે જ્યારે તમે ફિત્નાઓમાં પડી જશો અને એ રિવાજ બનાવી લેશો કે નાનાઓની ખૂબ દેખભાળ કરશો અને મોટેરાંઓથી ધ્યાન હટાવી લેશો. અને જો કોઈ એની વિરૂધ્ધ કરશે તો કહેવામાં આવશે કે તેં રિવાજની વિરૂધ્ધ કર્યું. સહાબાએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! આવું ક્યારે થશે ? ફર્માવ્યું, જ્યારે કે કારીઓની અધિક્તા થશે, આલિમોની ઉણપ વર્તાશે, અમીરોની અધિક્તા થશે અને અમીન ઓછા થઈ જશે અને દુનિયા આખેરતના અમલથી ખાલી થઈ જશે." *(રિવાયત કરી હાકિમે મુસ્તદરકમાં તથા દારમીએ રિવાયત કરી પોતાની મુસ્નદમાં હઝરત અબ્દુલ્લાહથી)*

## ★ અમામા છોડીને ઉઘાડા માથે અથવા તુર્કી ટોપીનો રિવાજ ★

ઈબ્ને લાલે કહ્યું, હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **અમામા મો'મિનનો વકાર અને અરબની ઈજ્જત છે.** જ્યારે અરબો અમામો પહેરવાનું ત્યજી દેશે તો તેમની ઈજ્જત ખત્મ થઈ જશે." *–(ઈબ્ને લાલ)*

દયલમીએ મુસ્નદે ફિરદોસમાં હઝરત અબ્બાસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "અમામા અરબનો તાજ છે જ્યારે તેઓ તેને છોડી દેશે તો પોતાની ઈજ્જત ખોઈ બેસશે." *–(મુસ્નદે ફિરદોસ)*

એ પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓમાંથી છે, કેમ કે અમામો અરબોના લિબાસમાં સામેલ હતો અને એ કલ્પના પણ ન કરી શકાતી હતી કે અરબો એને ત્યજી દેશે ! પરંતુ જ્યારે ઘણા બધા, અરબી શહેરો

અને ઈસ્લામી શહેરોમાં તુર્કીની હુકૂમત કાયમ થઈ તો તુર્કી ટોપીનો રિવાજ પડી ગયો અને લોકોએ અમામા બાંધવા છોડી દીધા, તે વખતથી અરબે પોતાની ઈજ્જત ગુમાવી અને તેમના પર નવી રહેણાંક પધ્ધતિ સવાર થઈ ગઈ. તો જ્યારે નવી રહેણાંક પધ્ધતિએ પોતાના પગો જમાવી લીધા અને અરબોએ તેમની સંસ્કૃતિને અપનાવી લીધી અને દરેક ચીજમાં તેમનું અનુસરણ કર્યું અને કાફિરોએ પોતાનાં માથાં ઉઘાડાં કરી લીધાં, એટલે સુધી કે હેટ પણ ઉતારીને ફેંકી માર્યા તો અરબે એમાં તેમનું અનુસરણ કર્યું અને તેમણે પોતાનાં માથાંઓને ઉઘાડાં કરી લીધાં એટલે સુધી કે હેટ પણ ફેંકી માર્યા તો અરબે એમાં તેમનું અનુસરણ કર્યું અને તેમણે પણ પોતાનાં માથાંઓને ઉઘાડાં કરી લીધાં. અમામો અને તુર્કી ટોપી પણ ત્યજી દીધી, હવે અરબો જાણે ઈસ્લામી ફિતરતથી અલગ થઈ ગયા, કેમ કે તેમણે એ તમામ વાતોમાં એક નાપસંદ આંધળુ અનુકરણ કર્યું, જ્યારે કે પોતાની ઈજ્જત પહેલેથી જ ખોઈ ચૂક્યા હતા. એના બારામાં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો જેને દયલમીએ ઈબ્ને રુકાનાથી રિવાયત કરી. રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "મારી ઉમ્મત તે સમય સુધી ફિતરત પર રહેશે જ્યાં સુધી ટોપીઓ ઉપર અમામા બાંધશે." (દયલમી) આ હદીષથી જેવી રીતે એક બાજુ એ જણાય છે કે લોકો ટોપી પર અમામો બાંધવાનું છોડી દેશે તેવી જ રીતે એ પણ જાણવા મળ્યું જેના પ્રતિ આજે લોકો અમામો ત્યજીને ઉઘાડે માથે અને અંગ્રેજોનું અનુકરણ કરતા ચાલી નીકળ્યા છે, એટલે દીને ફિતરતથી અલિપ્તતા અને દીન વિરૂધ્ધના અખ્લાકથી પરહેઝ.

## ★ બિભત્સતા તથા બદ્કારી ★

એક અન્ય ચીજ અજબની એ છે કે યૂરોપના યુવાનોમાં એક ગૃપ એવું છે જેમણે આ તુર્કી ટોપીમાં અધિક ફેરફાર કરતાં એમાં વિવિધ રંગી ટૂકડા લગાડયા જેમ કે કમ્બલ વગેરેમાં હોય છે. અને તેઓ એવું સમજ્યા કે આ અમારો કૌમી લિબાસ છે. એવા લોકોના બારામાં ખાસ રીતે હદીષોમાં વર્ણન મળે છે જેમ કે તિર્મિઝીએ નવાદિરુલ્ ઉસૂલમાં અનસમાં માલિક رضی اللہ عنہ થી રિવાયત કરી લખ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "આખર જમાનામાં કારીઓ કીડીઓની જેમ (ખૂબ જ





પ્રમાણમાં) જોવા મળશે તો જે વ્યક્તિ એ સમય મેળવે તે પનાહ માંગે એ લોકો ઘણા જ બદ્બૂદાર હશે, વળી રંગીન ટોપીઓ રિવાજ પામશે તો **એ સમયે ઝિનાથી કોઈ શરમ કરવામાં આવશે નહીં અને એ વખતે દીન પર કાયમ રહેવું એવું હશે જેમ કે મુઠ્ઠીમાં અંગારો પકડવો. જે એ સમયે દીન પર કાયમ રહેશે તેને પચાસ માણસો જેટલો બદલો મળશે.** સહાબાએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! તેઓ અમારામાંથી હશે કે તેઓમાંથી ? ફર્માવ્યું, તમારામાંથી !" *(નવાદેરુલ ઉસૂલ, તિર્મિઝી)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ રંગીન ટીપોઓનો ઉલ્લેખ કર્યો છે તે આ જ તુર્કી ટોપીઓ છે જે આજથી અગાઉ આટલી પ્રખ્યાત ન હતી. એ વાતનું સમર્થન એના પરથી પણ થાય છે કે આજે ઝિના (વ્યભિચાર) એટલા પ્રમાણમાં આમ છે કે કોઈ એનાથી શરમાતુ પણ નથી ! આ તુર્કી ટોપીઓના રિવાજથી લગભગ પાંચ વરસ બાદ જ્યારે બીજુ વિ□યુદ્ધ થયું તો સ્પેન તથા યૂરોપના લશ્કર શહેર તન્જામાં દાખલ થયાં અને તેમના સબબે એ વિસ્તારમાં વ્યભિચાર એટલા પ્રમાણમાં ફેલાયો કે એનાથી અગાઉ કોઈ ઈસ્લામી શહેરમાં ફેલાયો ન હતો. સ્પેની તથા પશ્ચિમી ફોજો એ હાલતમાં જોવા મળી કે તેઓ ક્યાં તો શહેર આસપાસના વિસ્તારોમાં, ઝાડોની નીચે અને ક્યાંક બાગોની દીવાલોના સહારે દિવસમાં ઔરતોની સાથે આ બિભત્સ કાર્યમાં વ્યસ્ત હતા. ઘણા લોકોએ તેને જોયું. લભગભ ત્રણ વરસ સુધી તન્જામાં એ જ હાલત રહી છેવટે સ્પેની (અલ્લાહની લઅનત તેમના પર) ત્યાંથી જતા રહ્યા તો હાલત કાંઈક સુધરી, જો કે ઘણા ત્યાં રોકાઈ ગયા હતા.

વિચારવાનો મકામ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કૌલ મુબારક فلا يستحى يومئذمن الزنا۔ **"તે વખતે ઝિનાથી શરમાવાનું ખત્મ થઈ જશે."** આ ચીજ પર ખૂબ જ ફીટ થાય છે જે તન્જામાં પેદા થઈ એટલે કે "વેશ્યાઘર" અને તમામ તે બિભત્સ કામો કરવાના અડ્ડા જે દુનિયાના દરેક ખૂણામાં સ્થાપિત થયેલા છે. કેમ કે તેમાં પ્રવેશીને બદ્કારી કરનારો તદ્દન શરમાતો નથી. ગવર્નમેન્ટ તથા હાકિમોની મદદથી આ બદ્કારીના અડ્ડાઓને ઉભા કરવા જ ઝિનાનું એલાન કરવું છે, વધુમાં એ કે ગવર્નમેન્ટ થકી આ મામલામાં તેમની મદદ કરવામાં આવે છે અને તેમનું ધ્યાન રાખવામાં આવે છે જેથી તે ઝિનાકાર સ્ત્રીઓની તંદુરસ્તી સચવાઈ

રહે. એ ઝિનાકાર ઔરતોને એ હુકમો મળતો હોય છે કે તેણીઓ દર અઠવાડિયે ડોકટર પાસે પોતાને ચેકઅપ કરાવે જેથી તેમની ધારણા પ્રમાણે બીમારીઓ ન ફેલાય. (એ સૌના પર ખુદાની લઅ્નત !) વર્ણન કરેલી હદીષ એ વાતની સ્પષ્ટ દલીલ પૂરી પાડે છે કે નવ આબાદીના સ્થાપન માટે આવેલા લોકો ઈસ્લામી શહેરોમાં પણ બદ્કારીના અડ્ડા સ્થાપિત કરશે. અને એનું સમર્થન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ કથન મુબારકથી થાય છે, "કિયામતની નિશાનીઓમાંથી એ છે કે ઈલ્મ ઉઠાવી લેવામા આવશે, અજ્ઞાનતાની અધિક્તા હશે, ઝિનાની અધિક્તા થશે અને શરાબપાન પુષ્કળ થશે." *(બુખારી, મુસ્લિમ)*

તે ઝિના જ છે જે આજે એટલા પ્રમાણમાં આમ (વ્યાપક) છે કે લોકો તેનાથી બિલકુલ નથી શરમાતા કેમ કે વેશ્યાઘરોમાં થનારી બદ્કારીઓ ગવર્નમેન્ટના નિર્દેશો પર થાય છે. (આજે કેટલાક હિરો હિરોઈનો જાહેરમાં એકબીજા સાથે વ્યભિચાર ચાલતો હોવાનું એલાન કરે છે, જે વર્તમાન પત્રોમાં ટી.વી. પર પણ જણાવાય છે !)

## ★ સ્કાઉટ અને પેન્ટ ★

એ વાત ઘણા ઓછા લોકો જાણે છે કે અમુક બદ્કિરદાર અંગ્રેજોએ છોકરાઓની ફોજનો પાયો નાખ્યો જેને આજે "સ્કાઉટ" કહે છે અને પછી એ ફોજના માટે **પેન્ટો તૈયાર કરી જેને પહેરવા છતાં પણ માનવ અંગો જાહેર રહે છે. પેન્ટ જેવો બેકાર લિબાસ ખૂબ જ જલ્દી ચોતરફ ફેલાઈ ગયો અને મુસલમાનોએ એમાં પણ અંગ્રેજોનું અનુકરણ કર્યું બલ્કે દરેક મામલામાં તે બદ્કિરદાર લોકોનું અનુકરણ કરી રહ્યા છે જેમ કે આપણે જોઈ રહ્યા છીએ.** હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **"આ ચીજ બદ્કારોનું કામ છે** અને આપની ઉમ્મત પણ એને કરશે. જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનના પ્રમાણેના ૧૪૦૦ વરસ પછીની ઉમ્મતમાં એ અમલ જાહેર થયો.

દયલમીએ મુસ્નદે ફિરદોસમાં અને અસાકિરે તારીખમાં રિવાયત કરી કે હુઝૂરે صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

خصال عملهاقوم لوط بهااهلكوا وتزيد ها امتى بخصلة





"કેટલીક આદતો હતી જેના પર અમલ કરવાથી લૂતની કૌમ હલાક થઈ, મારી ઉમ્મત એકનો વધારો ઓર કરશે." *(દયલમી)*

પછી આપે તે ખાસિયતો ગણાવી અને ફર્માવ્યું કે એનામાંથી આ છે, **"બજારમાં એવી રીતે ચાલશે કે તેમની જાંગો જાહેર રહેશે."** આ હદીષને અબૂ બશર દુલાબી તથા અસ્માએ પણ રિવાયત કરી છે અને એમાં વિશેષ અમુક આદતોનો ઉલ્લેખ કર્યો છે. તો જાણવા મળ્યું કે બજારોમાં ચાલવું તે સમયે રિવાજ પામ્યું જ્યારે સ્કાઉટ દળો તૈયાર કરવામાં આવવા લાગ્યાં, અને આ તમામ શરારત અંગ્રેજની છે. પછી અધિક પ્રગતિ થઈ તો આપણે જોયું કે જાંગો તદ્દન (ઓપન) જાહેર થવા લાગી એટલે સુધી કે યૂરોપની કાફિર ઔરતો બજારોમાં જાંગો ખુલ્લી રાખીને (સ્કર્ટ પહેરીને) ચાલે છે. આ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક અધિક પેશનગોઈ દુરુસ્ત ઠરી.

## ★ દાઢી મૂંડાવવું ★

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી કે આપની ઉમ્મત દાઢી મુંડાવશે, જેમ કે તુર્કી તથા યૂરોપી. નવી રહેણાંક વ્યવસ્થાના સ્થાપન પછી લોકો એટલા અધિક પ્રમાણમાં દાઢી મુંડાવે તથા મૂંછો વધારે છે કે **જાણે એવું કરવું વાજિબ છે ! હરામ નથી ! નેકી છે ગુનો નથી ! કાફિરો તથા અગ્નિપૂજકો (મજૂસી)ઓનો તરીકો નથી બલ્કે સુન્નત છે !** (અલ્લાહની પનાહ !) જેમ કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આપની ઉમ્મત એના પર અમલમાં પાછલી કૌમોનું અનુસરણ કરશે જેવું કે આગળ વર્ણન કરવામાં આવશે અને આપે એ પણ ફર્માવ્યું કે આ લૂતની કૌમનાં કરતૂતો છે અને આપની ઉમ્મત પણ એ લોકોની જેમ એવું કરશે. જેમ કે તારીખ, ઈબ્ને અસાકિરમાં આ હદીષ હેઠળ આપે એમાં ઈર્શાદ ફર્માવ્યો, "કસ્સુલ લિહિયા" એટલે લોકો દાઢી સાફ કરશે. અને આપે જે વધારાની આદતનો ઉલ્લેખ કર્યો છે, તે "સ્ત્રીઓનો આપસમાં નાજાઈઝ તરીકાથી સંબંધ" છે.

## ★ દરેક મામલામાં અંગ્રેજોનું અનુકરણ ! ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પેશનગોઈ ફર્માવી કે આપની ઉમ્મત

દરેક મામલામાં અંગ્રેજોનું અનુકરણ કરશે જેમ કે થઈ રહ્યું છે. જેથી હવે મુસલમાનોની હાલત એવી છે કે તેઓ એક બાજુ તો કાફિરોથી મળતાપણુ કરે છે અને બીજી દરેક બુરી અને ઐબદાર ચીજમાં તેમની તકલીદ (અનુસરણ) તથા પયરવી કરે છે, એટલે સુધી કે કાફિરો કોઈ પણ બુરી રસ્મ કાઢે છે ભલે તે અત્યંત કક્ષાની ખરાબ હોય પણ મુસલમાન દોડીને તેનું અનુકરણ કરે છે બલ્કે એમનાથીય વધી જવાની કોશિશ કરે છે ! અને આ આગળ વધી જવામાં તેઓ પ્રથમ તો ઈસ્લામ ધર્મથી નીકળી જાય છે પછી અન્ય ધર્મો તથા શરીઅતોથી પણ આગળ વધી જાય છે, પછી મુરવ્વત તથા ઈન્સાનિયત તેમનાથી દૂર થઈ જાય છે એટલે સુધી કે તેમની બુદ્ધિ સુદ્ધાં બેકાર થઈ જાય છે (બહેર મારી જાય છે) અને એક સમય એવો આવે છે કે પછી એ લોકો જે હરકતો કરે છે તે કદાચ પૃથ્વીના પટ પર કોઈ પાગલે પણ આજ સુધી નહીં કરી હોય અને ન કિયામત સુધી કોઈ કરશે. આ પ્રકારના કાફિરોને અનુસરનારાઓની ઉઘાડી તથા સ્પષ્ટ દલીલો પુષ્કળ પ્રમાણમાં મૌજૂદ છે. એ દૃષ્ટાંતોને તે જ સમજી શકે છે જેને અલ્લાહે નૂરે ઈમાન અતા કર્યું હોય અને તેઓના અનુસરણથી મેહફૂઝ રાખ્યો હોય. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સાફ સાફ ખબર આપી છે કે આપની ઉમ્મત તેમના આંધળા અનુકરણમાં એટલા પ્રમાણમાં અતિશ્યોક્તિ કરશે કે તેઓ એ સ્થાન સુધી પહોંચી જાય કે જ્યાંથી પાગલ પણ પનાહ માંગે ! સાંભળો અને આશ્ચર્ય અનુભવો ! બુખારી અને મુસ્લિમ અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરે છે. રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''તમે લોકો આગલાઓના તરીકાની ઈત્તેબાઅ (અનુસરણ) કરશો વેંત વેંત અને ગજ ગજ એટલે સુધી કે જો તેઓ કોઈ ગુફામાં પ્રવેશ્યા હશે તો તમે પણ એવું જ કરશો.'' સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું યહૂદી તથા નસારા (ઈસાઈ)ની ઈત્તેબાઅ કરશે ? તો ફર્માવ્યું કે, ''તો પછી કોની ?''

તિબ્રાની ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત કરે છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :—

انتم اشبه الامم ببنى اسرائيل لتركبن طريقهم حذوالقذة بالقذة حتىٰ
لايكون فيهم شيء الاكان فيكم مثله حتى ان القوم لتمر عليهم المرأة فيقوم
ايها بعضهم فيجا معها ثم يرجع الى اصحابه يضحك اليهم ويضهكون اليه





''તમે બની ઈસ્રાઈલ સાથે અધિક મુશાબેહત (મળતાપણુ) રાખવાવાળી ઉમ્મત છો. તેમના તરીકાઓને ખૂબ અપનાવશો, એટલે સુધી કે દરેક તે ચીજ જે એમનામાં થઈ હોય તે તમારામાં જોવા મળશે. એટલે સુધી કે જો અમુક લોકો ક્યાંક બેઠેલા છે અને ત્યાંથી કોઈ સ્ત્રી પસાર થશે તો એક માણસ તે સ્ત્રીની સાથે બળાત્કારથી બદ્કારી કરશે પછી પોતાના મિત્રોની તરફ હસતો હસતો ચાલ્યો જશે અને તેઓ પણ એ કુકર્મ પર હસશે.'' *(બુખારી, મુસ્લિમ, ઈબ્ને માજહ, પેજ–૨૯૮, તિબ્રાની)*

જે માણસ આજે એ લોકોની હાલતનો અભ્યાસ કરે તો તે જાણી લેશે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક એક પેશનગોઈ દુરુસ્ત સાબિત થઈ રહી છે અને જો લખવામાં આવે તો મોટા મોટા બુદ્ધિવાળાઓ આશ્ચર્યમાં પડી જશે.

## ★ અરબી જોડાઓનો ત્યાગ કરવું ★

અને ઘણા આશ્ચર્યની વાત છે કે લોકો દરેક ચીજમાં અંગ્રેજોનું અનુકરણ કરવા લાગ્યા. જેમ કે પ્રથમ લિબાસનો નંબર આવ્યો અને સ્ત્રીઓ તથા પુરૂષોએ ઈસ્લામી લિબાસ કાઢી મૂક્યો, જો કે અમુકે તેને નથી છોડયા. પરંતુ જોડાના મામલામાં સૌ અંગ્રેજોના અનુકરણી બની ગયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એના બારામાં પણ ખાસપૂર્વક ઈર્શાદ ફર્માવ્યો જેને તિબ્રાનીએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે, ફર્માવ્યું :—

اذاتخفف امتى با لخفاف ذات المناقب الرجال
والنساء وخصفو انعالهم تخلى اللّٰه عنهم

''જ્યારે ઉમ્મત વિવિધ પ્રકારના ચામડાના જોડા પહેરશે અને તેને ખૂબ ચમકાવશે, ચાહે પુરૂષ હોય કે સ્ત્રી. અલ્લાહ તેમને એકલા છોડી આપશે.'' *(તિબ્રાની)*

''ખિફાફુઝાતિલ્ મનાકિબ'' એટલે કે વિવિધ ટૂકડા અથવા વિવિધ રંગ. જેમ કે શબ્દકોશની કિતાબોમાં છે કે ''આ અંગ્રેજી જોડા છે.'' ''ખસ્ફ'' એટલે ''ચમકાવવું'' પોલિશ કરવું. કેમ કે રાગિબના કૌલના પ્રમાણે ''ખસ્ફ''નો અર્થ વીજળી તથા ચમકનો છે. અથવા મતલબ એ છે કે તે જોડાઓમાં કેટલાય રંગોનાં ચામડાં હશે જેમ કે સામાન્યતઃ જોવા મળે છે.

## ★ યૂરોપની ભાષાઓ અને અરબની ભાષાઓની વિવિધતા ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પેશનગોઈ ફર્માવી કે લોકો યૂરોપની ભાષાઓ શીખશે અને અરબની ભાષાઓ નવી રહેણાંક પધ્ધતિના દેશોના હિસાબે વિવિધ થઈ જશે. તો ક્યાંક ફ્રેન્ચી બોલવામાં આવશે તો ક્યાંક હસ્પાનવી, ક્યાંક અંગ્રેજી અને ક્યાંક રૂસી તથા ચીની. અને એ જ પ્રમાણે જ્યાં કોઈ નવી આબાદી વસશે ત્યાંની ભાષા બદલાઈ જશે. તિબ્રાનીએ અવસત કબીરમાં રિવાયત કરી. સલ્માન ફારસી رضی اللہ عنہ એ રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

اذاظهر القول وخزن العمل واختلفت الألسن وتبا غضت القلوب وقطع كل ذى رحم رحمه فعند ذالك لعنهم الله فاصمهم واعمى ابصارهم

જ્યારે વાતો રહી જશે અને અમલો ખત્મ થઈ જશે, ભાષાઓ બદલાઈ જશે અને દિલોમાં કીનો થઈ જશે અને લોકો સિલએ રહમી (સગાંનાં હક્કો) ત્યજી દેશે તો તે વખતે અલ્લાહ તઆલા તેમના પર લઅન્‌ત ફર્માવશે, તેમને બહેરા કરી દેશે અને તેમને આંધળા કરી દેશે.'' *(તિબ્રાની કબીર)*

એનાથી પહેલાં અમ્ર ઈબ્ને તુગ્લબની હદીષ (ટેલીફોનની ચર્ચામાં) આવી ગઈ છે જેમાં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''કિયામતની નિશાનીઓમાંથી એ છે કે માલની અધિક્તા થશે, વેપાર સર્વસામાન્ય (આમ) થઈ જશે, ફાઉન્ટન પેન જોવા મળશે, વેપારી વેચતી વખતે કહેશે કે ઉભા રહો ! પહેલાં ફલાણા માણસથી સલાહ લઈ લઉં (જે કોઈ અન્ય શહેરમાં રહે છે) અને મોટા મોટા કબીલાઓમાં શોધવા છતાંય કાતિબ (લહીયો) મળશે નહીં.'' *(નિસાઈ, ભાગ–૨, પેજ–૧૮૭)*

ભાષાઓના વિવિધતાનો મતલબ એ છે કે અરબો અરબી છોડીને અંગ્રેજી બોલવા લાગશે, નહીં તો ભાષાઓની વિવિધતા તો તે સમયથી છે જ્યારથી આદમનો વંશવેલો ફેલાવવાનો શરૂ થયો. એનું સમર્થન એના થકી પણ થાય છે કે અન્ય તે ચીજો જેનો ઉલ્લેખ આની સાથે હતો તે પણ એ જ દૌરમાં જ્યારથી નવી રહેણાંક પધ્ધતિનું ચક્કર ચાલી રહ્યું છે ત્યારથી જોવા મળે છે એના આ (**Emperialism**) નવી રહેણાંક પધ્ધતિથી અરબ





તથા અન્ય મુસલમાનોના અખ્લાક બગડતા જઈ રહ્યા છે. કેમ કે અરબોએ અંગ્રેજો સાથે ખૂબ દોસ્તી વધારી અને તેમની ભાષા તથા આદતોને અપનાવી એટલા માટે તેમના દિલોમાં અદાવત અને સગાંઓ સાથે સંબંધોનું ખત્મ થવું પેદા થઈ ગયું. વાતો રહી ગઈ અને અમલ ખત્મ થઈ ગયા !

## ★ સ્કૂલ અને કોલેજોની અધિક્તા ★

હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આવા આધુનિક મદ્‌રસાઓની અધિક્તાની તરફ નિર્દેશ કર્યો છે જેમાં વિદ્યાર્થીઓની મોટાભાગની સંખ્યા દીનથી અજ્ઞાન હશે. જેમ કે અબૂ નુઐમે હિલ્યામાં ઈબ્ને મસઊદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''તમારો એ વખતે શો હાલ થશે જ્યારે તમને ફિત્નો ઘેરી લેશે અને ઘરડાઓની ઈજ્જત થશે નહીં જ્યારે કે બાળકની તા'લીમ કરવામાં આવશે અને એ જ રિવાજ પડી જશે. પછી જો કોઈ તેની વિરૂધ્ધ કરશે તો કહેવામાં આવશે કે તેણે રિવાજની વિરૂધ્ધ કામ કર્યું. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એવું ક્યારે થશે ? જ્યારે તમારા કારીઓની અધિક્તા જશે, અને આલિમોની કમી થઈ જશે. એક રિવાયતમાં ફકીહોની કમી આવ્યું છે.'' *(નિસાઈ, ભાગ–૨, પેજ–૧૮૭)*

તિબ્રાની અબ્દુર્રહમાન અન્સારીથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''કિયામતની નિશાનીઓમાંથી એ છે કે કારીઓની અધિક્તા થશે, ફકીહોની ઉણપ વર્તાશે, અમીરોની અધિક્તા થશે અને અમીનોની કમી થશે. (એટલે ખયાનત કરનારા વધી જશે.) *–તિબ્રાની*

કારીઓની અધિક્તા એ જ મદ્‌રસાઓના કારણે છે જે નવી રહેણાંક પધ્ધતિના કારણે ઠેક ઠેકાણે ફેલાઈ ગયા છે. પછી મદ્‌રસામાંથી નીકળનારા કારીઓ દુનિયાથી તો ખૂબ વાકેફ હોય છે પણ આખેરતથી જાહિલ હોય છે. એ ચીજોથી ખૂબ વાકેફિયત ધરાવે છે જે દુનિયા સુધારવામાં મદદકર્તા હોય પરંતુ તે ચીજો જે એમના પર વાજિબ છે એટલે દીનની ઈસ્લાહની ઓળખ તો એનાથી તદ્દન કોરા હોય છે. એના કારણે કારીઓની અધિક્તા અને ફકીહોની ઉણપ છે જેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું.

આ મદ્‌રસાઓમાં સ્કૂલ, કોલેજ તથા તમામ શિક્ષણ કેન્દ્રો આવી

જાય છે. એ જ મદ્રસાઓ ઈસ્લામના માટે સૌથી મોટો ખતરો છે અને મુસલમાનો માટે જબરદસ્ત દીની નુકસાનનો સબબ છે. કેમ કે એક સ્કૂલ તથા કોલેજનો વિદ્યાર્થી દીનથી સામાન્યતઃ નાવાકેફ હોય છે. કાફિરોએ ખૂબ જ ચિંતન સંશોધન કર્યું કે ઈસ્લામને તબાહ કરવા માટેની કઈ રીત શક્ય છે ? પાંચસો વરસથી અધિક અરસો આ મામલા પર સંશોધન ચાલ્યા કર્યું તો સૌથી કામયાબ તરીકો એ જ જોવા મળ્યો કે ઠેક ઠેકાણે આ પ્રકારના દુનિયવી મદ્રસા સ્થાપવામાં આવે. જેથી તેમણે આ ક્ષેત્રે ખૂબ જ ધ્યાન આપ્યું અને દરેક ઈલાકામાં સ્કૂલ, કોલેજ સ્થાપવા લાગ્યા જેથી પોતાની રીતે ઈસ્લામને નેસ્તોના'બૂદ કરી નાખે. જેથી આ મસ્અલાને ફેલાવવા માટે પ્રથમ અમુક કાનૂનો તથા ખયાલો ઘડી કાઢવામાં આવ્યા જેમ કે તેમનાં બે પુસ્તકો ''અલગારતુ અલલ્ આલમિલ્ ઈસ્લામી'' અને ''અલ્ મુશ્તશ્કેરૂન''માં વિસ્તારપૂર્વક તેને વર્ણવ્યા છે.

એવી વ્યક્તિ જે નવી રહેણાંક પધ્ધતિના નશામાં ડૂબેલો અને અંગ્રેજોના ફિત્નાથી ઘેરાયેલો છે તે જો એ પુસ્તકોને વાંચે તો તેને જાણ થઈ જાય કે અંગ્રેજ કાફિરોએ મુસ્લિમોની ઔલાદને ખાસ કરીને છોકરીઓને શિક્ષણ અપાવવા માટે આટલ બધુ જોર શા માટે આપ્યું છે ? તે પુસ્તકોમાં કારણો રજુ કરવામાં આવ્યાં છે તેનો ખુલાસો એ છે કે, **''એક મુસલમાન છોકરી જ્યારે અંગ્રેજી તા'લીમ હાંસલ કરશે તો તે યકીનન અંગ્રેજના અખ્લાકને પણ અપનાવશે અને તેની સાથે સાથે અંગ્રેજપણામાં તેને અધિક ચૈન હાંસલ થશે, કેમ કે પ્રથમ તો એની તા'લીમ જ એ છે. બીજું કે તે અંગ્રેજી ન્યૂઝપત્રો, અંકોનો અભ્યાસ કરશે તો તેનામાં ઈસ્લામી રૂહ કમજોર થતી જશે અને એ રીતે તે દીની તા'લીમથી દૂર થઈ જશે. પછી એક સમય આવશે કે તે કોલેજ તથા સ્કૂલની વિદ્યાર્થીની ખૂદ એક મદ્રસા તથા તાલીમ કેન્દ્રનું કામ આપશે. આ રીતે તે પોતાની ઔલાદની કેળવણી એ જ અંગ્રેજી અંદાજ પર કરશે જેથી ઔલાદ દીનથી જાહિલ તથા દૂર થતી જશે.''** એ જ કારણ છે કે નવી પેઢી દીનથી ખૂબ જ દૂર થઈ રહી છે અને એ મદ્રસાઓ (સ્કૂલો, કોલેજો)ની સ્થાપ્નાનો મકસદ હલ થતો જઈ રહ્યો છે.





નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ લોકોની કેટલીક ખાસિયતો વર્ણન કરી છે જેઓ મુસલમાન કહેવાતા હોવા છતાં દીનથી નીકળી જશે અને તેમનો ઈસ્લામ સાથે કોઈ સંબંધ હશે નહીં. જેમ કે બુખારી તથા મુસ્લિમે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''આખર જમાનામાં એવા લોકો જોવા મળશે જેઓ નવયુવાન હશે, મૂર્ખ હશે, લોકોની સામે સારી વાતો કરશે, તેમનું ઈમાન તેમના ગળાથી આગળ વધશે નહીં, દીનથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર પોતાના નિશાનથી નીકળી જાય છે, તમે જ્યાં તેમને જુઓ કત્લ કરો કેમ કે તેમને કત્લ કરવો ઘણો જ સવાબ છે.'' *(બુખારી, ભાગ–૧, પેજ–૧૦૨૪)*

અહમદ તિર્મિઝી અને ઈબ્ને માજહ્એ અબ્દુલાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે આખર જમાનામાં એવા લોકો થશે જેઓ નવયુવાન હશે, બુદ્ધિ વગરના હશે, લોકોની સમક્ષ સારી વાતો કરશે, કુર્આનની કિરાઅત કરશે પરંતુ તેમનું પઢેલું ગળાથી નીચે ઉતરશે નહીં, ઈસ્લામથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર નિશાનાએથી.'' જે કોઈ એમને પામે કત્લ કરી દે, કેમ કે અલ્લાહની નજીક તેમને કત્લ કરવું સવાબ છે.'' *(તિર્મિઝી, પેજ–૩૧૯, મુસ્નદે અહમદ, પેજ–૪૦૪, ભાગ–૧)*

આ જણાવેલ લોકો તે જ અધર્મી, બેદીન છે જેઓ ઘણી સરસ તથા સજાવટથી જેહાદ તથા નવી રહેણાંક પધ્ધતિ સાથે જંગની વાતો કરે છે, જો કે એ જ તે લોકો છે જેમણે નવી રહેણાંક પધ્ધતિ સાથે જંગની વાતો કરે છે, જો કે એ જ તે લોકો છે જેમણે નવી રહેણાંક પધ્ધતિને મજબૂત રાખી અને કુફ્રી અકીદાઓ, અખ્લાક તથા લિબાસને ફેલાવવામાં કુફ્રની મદદ કરી, લોકોનાં દિલોએથી ઈસ્લામને ઉખેડવાની કોશિશ કરી, ઈસ્લામ સાથે જંગ અને તેની અચ્છાઈઓને નુકસાન પહોંચાડવાની કોશિશ કરી. સારાંશ જે કોશિશો તેઓ કરે છે તેમણે તેમના વાણી, વર્તન, શક્તિ તથા કુવ્વતના થકી કરી, જો તે લોકોના વશમાં હોય તો લોકોને શક્તિ થકી કાફિર બનાવી દેત જેમ કે અતાતુર્કે કર્યું.

હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યાં તેમની આ ખાસિયતો વર્ણવી કે તેઓ નવજવાન હશે, કમ અક્લ હશે, ત્યાં એ પણ ઈર્શાદ ફર્માવ્યો કે, ''તેમના વૃધ્ધ તથા યુવાન સૌ દાઢીમૂંડા હશે.''

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہما થી રિવાયત છે : ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે, "આખર જમાનામાં એવા લોકો હશે જેઓ કુર્આન પઢશે પણ તેમનું પઢવું તેમનાં ગળાંથી આગળ વધશે નહીં, તેમની નિશાની દાઢી મુંડવું છે, જ્યારે તેમને જુઓ તો કત્લ કરી દો." *(ઈબ્ને માજહ)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "મારી ઉમ્મતના કેટલાક લોકો **જેમની નિશાની દાઢી મૂંડાવવું છે**, કુર્આનની તિલાવત કરશે પરંતુ તેમની તિલાવત ગળાથી આગળ વધશે નહીં, તેઓ દીનથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર પોતાના નિશાનાથી, પછી તેઓ ઈસ્લામની તરફ પાછા વળશે નહીં. એ લોકો બદ્તરીન મખ્લૂક છે." *(મુસ્લિમ, બુખારી, મુસ્નદે અહમદ, ભાગ–૫, પેજ–૧૭૬)*

(રિવાયત કરી અહમદ તથા બુખારી તથા મુસ્લિમ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી) બુખારી, મુસ્લિમની રિવાયતમાં છેવટમાં વર્ણન છે કે સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તેમની નિશાની શું છે ? ફર્માવ્યું, **દાઢી મુડાવવી**. અને એમાં એ છે કે, **"તે લોકોનાં કથનો સારાં હશે અને અમલો બુરા હશે."**

## ★ અંગ્રેજી બાલ ★

તિબ્રાની કબીરે આખર હદીષમાં વર્ણન કર્યું કે, "એ લોકો પોતાની બોચીઓને મુંડાવશે." જેમ કે આજકાલ સામાન્ય છે, એટલે કે અંગ્રેજી કટ બાલ રાખે છે માથા પર વાળ રહેવા દે છે અને બોચીના વાળ મુંડાવે છે અને આ સર્વ પોતાના તે અંગ્રેજ આકાઓના અનુસરણમાં કરે છે જેમનાથી એનો ડર છે કે તેઓ જંગ કરશે અને તેમનાથી નારાજ થઈ જશે. એ રીતે લોકોને અંગ્રેજ પસંદ બનાવે છે. અલ્લાહ એવા લોકોને બેઈજ્જત કરે, એ લોકોની શર્મ તથા હયા તદ્દન ખત્મ થઈ ગઈ.

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બોચીના વાળ મુડાવવાથી મના ફર્માવ્યું છે, હાં કોઈ જરૂર હોય તો વાત અલગ છે. હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم એ એટલા માટે મના ફર્માવ્યું કે જેઓ દીનના દુશ્મન છે તેમની સાથે મુશાબેહત (મળતાપણુ) ન થાય.

અબૂ નુઐમે તારીખે અસ્બહાનમાં નકલ કર્યું. હઝરત ઉમર ઈબ્ને





ખત્તાબ رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બોચીની ઉપરના ભાગના વાળો જરૂરત વિના મુંડાવવાથી મના ફર્માવ્યું છે. *(મુસ્લિમ, બુખારી)* તિબ્રાની સગીરમાં એ પ્રમાણે છે.

ઈબ્ને અસાકિરે એને મરફૂઅ વર્ણવી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : وحلق القفا من غير حاجة مجوسية **"જરૂરત વિના બોચી મુંડાવવી મજૂસી (અગ્નિપૂજકો)ની નિશાની છે."** એટલે કે મજૂસીઓની આદત છે. હુઝૂરના ફર્માનના પ્રમાણે જે કોઈ જે કૌમ સાથે મુશાબેહત (મળતાપણુ) કરશે તે તેઓમાંથી છે.

જે હદીષો એ બેદીનોના બારામાં આવી છે તે એ હદીષો સાથે સામ્યતા ધરાવે છે, જે ખારજીઓના બારામાં આવી છે, જે સૌ લોકો દીનથી ખારિજ છે અને તમામે તમામ "જહન્નમના કૂતરા" છે. જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું. પરંતુ તેમ છતાં તેમના બે પ્રકાર છે : એક એ પ્રખ્યાત પ્રકાર જે પોતાના નામથી મશ્હૂર છે જેવી કે તેની ખાસિયતો આવી છે, એટલે કે દીનમાં અતિશયોક્તિ કરવી એટલે સુધી કે આપણામાંથી દરેક પોતાની નમાઝોને તેમની નમાઝની સરખામણીમાં હલકી સમજે છે, પોતાના રોઝાઓને તેમના રોઝાઓ કરતાં કમ સમજે છે. (બહુ જ નમાઝો પઢનારા તથા બહુ જ રોઝા રાખનારા) અને બીજો પ્રકાર એ છે કે જે આ જમાનાના અધર્મીઓ પર આધારિત છે અને તેમાં એ જ લોકો છે જેમના બારામાં હદીષમાં આવ્યું કે તેઓ નવયુવાન ઓછી અક્કલના છે અને તેમની નિશાની "મુંડાવવું" છે. જ્યારે નજદમાં ૧૨ મી સદીમાં શૈતાનનું શીંગડુ નીકળ્યું અને તેનો ફિત્નો ફેલાયો તો એ સમયના ઉલમાએ એ તમામ હદીષોને તેમના પર (વહાબીઓ પર) અને તેમના સાથીઓ પર ફીટ કરી, તે એટલા માટે કે કોઈ ખારજી તથા બેદીન એ પ્રકારનો તે વખતે ન હતો અને ઉલમાએ "તહલીક"ને માથુ મુડાવવા સંબંધે ધારી લીધું. જ્યારે માથુ મુંડાવવું કેવળ તેમની જ નિશાની નથી, વળી માથુ મુંડાવવું હરામ પણ નથી. હા ! મકરૂહ અથવા ખિલાફે ઉલા કહી શકીએ છીએ બલ્કે એક રાજેહ કૌલના પ્રમાણે મુબાહ છે. જો દલીલો બંને બાજુની શક્યતા ધરાવે છે પરંતુ રાજેહ્ કૌલ પહેલો જ છે. નજદમાં તે વખતે કોઈ કદીક જ માથુ મુંડાવતો હતો. જે ચીજ આ બેદીનોની નિશાની બને તે દાઢી મુંડાવવું છે જે આ પહેલાં ઈસ્લામમાં રિવાજ પામેલ ન હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની

ઉમ્મતને એમાં એનાથી અને એમાં કાફિરો તથા મજૂસીઓની સાથે મુશાબેહત (મળતાપણુ) કરવાથી મના ફર્માવ્યું છે. બીજી હદીષો જે બોચીના બારામાં છે એની તાકીદ કરનારી છે જેમ કે દાઢી મુંડાવવું તથા બોચી મુંડાવવું બંને એક સાથે જ રિવાજ પામ્યું છે.

## ★ કત્લે આમ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ પણ ઈર્શાદ ફર્માવ્યો કે એ લોકો મુસલમાનોને કત્લ કરશે અને મૂર્તિપૂજકોને દા'વત આપશે. જેમ કે બુખારી, મુસ્લિમ, અબૂ દાઊદ તથા નિસાઈએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારા પછી મારી ઉમ્મતમાંથી કેટલાક એવા લોકો થશે જેઓ કુર્આન પઢશે, જો કે તે તેમનાં ગળેથી આગળ નહીં વધે, મુસલમાનોને કત્લ કરશે, મુશ્રિકોને છોડી મૂકશે, ઈસ્લામથી એવા નીકળી જશે જેવી રીતે તીર નિશાનેથી નીકળી જાય છે, જો હું તેમને પામી લઉં તો એવી રીતે કત્લ કરું જેવી રીતે કૌમે આદને કત્લ કરવામાં આવી.'' *(બુખારી, ભાગ–ર, પેજ–૧૦ર૦, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ)*

અત્યારે પશ્ચિમના ઈલાકામાં આવા લોકો મૌજૂદ છે જેઓ પર આ હદીષ લાગુ પડે છે. તે લોકોના મિત્રો ફાંસી, હસ્પાન્વી અને બદ્બખ્ત યહૂદી છે. અલ્લાહ તે સૌના પર લઅન્ત કરે. (કાદયાની પણ આ દૌરમાં એમનામાં જ સામેલ છે.–*ઉર્દૂ અનુવાદક*) કોઈ દિવસ એવો નથી જતો કે એ લોકો બે કે ત્રણ મુસલમાનોને કત્લ ન કરે. (હાલનું ઈઝરાઈલ તથા અમેરિકા પણ એનું દૃષ્ટાંત છે.–*ગુજરાતી અનુવાદક*) અમુકને તેઓ એટલા માટે કત્લ કરે છે કે તે લોકોએ કોઈ હપ્તામાં હડતાલનો પ્રોગ્રામ બનાવ્યો અને તે દિવસે કોઈ મુસલમાન પોતાના બીવી બચ્ચાના માટે કામ કરે છે તો તેઓ એને મારી નાખે છે. અમુકને એટલા માટે મારે છે કે તે લોકોએ કોઈ હપ્તો દુકાનો બંધ કરવાનો હુકમ આપ્યો હતો અને કોઈકે પોતાની જરૂરતના માટે તેને ખોલી નાખી. (આ ચીજ લગભગ દરેક દેશમાં જોવા મળે છે અને તે લોકો નાહક મુસલમાનોને કત્લ કરી નાખે છે) સારાંશ કે કોઈ ન કોઈ બહાનું બનાવીને તેઓ મુસલમાનોને કત્લ કરવાનો મનસૂબો બનાવી કાઢે છે, એથી ઉલ્ટુ ઈસાઈ તથા યહૂદી ચાહે તેમના હુકમની વિરૂધ્ધ





વર્તતા હોય તો તેઓ તેમને કાંઈ નથી કરતા.

એક અધિક આશ્ચર્યજનક વાત એ છે કે તે મુસલમાનોને એ વાત પર પણ મારી નાખે છે કે તેઓ પોતાના દીનની વાતો કેમ કરી રહ્યા છે ?! અને ફર્ઝો તથા સુન્નતો શા માટે અદા કરે છે ? એટલે સુધી કે એકવાર આખી ટોળીને કેવળ એટલા માટે મારી નાખી કે તે લોકો જુમ્આની નમાઝ પઢી રહ્યા હતા. જેમ કે મરાકશનાં અમુક શહેરો દા.ત. બસલા અને રબાતમાં બે વરસો સુધી જુમ્આની નમાઝ ન થઈ. અન્ય પણ કેટલાયે શહેરોમાં જ્યાં તેમની બહુમતિ હતી ત્યાં એ જ હાલ રહ્યો અને તેમણે કેટલાયે ખતીબોને મારી નાખ્યા અને ઘણા મુસલમાનોને સખત ઝખ્મી કરી દીધા. ઈદોની નમાઝ પઢનારાઓને કત્લ કરી દીધા, તેમનાં ઘરોને આગ લગાડી દીધી. જો કેટલાક લોકો હજ્જનો ફરીઝો અદા કરવા માટે ગયા તો તેમનું લોહી વહાવી દીધું. ઘણા લોકોને એ કારણે કત્લ કરી દીધા કે તેઓ અલ્લાહનો ઝિક્ર કરી રહ્યા હતા અને સલાતો સલામ પઢી રહ્યા હતા, ચાહે તે ઘરોમાં હોય કે કોઈ અન્ય જગાએ કે મસ્જિદોમાં હોય. કેટલીકવાર દલાઈલુલ ખૈરાત પઢનારાઓને તેનાથી રોકવા માટે મસ્જિદોમાં, મજલિસોમાં તથા ઔલિયાના મઝારો પર બોમ્બ રાખી દેવામાં આવ્યા જેનાથી તે લોકો સખત ઝખ્મી થઈ ગયા. જ્યારે કે તે જ ઈલાકાઓમાં ઈસાઈઓ તથા યહૂદીઓનાં ઈબાદતઘરો અને ગિરજા સહી સલામત રહ્યાં ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના બારામાં ફર્માવ્યું કે આ લોકો બુરાઈનો હુકમ આપશે, ભલાઈથી રોકશે, તેમના જમાનામાં સુન્નત બિદઅત થઈ જશે અને બિદઅત સુન્નત થઈ જશે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત થયેલ છે કે એકવાર નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તે વખતે તમારું શું થશે જ્યારે તમને બુરાઈનો હુકમ આપવામાં આવશે અને ભલાઈથી રોકવામાં આવશે. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એવું પણ થશે ?! ફર્માવ્યું, હા ! હવે એ જ લોકો છે જેઓ પોતાની પત્નીઓને બુરાઈનો હુકમ આપે છે, તેમને સીનેમાઓ તથા કલબમાં જવા માટે કહે છે, નમાઝ રોઝાથી રોકે છે. એવા જ લોકોથી મળતા જુલ્તા બીજા લોકો અલગ છે જેઓ બુઝુર્ગોની તૌહીન કરે છે અને તેમની મઝાક ઉડાવે છે. ઈબ્ને વઝાહએ બદઅમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી એમાં આ શબ્દો છે:–

ترك القوم الطريق، وتزين الرجل منهم بزنية لزوجها وتبرج النساء

"લોકો સીધો માર્ગ ત્યજી દેશે, પુરૂષ એવો શણગાર કરશે જાણે કે સ્ત્રી પોતાના પતિના માટે કરે છે અને ઔરતોની જેમ શૃંગાર સજશે." *(બદઅ)*

જો કોઈ બુઝુર્ગ તેમને નેક કામના માટે કહેશે તો તેને કહેશે કે તમે તો શૈતાનના સાથી છો, ગુમરાહીનું મૂળ છો, તમે કિતાબુલ્લાહને જૂઠાડો છો. تحرم زينة الله التى اخرج لعباده والطيبات من الرزق "અલ્લાહની એ શોભાને હરામ કરો છો જે તેણે પોતાના બંદાઓ માટે કાઢી છે." *(સૂ. અઅ્રાફ, પા. ૮, આ. ૩૨)* કિતાબુલ્લાહની ગલત તા'વીલ કરશે. અને બુઝુર્ગોની બેઈજ્જતી કરશે.

એ જ બેદીનો અને બદ્‌મઝહબોના કારણે કુફ્ર તથા ઈલ્હાદ (અધર્મતા) એટલા પ્રમાણમાં ફેલાઈ ગયું કે હવે ઈલ્મે દીનના નામ માત્રના તલબા પણ તેમના અનુકરણમાં તેમનાથી આગળ નીકળી ગયા. જેમ કે મુદર્રિસ તેમને પઢાવે છે તો કહે છે કે કુર્આનથી દલીલ ન કરો, હુઝૂરનું નામ આવે તો કેવળ "મુહમ્મદ" કહીને પુકારો બલ્કે અમુક મુદર્રિસો પણ એવું કહેતા જોવા મળ્યા કે આ તલબાની સોચ "સહીહ" છે અમને જણાયું કે ખરેખર દીને ઈસ્લામ "ગૈર સહીહ" છે, અને લોકો પોતાના અકીદામાં આઝાદ છે. જામેઅ અઝહર (મિસ્ર)ના અમુક તલબાની તો એ હાલત છે કે તેઓ નમાઝ પઢે છે તો એમાં ખાય છે, મસ્તી મઝાક કરે છે, હસે છે ! ઈબ્ને અસાકિરે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "લોકો પર એક એવો જમાનો આવશે કે તેઓ મસ્જિદોમાં ભેગા થશે પરંતુ નમાઝ નહીં પઢે." –*(ઈબ્ને અસાકિર)*

અમુક બેદીન એવા પણ થયા કે એમાંથી એક બેદીન એકવાર "ફારસ"માં જુમ્આના દિવસે તકરીર કરી રહ્યો હતો, કહેવા લાગ્યો કે લોકો બાદશાહના બારામાં કહે છે કે એ મુહમ્મદ ખામિસ (પાંચમો) છે જ્યારે કે એ તો મુહમ્મદ ષાની (બીજા) છે, બલ્કે એ તો તે કાંઈ લાવ્યો છે જે મુહમ્મદ અવ્વલ (હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم) પણ ન લાવ્યા ! (મઆઝલ્લાહ !) એ જગાએ એક બેદીન સ્ત્રીઓમાં તકરીર કરી રહ્યો હતો, કહેવા લાગ્યો કે આ આઈશા એટલે મુહમ્મદ ખામિસની પુત્રી આઈશા બિન્તે સિદ્દીકે અકબર એટલે





હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના બીવી ઉમ્મુલ મો'મિનીન કરતાં અફઝલ છે. (મઆઝલ્લાહ !)

એ જ કારણે પ્રથમ વિ□ યુદ્ધ પછી જામેઅ અઝહર ઘણા અરસા સુધી એ બદીનો તથા બદ્‌મઝહબોનું ગઢ રહ્યો છે જ્યાં તેઓના મોટા મોટા ઈજતેમાઓ થતા હતા. અહમદે પોતાની મુસ્નદમાં અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ થી વર્ણન કર્યું કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "તમે એવા જમાનમાં છો કે અત્યારે આલિમો તો ઘણા છે પણ મુકર્રિરો (ખતીબ) કમ છે. જે શખ્સ આ જમાનામાં ઈલ્મનો દસમો હિસ્સો પણ છોડી દેશે તે ગુમરાહ થઈ જશે. નજીકમાં જ લોકો પર એવો સમય આવશે કે એમાં ઉલમા ઓછા હશે અને વાઈઝીન અધિક હશે. તે સમયે જે ઈલ્મનો દસમો ભાગ પણ પકડશે તે નજાત મેળવી જશે." *(મુસ્નદે અહમદ, ભાગ–૫, પેજ–૧૫૫)*

## ★ હડતાલો અને વિરોધ પ્રદર્શનો ★

એ જ બનાવોમાંથી હડતાલો અને પ્રદર્શનો છે જેમાં લોકો અંગ્રેજોનું અનુકરણ કરે છે, ચીસો પાડે છે, સડકો પર નીકળી પડે છે, પોતાની માંગણીઓ બુમો પાડી પાડીને રજુ કરે છે અને સમજે છે કે અમે આ કામ કરીને જંગ તથા જેહાદ કરી રહ્યા છીએ. તિબ્રાનીએ કબીરમાં વર્ણન કર્યું. હઝરત મુહમ્મદ બિન અતિય્યહ્‌ના વાલિદથી રિવાયત છે :–

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "જ્યારે તમે ત્રણ ,ચીજો જુઓ તો તે સમયે કિયામત કાયમ થશે, આબાદીનું વિરાન થવું, વિરાનનું આબાદ થવું, જેહાદ કેવળ શોરબકોર સુધી સીમિત થઈ જશે અને ત્રીજુ એ કે માણસ પોતાની અમાનતથી એવી રીતે નીકળી જશે જેવી રીતે ઊંટ ઝાડથી." –*(તિબ્રાની કબીર)*

બગવીએ એને મોઅજમે સહાબામાં અને ઈબ્ને અસાકિરે તારીખમાં આ શબ્દોમાં વર્ણન કરી :–

ان من اشراط الساعةاخراب العامرواعمار الخراب-الخ

"કિયામતની નિશાનીઓમાંથી છે કે આબાદી વિરાન થઈ જાય અને વિરાન આબાદ થઈ જાય." (છેવટ સુધી)

તે જેહાદ જે કેવળ ચીસો બુમો સુધી સીમિત રહી જશે તે આ જ હડતાલો તથા વિરોધ પ્રદર્શનો છે જેમાં મુસલમાન પોતાના કાફિર લીડરોનું અનુકરણ કરે છે.

## ★ ડાર્વિનવાદનો રદિયો ★

એક બીજી ચીજ જે આ જમાનામાં ખૂબ જ મશ્હૂર થઈ ગઈ છે તે કાફિરોની માન્યતામાંથી ડાર્વિનની તે ગલત માન્યતા છે જેમાં તેણે માણસનું મૂળ વાંદરો હતો અને હવે તે પ્રગતિ કરતાં કરતાં પ્રગતિની ટોચની મંઝિલો પાર કરીને વર્તમાન રૂપમાં આવ્યો છે. હુઝૂર ﷺ એ આ માન્યતાના જૂઠાણા તથા ગલત હોવા પ્રતિનિર્દેશ કર્યો છે : ان اللّٰہ خلق آدم علیٰ صورتہٖ "અલ્લાહે આદમને તેની પોતાની સૂરત પર બનાવ્યો છે." *(મુસ્નદે અહમદ, ભાગ–૨, પેજ–૩૧૫)*

એટલે કે જેવી સૂરત માણસની અત્યારે છે એ જ સૂરતમાં આદમ علیہ السلام નું સર્જન થયું હતું. એ ગલત છે કે પહેલાં એ વાંદરાના રૂપમાં હતો અને પછી પ્રગતિ કરતાં કરતાં માણસ આજે આ સ્વરૂપમાં આવી ગયો છે. આ હદીષ પણ હુઝૂર ﷺ ના મો'જિઝાઓમાંથી છે. જો કે આ મામલામાં ઘણી ચર્ચા થઈ શકે તેમ છે પણ અહીં તેનો ઉલ્લેખ જરૂરી નથી.

## ★ દજ્જાલના ઉલ્લેખથી ગફલત ★

લોકોએ પોતાની વઅઝ તથા તકરીરોમાં દજ્જાલનો ઉલ્લેખ ત્યજી દીધો છે. મેં કોઈ એવો ખતીબ નથી જોયો કે જે તેનો ઉલ્લેખ કરીને લોકોને ડરાવે અને ન તો કોઈ એવો મુદર્રિસ જોયો કે જે એના ફિત્નાના બારામાં કોઈને કાંઈ બતાવે. એથી ઉલ્ટુ ઘણા લોકોને કહેતાં સાંભળ્યા જેઓ દજ્જાલના વજૂદનો ઈન્કાર કરી દે છે. નબી ﷺ એ એના બારમાં પણ ઈર્શાદ ફર્માવ્યો. ઈમામ અહમદે રિવાયત કરી હઝરત સઅબ ઈબ્ને જુષામાથી કે રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

لایخرج الدجال حتی یذھل الناس عن ذکرہ وحتی
تترک الائمة ذکرہ علی المنابر

"દજ્જાલ એ વખતે જાહેર થશે જ્યારે લોકો તેનો ઉલ્લેખ કરવાથી ગાફેલ થઈ જશે અને ઈમામો મિમ્બરો પર તેની ચર્ચા છોડી આપશે."





*(મુસ્નદે અહમદ)*

## ★ ધરતીકંપોની અધિક્તા ★

એ જ બનાવોમાંથી એક જે અધિક પ્રમાણે તે વખતે થશે તેમાં જમીનમાં ધસી જવું તથા ધરતીકંપોનું આવવું છે. થોડા દિવસ નથી પસાર થતા કે ક્યાંકને ક્યાંક ધરતીકંપની ખબર આવી જાય છે, ક્યારેક પૂર્વમાં તો ક્યારેક પશ્ચિમમાં. હુઝૂર ﷺ એ ઘણી એવી હદીષ જે હદ્દે તવાતુર પર પહોંચે છે એની ખબર આપી અને ફર્માવ્યું કે આ ઉમ્મતમાં ધસી જવું, ચહેરો મસ્ખ (બેડોળ) થવો અને ધરતીકંપો આવવાનું આમ (સામાન્ય) થઈ જશે અને એ ચીજ કિયામતની નિશાનીઓમાંથી હશે. બુખારી શરીફમાં હઝરત અબૂ હુરૈરહથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

"કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે બે મોટા ગિરોહ જેઓ એક જ મકસદના નિમંત્રક હશે, આપસમાં જંગ કરશે અને કત્લ કરી દેવામાં આવશે ત્યાં સુધી કે અલ્લાહ તઆલા નાના દજ્જાલોને મોકલશે જે લગભગ ત્રીસ હશે, તેમાંથી દરેકનું ગુમાન હશે કે તે અલ્લાહનો રસૂલ છે, ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે, ધરતીકંપોની અધિક્તા થશે, સમય આપસમાં નિકટ આવી જશે, ફિત્ના જાહેર થશે, કત્લની અધિક્તા થશે." *(બુખારી, ભાગ–૨, પેજ–૧૦૫૪)*

એ પણ આવ્યું છે કે જમીનમાં ધરતીકંપોની અધિક્તાનું કારણ વ્યાજ, વ્યાજમય કારોબાર અને વ્યાજખોરી હશે. પાછલાં પૃષ્ઠોમાં આ મસ્અલા પર અમે વિસ્તૃત ચર્ચા કરી ચૂક્યા છીએ કે ધરતીકંપોની અધિક્તાનું કારણ બેંકોમાં વ્યાજમય કારોબાર છે અને દુનિયામાં કોઈ રૂપિયો પૈસો એવો નથી જેનો સંબંધ કોઈ ન કોઈ બેંક સાથે ન હોય. એ જ કારણ છે કે વ્યાજ એટલા પ્રમાણમાં આમ થઈ ગયું અને જમીન ફિત્નાગાહ બની ગઈ. અલ્લાહ આપણને મેહફૂઝ રાખે. આમીન

## ★ મુસ્તશ્રેકીન (યૂરોપી ભાષાશાસ્ત્રી અંગ્રેજો)ની ઈસ્લામ દોસ્તી ★

કુદરતની અજાયબીઓમાંની એક અજીબ વાત અને રસૂલના મો'જિઝાઓમાંથી એક મહાન મો'જિઝો એ છે કે મુસ્તશ્રેકીન ઈસ્લામના

દુશ્મન હોવા છતાં તેના સહીહ માર્ગોને બગાડવાની તાકમાં રહે છે બલ્કે ઈસ્લામની વિરૂધ્ધ તમામ બાતિલ શક્તિઓ એક છે, વધુને વધુ માલ ઈસ્લામની વિરૂધ્ધ ખર્ચ કરે છે અને તેઓમાં આપસમાં વિખવાદ ઉભો કરીને જંગ કરે છે, પરંતુ આ સર્વ વાતો હોવા છતાં એ લોકો દીની કિતાબોને ખૂબ જ ઉમદા તથા આ'લા કક્ષાએ છપાવીને ઈસ્લામની મહાન સેવા કરી રહ્યા છે ! એ કિતાબોમાં તફસીર, કિરાઅત, હદીષ, સીરતે નબવી, તસવ્વુફ, તારીખે ઈસ્લામ તથા મહાન મુહદ્દિષોની હાલતો પર આધારિત કિતાબો સામેલ છે. તે ઉપરાંત તે ઈસ્લામી ઈલ્મોની અન્ય લાભદાયી કિતાબો પણ છપાવે છે અને તે કિતાબો પ્રસિધ્ધ કરાવે છે જે દુર્લભ ગણવામાં આવે છે અને તેના છાપકામમાં તસહીહ, ઉચ્ચ પ્રકારના કાગળ અને એવી અનુક્રમણિકાની ખાસ વ્યસ્વથા કરે છે જે કિતાબનો અભ્યાસ કરનારને સરળતા પૂરી પાડે અને જે મસ્અલો વાંચક કિતાબમાં શોધી રહ્યો છે તે તેને તરત જ મળી જાય. એની સાથે એ વાતનો ખયાલ પણ રાખે છે કે એના સિવાય મુસલમાનોએ જે પધ્ધતિથી કિતાબને પ્રસિધ્ધ કરી છે તેનાથી રજમાત્ર ટકરાવ ન થાય. અત્યાર સુધી એ લોકોએ જે ઈસ્લામી કિતાબો પ્રસિધ્ધ કરી છે તેની સંખ્યા લગભગ ૧૨૦૦ છે એમાંથી કેટલી તો કેટલાયે જિલ્દો (ભાગો)માં છે અને અમુક એક એક ભાગમાં છે. આશ્ચર્યની વાત એ છે કે કુર્આન શરીફ જેને તેઓ પોતાનો સૌથી મોટો દુશ્મન સમજે છે અને મક્કા મુકર્રમા જ્યાં દર વરસે મુસલમાનોનો વિશાળ ઈજતેમા થાય છે એ બંનેની વિરૂધ્ધ જો કે તેઓ જાત જાતની સા'ઝિશો કરતા રહે છે પરંતુ તેમ છતાં પણ તમે જોશો કે એ લોકો કુર્આને કરીમનું છાપકામ ખૂબ જ આ'લા કક્ષાનું કરે છે, ભરોસાપાત્ર તસ્હીહ, ઉમદા કાગળ, ખૂબસૂરત બાઈન્ડીંગ એવી કે ખૂદ ઈસ્લામી મુલ્કોમાં અમુકના સિવાય આટલી શાનદાર રીતે કુર્આન શરીફ નથી છપાતાં. એ પ્રમાણે મક્કા મુકર્રમાના ઈતિહાસને એ પ્રમાણે ઉચ્ચ કક્ષાનો છાપ્યો છે કે ખૂદ ઈસ્લામી શહેરોમાં એથી અગાઉ છપાયો ન હતો. અને આ જ લોકો છે મુસલમાનોને હજ્જના માટે દરિયાઈ, જમીન તથા હવાઈ માર્ગોમાં સહુલતો પહોંચાડે છે, એટલે સુધી કે જંગના સમયમાં પણ અને એ વખતે પણ જ્યારે માર્ગો કટ થયેલા હોય છે ત્યારે આ લોકો મદદ કરે છે. જો એ લોકો આ જમાનામાં સહુલતો ન પહોંચાડે અને સમંદરી વહાણ, મોટરો તથા હવાઈ જહાઝ વગેરે ન





વાપરે તો આટલી વિશાળ સંખ્યામાં લોકો હજ્જ પણ ન કરી શકે ખાસ કરીને દૂરના લોકો તો ન જ કરી શકે.

વળી કુર્આન તથા મક્કા મુકર્રમા પછી તેમના એકલા દુશ્મન સૂફીઓ તથા મશાઈખ છે, કેમ કે તે લોકો એ વાત સારી પેઠે જાણે છે કે ઈસ્લામને તમામ ઈલાકાઓમાં ફેલાવનારા અને બાકી રાખનારા આ જ સૂફીઓ તથા મશાઈખ છે, જેમ કે ''અલ્ગારતુ અલલ્ આલમિલ્ ઈસ્લામી'' (ઈસ્લામી દુનિયા પર હુમ્લો)માં તેમણે લખ્યું છે. તેમ છતાં એ લોકો સૌથી વધુ સૂફીઓની ખિદમત, તા'ઝીમ અને ઔલિયાએ કિરામના મઝારોનો એહતેરામ કરે છે, તેમની પેદાઈશની જગાની રક્ષા કરે છે અને એ કામો પર ઘણી રકમો ખર્ચ કરે છે, તેમના મોટા મોટા લીડરો ત્યાં હાજરી આપે છે, સારાંશ કે દરેક તે કામ કરે છે જેનાથી ઈસ્લામની શૌકત જાહેર થાય છે. આપસમાં મેળ મહોબ્બત, મુલાકાત તથા ઓળખ હાંસલ કરે છે અને આ ઝરીયાથી તેઓ મક્કાની વિરૂધ્ધ જંગનો માર્ગ શોધે છે. સાર એ કે લોકોનાં આ અને એનાં જેવાં બીજાં કામો ઈસ્લામ ધર્મ માટે ઘણા જ તાકીદનાં છે. એ જ કિતાબોમાં તે કિતાબો પણ સામેલ છે જેમાં તૌહીદનો ઉલ્લેખ છે, જ્યારે કે તૌહીદ તેમના માટે શિર્ક છે અને તષ્લીષ (ત્રણ ખુદાવાળી તેમની બાતિલ માન્યતા)ની વિરૂધ્ધ છે. હાલમાં જ એના બારામાં એક કિતાબ છપાયી છે જેનું નામ ''અલ્ ઈર્શાદ લિ ઈમામિલ્ હરમૈન'' છે. દીનના માટે તેમની સૌથી મોટી ખિદમત એ છે કે તેમણે હદીષની એ કિતાબોને જે સુન્નતના માટે પાયાની હૈસિયત ધરાવે છે નવા તરીકાથી સંપાદિત કરી એમાં નીચે મુજબની કિતાબો સામેલ છે : મુઅત્તા ઈમામ માલિક, મુસ્નદે તયાલ્સી, મુસ્ન્દે ઈમામ અહમદ, મુસ્નદે દારમી, સહીહ બુખારી, સહીહ મુસ્લિમ, સુનને અબૂ દાઊદ, સુનને તિર્મિઝી, સુનને નિસાઈ, સુનને ઈબ્ને માજહ્, મુસ્નદે ઈમામ ઝૈદ, તબ્કાતે ઈબ્ને સઅ્દ, મગાઝી, વાકેદી, સીરતે ઈબ્ને હેશામ. એની હદીષોને એ લોકો હુરૂફે અબજદની તરતીબ વડે સંપાદિત કરે છે જેનાથી મુસલમાન ખૂબ જ આસાનીપૂર્વક એનાથી લાભ ઉઠાવી શકે છે. વળી એક અધિક અનુક્રમણિકા બનાવી છે જે ઉલમાને માટે પ્રથમ અનુક્રમણિકા કરતાં અધિક લાભદાયી છે અને તે એ છે કે એ કિતાબોમાં નબવી કલેમાત છે તેને લુગત (શબ્દકોશ)ની કિતાબની તરતીબ (ક્રમ) પ્રમાણે સંપાદિત કરી છે જેનાથી

કોઈપણ હદીષને તલાશ કરવાવાળો માણસ એક મિનિટમાં તમામ કિતાબો જોઈને તલાશ કરી શકે છે. આ એક જબરદસ્ત ખિદમત છે જે મુસલમાન ખૂદ પોતના માટે ન કરી શક્યા . એના બારામાં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો. તિબ્રાનીએ કબીર અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત કરી.

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

ان اللّٰہ لیؤید الأسلام برجال ماھم من اھلہ "અલ્લાહ તઆલા ઈસ્લામનું સમર્થન એવા લોકો પાસે કરાવશે જેઓ ખૂદ મુસલમાન નહીં હોય." –*(તિબ્રાની કબીર)*

અને ફર્માવ્યું રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે :–

ان اللّٰہ تعالٰی یوید ھذالدین باقوام لاخلاق لھم فی الاخرۃ

"અલ્લાહ તઆલા આ દીનનું સમર્થન એવા લોકો પાસે કરાવશે જેમનો આખેરતમાં કોઈ હિસ્સો નથી." જાહેર છે કે એ લોકો કાફિર જ હશે.

## ★ અખ્લાકમાં બગાડ અને ઈમાનની કમજોરી ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એ જ પેશનગોઈમાંથી છે કે લોકોના અખ્લાક ખરાબ તથા કમજોર થઈ જશે બલ્કે દુનિયાની મહોબ્બત તથા અંગત મસ્લેહતથી વર્તવાના કારણે ઈમાન દિલોએથી નીકળી જશે. લોકો જાહેરી રીતે પોતાના વાણી તથા વર્તન અને લિબાસ વડે પોતાને મુસલમાન પ્રતિ સંબંધિત કરશે પરંતુ દીની બાબતોની તેમની પાસે કોઈ એહમિયત નહીં હોય. અને આપસમાં પણ નિફાક હશે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એના પ્રતિ નિર્દેશ કરતાં ફર્માવ્યું : હાકિમે તારીખમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

سیاتی علی الناس زمان مایبقی من القرآن الارسمہ،
ولامن الاسلام الااسمہ، یتسمون بہ وھم البعدا لناس منہ،
مساجدھم عامرۃ وھی خراب من الھدیٰ فقھاء ذالك الزمان
شرفقھاء تحت ظل السماء منھم خرجت الفتنۃ والیھم تعود





"લોકો પર નજીકમાં જ એવો જમાનો આવશે કે કુર્આનનું કેવળ લખવું અને ઈસ્લામનું કેવળ નામ બાકી રહી જશે. લોકો ઈસ્લામનું નામ લેશે પરંતુ એનાથી ઘણા જ દૂર હશે. મસ્જિદો આબાદ હશે પરંતુ હિદાયતથી વિરાન હશે, તે સમયના ફકીહો તે વખતે જમીનની ઉપર બુરા ફકીહો હશે, એમનામાંથી જ ફિત્નો નીકળશે અને એમનામાં જ પાછો વળશે." *(તારીખ હાકિમ)*

દયલમીએ પણ હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે **નજીકમાં જ લોકો પર એવો જમાનો આવશે કે મસ્જિદમાં હજાર કે તેનાથી વિશેષ નમાઝો પઢશે પરંતુ તેમાંથી કોઈ પણ (કામિલ) મો'મિન હશે નહીં."** *(દયલમી)*

તિબ્રાની તથા અબૂ નુઐમે પણ એનો ઉલ્લેખ કર્યો કે હુઝૂરે ફર્માવ્યું કે, **"મોઅઝ્ઝિન અઝાન આપશે, લોકો નમાઝ પણ પઢશે પણ એમાંથી કોઈ મો'મિન નહીં હોય."** *(તિબ્રાની)*

રિવાયત કરી હાકિમે મુસ્તદરકમાં હઝરત સુફયાનથી તેમણે અઅ્મશથી તેમણે ખૈષમાથી તેમણે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ (એક રિવાયતમાં છે), **"લોકો મસ્જિદોમાં ભેગા થયા કરશે પણ એમાં મો'મિન હશે નહીં."** *(હાકિમ મુસ્તદરક)*

ઈમામ અહમદે જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત કરી કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું કે, "લોકો અલ્લાહના દીનમાં એક પછી એક ફોજના રૂપે દાખલ થશે અને એક પછી એક ફોજ રૂપે નીકળી જશે. *(દયલમી)*

## ★ ઈસ્લામ વિરૂધ્ધ પોલીસ કાર્યવાહી ★

હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાબિત છે કે પોલીસ વિભાગ પોતાનાં શસ્ત્રો ઈસ્લામની વિરૂધ્ધ વાપરશે અને ઈસ્લામના દુશ્મનના દુશ્મનોનો સાથ આપશે. જેમ કે ઈબ્ને અસાકિરે તારીખમાં એક સહાબીથી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યાં :–

لیت شعری کیف امتی بعدی حتی تتبختر رجالھم وتمرح
نساؤھم ولیت شعری کیف ھم حین یصیرون صفین۔الخ

"કાશ ! હું જાણત કે મારા બાદ ઉમ્મતનો શો હાલ થશે ?! જ્યારે કે એમના પુરૂષો ઘમંડથી ચાલશે અને તેમની સ્ત્રીઓ ઈતરાઈને ચાલશે, અને કાશ ! કે હું જાણત કે તેમનો હાલ તે વખત શો થશે જ્યારે તે બે સફોમાં વહેંચાઈ જશે." *(તારીખે ઈબ્ને કષીર)*

એક સફ પોતાની ગરદનોને ખુદાની રાહમાં ઝુકાવી દેશે અને બીજી સફ ગૈરોના માટે કામ કરશે.

ખુદાની કસમ ! તે વખતે ઉમ્મતે મુહમ્મદિયહ્નો શો હાલ છે કે નવી રહેણાંક પધ્ધતિના જંગોમાં એઓ બે ભાગોમાં વહેંચાએલા રહે, એક ભાગ રાહે ખુદામાં પોતાની ગરદન કપાવતો રહ્યો અને બીજો ભાગ તેમના મુકાબલામાં અલ્લાહના દુશ્મનો માટે મેહનતાણુ લઈને કામ કરતો રહ્યો. નુએમ ઈબ્ને હમ્માદે ફિતનમાં કહ્યું, ઈબ્ને વહબે તેમણે હારિષ ઈબ્ને નબહાનથી તેમણે મુહમ્મદ ઈબ્ને સઈદથી તેમણે ઓબાદા ઈબ્ને નસીથી તેમણે અસ્વદ ઈબ્ને ષઅલ્બાથી તેમણે મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ થી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જ્યારે તમારામાં બે મદહોશીઓ (નશાઓ) છવાઈ જાય, એક જેહાલતની મદ્હોશી અને એક દુનિયાની લિજ્જતની એશના ભોગવટાની, અને લોકો ગૈરુલ્લાહના માર્ગમાં જેહાદ કરવા લાગે, તો આ કિતાબ કિતાબુલ્લાહ પર જાહેરી રીતે તથા છુપી રીતે કાયમ રહેનાર આગલા મુહાજિર તથા અન્સારની જેમ હશે." *(અલ્ ફિતન)*

હવે જુઓ ફર્માને નબવીના હેઠળ બંને મદ્હોશીઓને પ્રથમ મદ્હોશી ગુમરાહી, જેહાલત છે કેમ કે પોલીસમાં મોટા ભાગે ગૈર મઝહબવાળા જાહિલો અને ઝઘડાળુ પ્રકારના ગામડિયા ચરવાહા જ ભરતીના માટે જાય છે, તેમાંથી મોટા ભાગનાને જો માનવતાની નિસ્બતથી જંગલી કહેવામાં આવે તો અસ્થાને ન ગણાશે, બલ્કે એવું કહેવું જોઈએ કે એઓ માનવ સ્વરૂપમાં જાનવર હોય છે. જો તેમનામાં બોલવાની શક્તિ ન હોત તો તેમને પણ કૂતરાઓ તથા ઘેટાંનાં વાડામાં બાંધવામાં આવતે. મને એમનામાંથી એકની સાથે વાતચીતનો મોકો ત્યારે મળ્યો જ્યારે ફાંસવાળા દુરૂઝીઓ (એક ફિર્કો) સાથે જંગ કરી રહ્યા હતા એ સમયે દમાસ્કસના એક મુખ્ય માર્ગ પર મારી એક પોલીસના સિપાહી સાથે વાત થઈ. મેં તેને પૂછ્યું કે તમે સીરીયા શા માટે આવ્યા છો ? તે કહેવા લાગ્યો કે દુરૂઝીઓથી જંગ કરવા માટે આવ્યા છીએ. મેં કહ્યું, તમારી સાથે દુરૂઝી શું કરશે ?





તેઓ તમારા પર સરસાઈ મેળવશે કે તમે જીતશો ? તો તે કહેવા લાગ્યા, અમે તો સુવ્વરોની જેમ (હિજડા જે બુરી આદતમાં સપડાયેલા હોય) છીએ તેઓ અમારા પર શું સરસાઈ મેળવી શકશે ? મેં મારા દિલમાં કહ્યું કે, તમે લોકો ખુદાની કસમ ! સુવ્વર જ છો.

બીજી મદ્હોશી દુનિયાની લિજ્જતોથી મહોબ્બત છે. પરિસ્થિતિ એવી છે કે જો કોઈ આવારા માણસ કાંઈક ખાવા નથી મેળવતો અને જુએ છે કે પોલીસની નોકરીમાં કપડાં પણ છે, ખાવા પણ છે, માલ પણ છે તો પછી એ એવું જોયા વિના કે એનો અંજામ શો થશે, તરત જ પોલીસ ખાતામાં નોકરીયાત બની જાય છે. પછી જો ક્યાંક જંગ પર જવું પડે તો તે એ કમતરીન જિંદગીના મુકાબલામાં પોતાનો દીન તથા દુનિયા બંને બર્બાદ કરી લે છે અને જો જંગથી વાસ્તો ન પડે તો પણ તે ઈન્સાનિયત તથા દીનના માટે નુકસાનનો સબબ તથા અલ્લાહ તેમ જ પોતાના વતનનો બાગી તેમજ કૌમ તથા દીનમાં ખયાનત કરનાર બનીને જિંદગી ગુજારે છે.

તે ઈમાનવાળાઓ માટે જેઓ કિતાબ તથા સુન્નત પર અમલ કરે છે અને એના પર કાયમ રહે છે અને જેહાલત તથા આંધળા અનુકરણથી બચે છે, એક હદીષ એમના લાયક છે કે એ લોકો એને પોતાની આંખોની સિયાહી વડે પોતાનાં દિલોના વરકો પર લખી લે. એટલા માટે કે એમાં એ લોકો માટે મહાન ખુશખબરી છે. **વલ્હમ્દુલિલ્લાહિ અલા ફદ્લિહી.** હાકિમે મુસ્તદરકમાં ષૌબાન رضی اللہ عنہ થી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા, "મારા રબે મારા માટે જમીનને લપેટી લીધી. મેં પૂર્વ તથા પશ્ચિમ (ઉત્તર, દક્ષિણ)ને જોયાં, અને તેણે મને લાલ તથા સફેદ બે ખજાના અતા કર્યા, મારી ઉમ્મતની સલ્તનત જમીનના તે હિસ્સા સુધી પહોંચી જશે જ્યાં સુધી મારા માટે જમીનને લપેટવામાં આવી છે. મેં મારા રબથી ઉમ્મતના માટે દુઆ કરી કે તે એ સર્વને એક જ વર્ષમાં હલાક ન કરે, તો રબે મંઝૂર ફર્માવી લીધું. મેં દુઆ કરી કે મારી ઉમ્મત પર ગૈરોમાંથી કોઈ દુશ્મન સવાર ન થાય, તો તેણે મંઝૂર ફર્માવી લીધું. મેં દુઆ કરી કે મારી ઉમ્મતના લોકો એકબીજાને તકલીફ ન પહોંચાડે, તો રબે મને આ દુઆ કરવાથી રોકી દીધો અને ફર્માવ્યું, "હે મુહમ્મદ ! (صلی اللہ تعالیٰ علیہ وسلم) જ્યારે હું કોઈ ફેંસલો કરી લઉં છું તો પાછો નથી લેતો. મેં તારી એ દુઆ મંઝૂર કરી લીધી કે તેમને એક જ વરસમાં હલાક કરીશ નહીં અને તેમના ગૈરોમાંથી

કોઈ દુશ્મન તેમના પર સવાર કરીશ નહીં....... હું મારી ઉમ્મત બાબતે ગુમરાહ કરનાર ઈમામોથી ડરું છું. કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે મારી ઉમ્મતના કેટલાક કબીલાઓ મુશ્રિકો સાથે મળી જશે, કેટલાક મૂર્તિપૂજા શરૂ કરી દેશે. અને જ્યારે મારી ઉમ્મતમાં કત્લોગારતગિરીનો પાયો નંખાય જાય તો કિયામત સુધી ઉઠશે નહીં. આપે દરેક તે ચીજ જે દર સો વરસ પછી જોવા મળે છે તે બયાન કરી. *(મુસ્તદરક, ભાગ-૪, પેજ-૪૪૯)* ઈમામ અહમદે એ જ હદીષનો અમુક હિસ્સો શદ્દાદ ઈબ્ને અવસથી રિવાયત કર્યો છે.

હાકિમે અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદની ઝબાની વર્ણન કર્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફિત્નાના બારામાં સવાલ કર્યો કે ક્યારે થશે ? આપે ફર્માવ્યું, "તે લૂટમારના દિવસો હશે જ્યારે માણસ પોતાની પાસે બેસનારાથી પણ મેહફૂઝ રહેશે નહીં." *(મુસ્તદરક, ભાગ-૪, પેજ-૪૨૮)*

અને એ સમય યકીનન આપણો જ સમય છે કે તે વખતે યૂરોપમાં કોઈ પણ વ્યક્તિ પોતાની મજલિસના સાથીથી પણ મેહફૂઝ નથી કેમ કે જાસૂસોની અધિકતા છે.

## ★ સાચા મિત્રોની ઉણપ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેશનગોઈમાંથી છે કે સાચા મિત્રો તથા ભાઈ ઓછા રહી જશે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **"ખૂબ જ ઓછુ છે કે આખરમાં સાચો મિત્ર તથા હલાલ રૂપિયો જોવા મળે."** (પાછલા પૃષ્ઠોમાં આ વિષય સંબંધી અન્ય હદીષો રજુ થઈ ચૂકી છે.) આજકાલ સાચો મિત્ર એટલા માટે મળવો મુશ્કેલ છે કે લોકોના દિલોમાં કીનો ભરાઈ ગયો છે, અંગત સ્વાર્થની મહોબ્બત બાકી રહી ગઈ છે અને હલાલ રૂપિયાની કમાણીનો સબબ બેંક કારોબાર છે જ્યાં સઘળો મામલો વ્યાજથી થાય છે અને સુન્નતે રસૂલ પર અમલની ઉણપનું કારણ એ છે કે **પબ્લિક લોકોની રાયનું પાલન તથા અનુસરણ કરે છે અને લોકોની રાયને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત પર અગ્રતા આપે છે.** એટલે સુધી કે હવે જો કોઈ સુન્નત પર અમલ પણ કરે છે તો કેવળ એટલા માટે કે ફલાણો માણસ આવું કરે છે (એવું કહેવડાવવા) નહીં કે આવું કરવામાં હુઝૂરનું અનુસરણની





ભાવના છે. (ઈલ્લા માશાઅલ્લાહ) અથવા ફેશનના રૂપે કે આજે દા.ત. દાઢી રાખવાનો રિવાજ થઈ રહ્યો છે.

## ★ દુઆનું કબૂલ ન થવું ★

દુઆઓ કબૂલ ન થવું પણ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેશનગોઈ છે. પહેલાં દુઆ કરતા હતા તો તેમની દુઆઓ કબૂલ થતી હતી પછી ઈજાબત (કબૂલ થવાને) ઉઠાવી લેવામાં આવ્યું અને કેવળ રમઝાન શરીફના મહીનામાં, મક્કા મોઅઝ્ઝમાની પાસે અને અરફાતમાં દુઆઓની અસર થતી રહી, પછી એ ક્રમ તદ્દન ઉઠાવી લેવામાં આવ્યો અને હવે દુઆની અસર નથી થતી. આપણે અલ્લાહથી ભલાઈનો સવાલ કરીએ છીએ. (આમીન) આખરી ચીજ જે હવે બાકી છે તે એ કે આપણે કુર્આને કરીમથી શફાઅતના તાલિબ થઈએ. અલ્લાહ આપણને એની બરકત અને એના પર અમલથી મેહરૂમ ન રાખે અને એના દામનથી આપણો તઅલ્લુક કાયમ રાખે. (આમીન) બેશક ! અલ્લાહ કરીમ છે, વહ્હાબ છે, હલીમ છે, રહીમ છે.

પાછલા પૃષ્ઠોમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ રજુ થઈ ચૂકી છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : "આખર જમાનામાં એવા લોકો આવશે જેમના ચહેરા માણસો જેવા હશે અને તેમનાં દિલો શૈતાનોનાં દિલોની જેમ હશે. તેમનાં દિલોમાં રહમતનો કોઈ હિસ્સો હશે નહીં. એટલે સુધી આપે ફર્માવ્યું કે, "તેમનામાં જે સહનશીલ છે તે ગમુરાહ હશે તેમનામાં જેઓ સારી વાતોનો હુકમ આપવાવાળા હશે તેઓ બદ્અમલ હશે, મો'મિન તેમનામાં કમજોર હશે, ફાસિકનું સન્માન કરવામાં આવશે, સુન્નતને બિદઅત (નવી ચીજ) માનશે, તે વખતે એ લોકો પર બદ્માશ લોકોને સવાર કરી દેવામાં આવે છે. તેમનામાંથી નેક લોકો દુઆ કરશે તો દુઆ કબૂલ થશે નહીં."

અબૂ નુઐમે હઝરત અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "લોકો પર એવો જમાનો આવશે જેમાં મો'મિન (કામિલ) લોકો માટે દુઆ કરશે તો તેને અલ્લાહ ફર્માવશે, કેવળ તારા માટે દુઆ કર ! હું કબૂલ કરીશ. બાકી રહ્યા લોકો ! તો હું તેમના પર નારાજ છું." મો'મિનથી મુરાદ અહીં કામિલ મો'મિન છે. વલ્લાહુ અઅ્લમ.

## ★ નવી સંસ્કૃતિ ★

સૌથી અજીબ ચીજ જે આ દોરમાં જાહેર થઈ તે એ છે કે મર્દો ઔરતોની જેમ થઈ ગયા છે અને સ્ત્રીઓ મર્દોની જેમ છે. **આજનો નવયુવાન દરેક સવારે ઉઠીને પહેલુ કામ એ જ કરે છે કે તે પોતાની દાઢીને મુંડે છે ! તેને જાત જાતનાં હેરઓઈલ તથા ખુશબોદાર ક્રીમો વડે ચમકાવે છે, જેમ કે સ્ત્રીઓ કરે છે,** કેટલાક પોતાનાં ભ્રવાં નાનાં કરે છે, કમાન જેમ બનાવે છે, મોટા ભાગના પોતાના ગાલો પરના વાળોને ઉખેડી નાખે છે, માથાના વાળોમાં જાત જાતના અત્તરો તથા ખુશ્બુઓ લગાડે છે. સ્ત્રીઓની જેમ વાળોમાં કાંસકી કરીને તેને આધુનિક ફેશન પ્રમાણે ઢાળીને સ્ત્રીઓને પણ પાછળ પાડી દે છે ! જ્યારે ઘરથી બહાર જાય છે તો પ્રથમ કલાકો પોતાના શણગાર પાછળ લગાડે છે, હાથમાં કંગનની જેમ સોનાની ઘડિયાળ હોય છે. (અને હવે તો હાથમાં સોના ચાંદીની બંગડી, લોકીટ તથા ગળામાં સોના ચાંદીની હેર તથા હાર, કાનમાં ઈયર રીંગ વગેરે તદ્દન બૈરીઓ જેમ જોવા મળે છે. *–ગુજરાતી અનુવાદક*) અમુક એવા છે કે જેઓ માથાના વાળો પર ઔરતોની જેમ જાળ પણ લપેટી લે છે. એ જ સ્થિતિ લિબાસની પણ છે કે સાહબઝાદા જોવામાં સાહબઝાદી જ લાગે છે !

અને એ જ હાલ ઔરતોનો છે કે તેણીઓ લિબાસમાં, બુટોમાં, નોકરીઓમાં સમાચારપત્રો, મેગેઝિનો લખવામાં, રાજકરણમાં અને ઘણી બીજી ચીજોમાં મર્દોની સમાન થઈ ગઈ છે. (ખબર નથી પડતી કે આ કોઈ છોકરી જઈ રહી છે કે છોકરો !) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એની ખબર આપી અને ફર્માવ્યું કે એ પણ કિયામતની નિશાની છે. જેમ કે અબૂ નુઐમે હિલ્યામાં હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "કિયામતની નિશાનીઓમાંથી છે કે પુરૂષો સ્ત્રીઓની મુશાબેહત (સામ્યતા) કરી લેશે અને સ્ત્રીઓ પુરૂષોની મુશાબેહ (ના જેવી) થઈ જશે."

## ★ સમયના આલિમોનો ફસાદ (વિખવાદ) ★

હાકિમે તારીખે નીશાપૂરમાં કહ્યું, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે :–





રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : "નજીકમાં જ લોકો પર એવો જમાનો આવશે જેમાં કુર્આનનું કેવળ લખવું અને ઈસ્લામનું કેવળ નામ બાકી રહી જશે. લોકો ઈસ્લામનું નામ લેશે પરંતુ એનાથી ખૂબ દૂર હશે. તેમની આબાદ મસ્જિદો હિદાયતથી વિરાન હશે. તે સમયના ફકીહો આસ્માનની નીચે બુરા ફકીહો હશે, તેમના જ તરફથી ફિતનો નીકળી અને તેમના જ તરફ પલટશે."

તિબ્રાનીએ કહ્યું, હઝરત અબૂ ઓમામાથી મરવી છે :–

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : મારી ઉમ્મતના કેટલાક લોકો એવા હશે જેઓ જાત જાતનાં ભોજનો આરોગશે, વિવિધ પ્રકારનાં શરબતો પીશે, વિવિધ રંગી કપડાં પહેરશે અને વાતો વધી ચઢીને કર્યા કરશે. એઓ મારી ઉમ્મતના બુરા લોકો છે." (આ વિષયમાં પુષ્કળ પ્રમાણમાં હદીષો મૌજૂદ છે પણ લખાણને ટૂંકાવતાં આટલાથી સંતોષ માનીએ છીએ.)

## ★ કુર્આન તથા સુન્નતની વિરૂધ્ધ ફૅસલા ★

એક વસ્તુ જે વર્તમાનકાળમાં સામાન્ય થઈ ચૂકી છે તે એ છે કે લોકોએ કુર્આન તથા હદીષથી મુખ ફેરવી લીધું છે. શરીઅત પર અમલ ત્યજવામાં આવી ચૂક્યો છે, લોકોની રાયને મહત્વ આપવામાં આવે છે અને સ્થિતિ એવી છે કે જે અમલ પણ કરવામાં આવે છે તે ગુમાન પર કરવામાં આવે છે. એના બારામાં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી છે જેમ કે તિબ્રાનીમાં હુઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"કિયામત રચાશે નહીં ત્યાં સુધી કે કિતાબુલ્લાહને શરમજનક સમજવામાં આવશે, જમાનો આપસમાં નિકટ થઈ જશે, મહોબ્બત તથા ખુલૂસ ઘટી જશે, અપ્રમાણિકોને અમીન બનાવવામાં આવશે, અમીનો પર આક્ષેપ લગાડવામાં આવશે, જૂઠાને સાચો કહેવામાં આવશે અને સાચાને જૂઠો કહેવામાં આવશે, લૂટમાર કત્લની અધિકતા હશે, બગાવત, હસદ અને કીનો વધી જશે, લોકો વિવિધ બાબતોમાં મતભેદ રાખશે, ઈચ્છાઓનું અનુસરણ (પયરવી) કરવામાં આવશે, ગુમાન પર ફૅસલો થશે ઈલ્મ ઉઠાડી લેવામાં આવશે, જેહાલત વધશે."

"ગુમાન પર ફૈસલો થવો" એ જ ચીજ છે જેને આજે લોકો ફિકહનું નામ આપે છે. આજે જો કોઈ શખ્સ આખી પૃથ્વી પર શોધે તો બહુ જ જુઝ મુફતી એવા મળે જે તદ્દન સુન્નતથી ફત્વો આપે. નહીં તો મોટા ભાગના પોતાના ગુમરાહ કરનાર ઈમામોના કથનો તથા ઈજતેહાદથી ફત્વો આપે છે. એ જ પ્રકારની વાત ઈબ્ને વદઅબે નકલ કરી છે. લખે છે કે, "ખલ્લાદ ઈબ્ને સુલૈમાને કહ્યું, મેં અબૂ સમઅ દરાજથી સાંભળ્યું. ફર્માવે છે, "લોકો પર નજીકમાં જ એવો જમાનો આવશે કે જો કોઈ શખ્સ ખૂબ જ જાડો તાજો ચરબીનો ગટ્ઠો બનીને શહરે શહેર ફરશે તો જ્યારે તે પાછો આવશે તો કમજોર થઈ ચૂક્યો હશે, પરંતુ એવો કોઈ મુફતી શોધી શકશે નહીં જે સુન્નતનો આમિલ હોય, બલ્કે તેને જે પણ મુફતીઓ મળશે તેઓ ગુમાન પર અમલ કરનાર હશે. એટલે કે પોતાની એ અંગત રાયને તેઓ ફિકહ કહેશે. આજે લગભગ એવું છે.

અમુક લોકોનો તરીકો એ બની ગયો છે કે કુર્આન તથા સુન્નતથી જે ચીજ અને દલીલ તેમના મતલબની હોય છે તેને લે અને કુર્આન તથા એક હજાર હદીષો તેમની રાયની વિરૂધ્ધ જોવા મળતી હોય તો સૌમાં ગલત તા'વીલો કરે છે અને જો કોઈ તા'વીલ પણ ન ચાલી શકે તો તેને કશીય તા'વીલ તથા બહાના વિના ઉઘાડે છોગે દૂર કરી દે છે, અને કહે છે કે એ અમારો મઝહબ એનાથી વિપરીત છે, આપણા ઈમામે એને નથી લીધું ! આ સંજોગોમાં કુર્આન કુર્આન ન રહ્યું અને હદીષ હદીષ ન રહી બલ્કે (મઆઝલ્લાહ) ગુમરાહીનો એક ખજાનો બની ગયો કે જે એના પર અમલ કરે છે તો તુરત જ તેના બિદઅતી હોવાનો ફત્વો જડી દે છે અને કહે છે કે આ લોકો ગુમરાહ છે ! હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એના બારામાં ઈર્શાદ ફર્માવ્યો છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

مابال اقام يشرفون المترفين ويستخفون بالعابدين

ويعلو بالقرآن ماوافق اهواء هم وما خالف اهواء هم

تركوه، فعند ذالك يؤمنون ببعض ويكفرون ببعض

"તે લોકોનો શો હાલ થશે જેઓ હલાક કરનારાઓની તો ઈજ્જત કરશે અને ઈબાદત કરનારાઓને ઝલીલ સમજશે. કુર્આનથી જે તેમની





રાય (મંતવ્ય) પ્રમાણે હશે તેના પર અમલ કરશે અને જે તેમની ઈચ્છાથી વિપરીત હશે તેને છોડી દેશે. તો તે વખતે તેઓ અમુક પર ઈમાન રાખશે અને અમુક પર કુફ્ર કરશે."

કેટલાક એવા બદ્‌બખ્ત પણ થઈ ગયા છે કે જેમણે એવું કહ્યું કે રસૂલુલ્લાહના કૌલને હું મારા પગ નીચે રાખુ છું ! અને જે મારા મિત્રએ કહ્યું તેને માથા પર રાખું છું. અલ્લાહ આવા લોકોને બેઈજ્જત કરે.

### ★ નેઅમતોનો ઉલ્લેખ ★

અલ્લાહનો હજાર હજાર શુક્ર તથા એહસાન છે કે આપણે તે જમાઅતમાં છીએ જેના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "મારી ઉમ્મત ગુમરાહી પર એકત્ર થઈ જશે પણ એક જમાઅત હક્ક પર કાયમ રહેશે અને હક્ક પર અમલ કરતી રહેશે ત્યાં સુધી કે કિયામત આવી જશે." *(મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૪૯)*

એક અન્ય જગાએ ઈર્શાદ ફર્માવ્યો કે, "તે ફિત્નાઓના જમાનામાં કિતાબુલ્લાહ પર છુપાઈને તથા એલાનિયા અમલ કરનારાઓ માજીના પ્રથમ લોકોમાંથી છે." અલ્હમ્દુલિલ્લાહ ! આપણે એ જ જમાઅતમાંથી છીએ.

## ✪ અંતમાં થોડોક વધારો ✪

(અઝ : ઉર્દૂ અનુવાદક)

### ★ ટાઈપ રાઈટર, ટેલી પ્રિન્ટર અને બોલપેન ★

પાછલા પૃષ્ઠોમાં હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما ની રિવાયત રજુ થઈ ચૂકેલી છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

ان من اشراط الساعة ان يظهرالقلم

"કિયામતની નિશાનીઓમાંથી કલમનું જાહેર થવું પણ છે." *–(મુસ્નદે અહમદ)*

અમ્ર ઈબ્ને તગ્લુબની હદીષમાં આ પ્રમાણેના શબ્દો છે જેને નિસાઈએ રિવાયત કરી :–

ان من اشراط الساعة ان يفشوا التجارةويظهرالعلم

''કિયામતની નિશાનીઓમાંથી એ છે કે વેપારની અધિક્તા થશે અને ઈલ્મ જાહેર થશે.'' (નિસાઈ, ભાગ–૨, પેજ–૧૮૭, ઈબ્ને મુબારકની રિવાયતમાં ''મઝ્હરુલ્ કલમ'' છે. જુઓ આ જ કિતાબના પાછલાં પુષ્ઠો)

આ હદીષોથી જેવી રીતે ફાઉન્ટન પેન મુરાદ છે ત્યાં બોલ પેન એ જ ગૃપમાંથી આવે છે, જેમાં શાહી પૂરવાની પણ જરૂરત રહેતી નથી અને એ ફાઉન્ટન પેનથી પણ વિશેષ મકબૂલ થઈ છે. અને દરેક વ્યક્તિના ખિસ્સામાં કે બેગમાં જાત જાતની રંગબેરંગી કેટલીયે બોલપેનો જોવા મળે છે. એ જ હદીષોથી ટાઈપરાઈટર અને ટેલીપ્રિન્ટરની સાબિતી પણ મળે છે જ્યાં ન કલમની જરૂરત છે ન કાતિબની જરૂર છે, આંગળીઓના ઈશારા વડે ઈન્સાની લખાણ કરતાં પણ વધારે ઝડપી તથા સાફ ટાઈપ કરી દે છે. બલ્કે ટેલી પ્રિન્ટર જેમાં માણસની જરૂરત પણ નથી હોતી, કેવળ વીજળી થકી દૂર દરાઝની ખબરો અંગ્રેજી, ઉર્દૂ તથા અરબીમાં (તથા અન્ય ભાષાઓમાં) દિવસ રાત છાપ્યા કરે છે અને લગભગ દરેક વર્તમાન પત્રની ઓફીસમાં હોય છે. પહેલાં ઉર્દૂમાં એ આટલુ આમ ન હતું પરંતુ હાલમાં જ પાકિસ્તાનમાં ઉર્દૂ પર અઝીમુશ્શાન કામ શરૂ થયું છે તેના કારણે ઉર્દૂમાં પણ આ ક્રમ શરૂ થઈ ચૂક્યો છે. અને હવે અમુક ઉર્દૂ અખ્બારો પણ ટેલી પ્રિન્ટરના થકી પ્રિન્ટીંગના કામો કરે છે.

આ ટાઈપ રાઈટર પહેલાં કેવળ અંગ્રેજીમાં મળતાં હતાં, પરંતુ ઉર્દૂ અને અરબીનાં પણ ટાઈપ રાઈટર શોધાયાં અને તેની એટલી અધિક્તા છે કે કોઈ ઓફીસ એના વિના ખાલી નથી, એટલે સુધી કે કચેરી તથા પોસ્ટઓફીસની આસપાસ લોકો એને લઈને બેસી રહે છે અને અરજીઓ ટાઈપ કરીને પોતાની રોજી કમાય છે અને એ જ ટાઈપ રાઈટર થકી સંકડો ટાઈપિસ્ટ રોજી કમાય રહ્યા છે જેથી આ હદીષથી ટાઈપ રાઈટરનો ઉલ્લેખ પણ મળે છે.

એના સમર્થનમાં અમ્ર ઈબ્ને તગ્લુબની હદીષના શબ્દો આ પ્રમાણે છે: ويلتمس فى الحى العظيم الكاتب فلا يوجد ''અને મોટા મોટા





કબીલાઓમાં પણ શોધવા છતાં કાતિબ મળશે નહીં.''

પાછલા હદીષની શરહ કરનારાઓએ એનાથી મુરાદ એ લીધું છે કે અદ્લો ઈન્સાફને લખવાવાળો કોઈ ''કાતિબ'' મળશે નહીં, જો કે એ પણ સહીહ છે, પરંતુ હકીકતમાં એ ટાઈપરાઈટર, ટેલી પ્રિન્ટર, કોમ્પ્યુટર, અને ઈલેક્ટ્રોનિક કમ્પોઝિંગની તરફ નિર્દેશ છે કે એના શોધાયા પછી કાતિબ (કિતાબત કરનારા) ખૂબ જ ઓછા રહી ગયા છે એટલે સુધી કે યૂરોપી તથા પશ્ચિમી દેશોમાં તો ઉર્દૂનો કોઈ કાતિબ મળતો જ નથી એટલે જે કિતાબની કળાથી વાકેફ હોય અને ઉર્દૂ લખે, અંગ્રેજીના કાતિબો ત્યાં પહેલેથી નહિંવત છે. પાકિસ્તાન તથા હિંદુસ્તાનમાં કાતિબોની સંખ્યા જોવા મળે છે પણ વાસ્તવમાં કેટલીક જગાએ આ દેશોમાં પણ કાતિબ નથી મળતા અને લોકો કાતિબોને ઢુંઢતા ફરે છે. અને હવે ઉર્દૂ ટેલી પ્રિન્ટરની શોધ પછી (કોમ્પ્યુટરમાં ઉર્દૂ સોફટવેરની શોધ પછી) સાબિત થઈ ગયું કે હકીકતમાં આ હદીષ આ જ તરફ નિર્દેશ કરે છે.

## ★ એરકંડિશન્ડ રેલગાડી તથા બસો ★

કુર્આને કરીમની આયત–૮, સૂરએ નહ્લનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તબારક વ તઆલા લોકોની સવારી તથા સજાવટના માટે અમુક સવારીઓ પેદા કરશે. (જેનો ઉલ્લેખ આ કિતાબમાં થયેલો છે.)

આ આયતમાં આરામદાયક સહુલતના ઉલ્લેખમાં એરકંડિશન્ડ ટ્રેનો તથા બસો પણ આવી જાય છે, જેમાં ઉમદા બેઠકો અને નહાવા ધોવાની તથા શણગારની સામગ્રી મયસ્સર હોય છે.

## ★ વિગનો ઉપયોગ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

على رؤسهن كأسنمة الجب اروجاف ''તે સ્ત્રીઓનાં માથાંઓ પર કમજોર ઊંટની ખાંધની જેમ કોઈ ચીજ હશે.'' (એનો ઉલ્લેખ પાછળ થયેલો જ છે.)

આ હદીષ જેમાં હેટનું વર્ણન છે તેનાથી ''વિગ'' પણ મુરાદ થઈ શકે છે. જે નકલી વાળોનો ગુચ્છો હોય છે. જે આજકાલ સામાન્યતઃ મળી

રહી છે. એનો ઔરતો સિવાય પુરૂષો પણ ઉપયોગ કરે છે.

## ★ ડોલ્ફિન માછલી ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''કિયામત કાયમ થશે નહીં જ્યાં સુધી જંગલી જાનવરો માણસ સાથે વાત ન કરે.'' *(તિર્મિઝી, મુસ્તદરક, પાછલાં પુષ્ઠોમાં એનું વર્ણન છે.)*

આ હદીષથી સરકસનાં જાનવરો અને જાસૂસી કૂતરા પણ લેવામાં આવેલ છે જે માણસની વાતચીત તથા ઈશારાઓને સમજે છે. પરંતુ એનાથી પણ વધુ સ્પષ્ટ તે જાનવર છે જે ''ડોલ્ફિન માછલી''ના નામથી મશ્હૂર છે. આ ખાસ પ્રકારની મોટી માછલી માણસો સાથે વાતચીત કરે છે. વૈજ્ઞાનિકોએ તેના ભાવાર્થો નક્કી કરી લીધા છે. આ માછલી માનવ મિત્રતાની અધિક સાબિતી એ રીતે આપે છે કે સ્ત્રીઓને પોતાના ઉપર બેસાડીને સમુદ્રમાં કેટલાયે માઈલ દૂર લઈ જાય છે પણ પાછી છોડી જાય છે.

## ★ સૂર્ય શક્તિ ★

પાછલી વિસ્તૃત ચર્ચામાં જેવી રીતે વીજળી વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આયતમાં અલ્લાહ તબારક વ તઆલાએ ''સૂરજને તકવીર''થી તા'બીર કર્યો છે. એટલે સૂરજની રોશનીને લપેટી દેવામાં આવે. એનાથી આ નવી વૈજ્ઞાનિક ટેકનિકની પ્રતિ નિર્દેશ છે કે જેના થકી સૂર્યની શક્તિ હાંસલ કરીને સૂરજ થકી જ બલ્બ તથા મશીનો ચલાવવામાં આવે.

## ★ આકાશ સાથે વાતો કરતી બિલ્ડિંગો ★

હુઝૂર ઈર્શાદ ફર્માવે છે : ظهرت الزينة فشرف البنيان ''સજાવટ જાહેર થશે અને ઈમારતોને મોઅઝ્ઝઝ્ બનાવવામાં આવશે.''

આજકાલ કેટકેટલા માળની ખૂબસૂરત બિલ્ડિંગો (ગગનચુંબી) બનાવવામાં આવી રહી છે જેને હવે બેહતરીન કારોબાર બનાવી લેવામાં આવ્યો છે અને તેની સજાવટ તથા ડેકોરેશન પર કશાય ખચકાટ વિના પુષ્કળ રૂપિયા વાપરવામાં આવી રહ્યા છે.

وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلاَغُ الْمُبِيْنُ


## ઈમાન અફરોઝ કિતાબો મંગાવો

| | |
|---|---|
| તોહફાએ નજાત *(ભાગ–૨)* | ૨૦.૦૦ |
| તોહફાએ નજાત *(ભાગ–૫)* | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત *(ભાગ–૬)* | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત *(ભાગ–૮)* | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત *(ભાગ–૯)* | ૬૦.૦૦ |
| તોહફાએ નજાત *(ભાગ–૧૦)* | ૫૦.૦૦ |
| રહનુમાએ હક્ક | ૫૦.૦૦ |
| જા અલ્ હક્ક *(ભાગ–૨)* | ૧૫.૦૦ |
| જા અલ્ હક્ક *(ભાગ–૩)* | ૨૦.૦૦ |
| જા અલ હક્ક *(ભાગ–૪)* | ૨૦.૦૦ |
| ઈમામ અહમદ રઝા | ૨૫.૦૦ |
| સુન્ની–દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | ૨૦.૦૦ |
| ઈલ્મેદીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિક્તા | ૨૦.૦૦ |
| પર્દો શા માટે ? | ૨૦.૦૦ |
| શીશ મહેલ | ૨૦.૦૦ |
| સ્ત્રી તથા પુરૂષ ઈસ્લામી રોશનીમા | ૧૫.૦૦ |
| ફેશનની બર્બાદીઓ | ૦૦.૦૦ |
| બદ્ અકીદગીથી બચો | ૦૦.૦૦ |
| અકાઈદે ઉલ્માએ દેવબંદ | ૦૫.૦૦ |
| મસ્લકે મુજદ્દિદ | ૦૦.૦૦ |
| ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબા | ૦૦.૦૦ |
| રૂહાની હિકાયતો *(ભાગ–૨)* | ૩૦.૦૦ |
| ફિલ્મી ગીતોની ભયાનક્તા | ૦૦.૦૦ |
| કાદયાનીને ઓળખો | ૦૦.૦૦ |
| ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત | ૦૦.૦૦ |

### ★ અન્ય સંસ્થાની કિતાબો ★

| | |
|---|---|
| ફયૂઝાને શરીઅત *(તમામ મસાઈલનો સમુહ)* | ૧૫૦.૦૦ |
| જિન્નાતની દુન્યા | ૫૦.૦૦ |
| અલ્લાહના પયગંબરો (ભા. ૧ થી ૪ સેટના) | ૨૦૦.૦૦ |

| | |
|---|---|
| મુકાશિફતુલ કુલૂબ | ૮૦.૦૦ |
| ભારતના દોસ્ત અને દુશ્મન | ૩૦.૦૦ |
| રહમતે ખુદા બ વસીલએ ઔલિયા | ૧૫.૦૦ |
| સલ્તને મુસ્તફા | ૧૫.૦૦ |
| મિન્હાજુલ આબેદીન | ૧૦૦.૦૦ |
| ખુત્બાતે નૂરી *(ભાગ–૧)* | ૨૦.૦૦ |
| શેરે રઝા | ૨૦.૦૦ |
| ઝિના ગુનાહે કબીરા | ૦૫.૦૦ |
| ઈસ્લામી પ્યારાં નામ ૧ | ૫.૦૦ |
| કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | ૩૦૦.૦૦ |
| નિકાહ રજીસ્ટર (૩ કોપીમાં) | ૧૬૦.૦૦ |
| બિદઅત અને બરૈલી ? | ૧૦૦.૦૦ |
| મો'મિનકી નમાઝ | ૬૫.૦૦ |
| જન્નતી ઝેવર | ૧૨૦.૦૦ |
| નૂરાની તા'લીમાત (દુઆ, સૂરતો પોકેટ સાઈઝ) | ૦૫.૦૦ |
| અત્યબુલ બયાન (તકવિયતુલ ઈમાનની રદમાં) | ૧૨૫.૦૦ |
| તા'લીમાતે જાને ઈમાન *(ખાસ મદ્રસા માટે)* | ૧૦.૦૦ |
| Noorani Talim (Set) ( 2 to 5 Part) | 100.00 |
| Wahabi & Deobandl Beliefs | 30.00 |
| Qanoon-E-Shariat (1-Part) | 70.00 |
| Conspiracy Against Islam | 15.00 |
| A Call for Justice | 10.00 |
| The Respect of Madina | 5.00 |
| Hajj and Umrah | 10.00 |

ઉપરાંત નૂરાની તા'લીમ, તા'મીરે અદબ વગેરે દર્સી કિતાબો મળશે.



**★ સંપર્ક સરનામુ ★**

**અંજુમને રઝાએમુસ્તફા-દયાદરા**

*C/o.* ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦.

ફોન : (૦૨૬૪૨)૨૮૨૯૧૧,૨૮૨૭૯૨

# સલામ બ બારગાહે ખૈરૂલ અનામ صلی اللہ تعالیٰ علیہ وسلم

બલગલ ઉલા બે કમાલેહી કશફદ્દોજા બે જમાલેહી
હસોનત જમીઓ ખેસાલેહી સલ્લુ અલૈહિ વ આલેહી

યે નવાઝિશેં યે ઈનાયતેં ગમે દો જહાં સે છુળા દિયા
ગમે મુસ્તફા તેરા શુક્રિયા હમે જીના મરના સીખા દિયા

મિટી ફિક્ર દિલ સે નજાત કી મિલી મૌત સે મુઝે ઝિંદગી
મેરી કબ્ર ખુલ્દ સે ભર ગઈ કે નબીને જલ્વા દિખા દિયા

ઈધર આઓ વકત કી ગર્દિશો મેરે દિલ મેં આકે પનાહ લો
ગમે ઈશ્ક શાહે હેજાઝ ને મેરે હોસલે કો બળ્હા દિયા

મિલી દીનોં દુન્યાકી નેઅમતેં મુઝે કયા ન મેરે ખુદા દિયા
મુઝે દી ગુલામીએ અવલિયા મુઝે ઈશ્કે ખૈરૂલવરા દિયા

તેરા નામ સુનકે મચલ ગયે તેરા નામ લે કે સંભલ ગએ
મેરે લમ્હે કેફ મેં ઢલ ગએ તેરે ઝિક્ર ને વો મઝહ દિયા

કભી ખ્વાબમેં તેરી દીદ હો તેરી દીદ હો મેરી ઈદ હો
દે મુઝે ભી જલ્વોંકી ભીક દે તેરે દર પે દામન બિછા દિયા

ઉઠે લાખ તુફાને બહરો બર કભી આંધિયોંને ઉઠાએ સર
ઉસે કોઈ ભી ન બુઝા સકા જો દીયહ્ નબીને જલા દિયા

મેરે દિલ મેં યાદે હુઝૂર હૈ મેરા દિલ ખઝીનએ નૂર હૈ
ઈસ નૂરે હુસ્ને હુઝૂર ને મેરા દિલ મદીના બના દિયા

★ ★ ★
★ ★
★





# ☆ સલામ ☆

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમ્એ બઝ્મેં હિદાયત પે લાખોં સલામ

શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ

હમ ગરીબોંકે આકા પે બેહદ દુરૂદ
હમ ફકીરોંકી ષરવત પે લાખોં સલામ

જિન્કે સજદે કો મેહરાબે કાબા ઝુકી
ઉન ભવોં કી લતાફત પે લાખોં સલામ

નીચી આંખોંકી શર્મો હયા પર દુરૂદ
ઉંચી બીની કી રિફઅત પે લાખોં સલામ

જિસસે તારીક દિલ ઝગમગાને લગે
ઉસ ચમક વાલી રંગત પે લાખોં સલામ

વો દહન જિસકી હર બાત વહીયે ખુદા
ચશ્મએ ઈલ્મો હિકમત પે લાખોં સલામ

વો ઝબાં જિસકો સબ કુન કી કુન્જી કહેં
ઉસ્કી નાફિઝ હુકૂમત પે લાખોં સલામ

જિસકી તસ્કીંસે રોતે હુએ હંસ પળેં
ઉસ તબસ્સુમકી આદત પે લાખોં સલામ

હાથ જિસ સમ્ત ઉઠા ગની કર દિયા
મૌઝે બહરે સમાહત પે લાખોં સલામ

નૂર કે ચશ્મે લહરાએં દરિયા બહે
ઉંગલિયોંકી કરામત પે લાખોં સલામ

ફુલ જહાં મિલ્ક ઔર જવકી રોટી ગિઝા
ઉસ શિકમકી કનાઅત પે લાખોં સલામ

ખાઈ કુર્આંને ખાકે ગુઝરકી કસમ
ઉસ કફે પાકી હુરમત પે લાખોં સલામ

કિસ કો દેખા યે મૂસાસે પૂછે કોઈ
આંખવાલોંકી હિમ્મત પે લાખોં સલામ

વોહ દસોં જિનકો જન્નતકા મુઝદા મિલા
ઉસ મુબારક જમાઅત પે લાખોં સલામ

એક મેરા હી રહમત પે દાવા નહીં
શાહ કી સારી ઉમ્મત પે લાખોં સલામ

કાશ ! મહશરમેં જબ ઉન્કી આમદ હો ઔર
ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ

મુઝ સે ખિદમત કે કુદ્સી કહેં હાં 'રઝા'
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ

**અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના**
**મુહમ્મદિંવ્ વઅલા આલે સૈયિદિના**
**મુહમ્મદિંવ્ વબારિક વસલ્લિમ.**

☆ ☆ ☆ ☆
☆ ☆ ☆
☆ ☆
☆





## અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાને તમે કઈ રીતે સહાયરૂપ થઈ શકો ?

(૧) **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.

(૨) **કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** સહાયરૂપ થઈ શકો છો

(૩) આપની **ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.

(૪) **રૂપિયા બસો ( રૂા. ૨૦૦/-) ''વાર્ષિક મેમ્બર''** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.

**નોંધ** : દરેક **મેમ્બર** તથા **ડોનરને** વરસભર છપાતી સર્વ કિતાબોમાં ફીમાં ઘરબેઠાં પોસ્ટથી પહોંચાડવામાં આવે છે તો આ લાભ મેળવવાનું ચૂકશો નહીં.

**આજીવન મેમ્બર બનવા ઈચ્છનાર કેવળ પાંચ હજાર (રૂા. ૫૦૦૦/-) મોકલી બની શકે છે.**

(૫) કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.

(૬) **ખાસ તો કિતાબો વાંચીને-વંચાવીને તેના પર અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.

**આજે જ સંપર્ક કરો**

અંજુમને રઝાએ મુસ્તફા, C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા,** તા. જિ. : ભરૂચ,
ફોન નં. (૦૨૬૪૨-૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧)

**જરૂરી નોંધ** : જો તમે **મેમ્બર** કે **ડોનર** હોઉ અને તમને કોઈ કિતાબ ટપાલ ખાતાના વાંકે ન મળે તો અમને તમારો રસીદ નં. તથા રસીદ બન્યા તારીખ લખીને જણાવશો તો ફરીથી રવાના કરીશું. (ઈન્શાઅલ્લાહ !)